21322

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતનું ગોધન

[ગુજરાતનાં પશુઉછેર ક્ષેત્રોની તપાસ]

કમલાપતિ અંબાલાલ શુક્લ

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

૫૩૩ ગ
૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... ५३२१/१

पञ्जिका संख्या..... 26332

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

26322
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મહાદેવ દેસાઇ સ્મારકમાળા પુ. ૨

ગુજરાતનું ગોધન

[ગુજરાતનાં પશુઉછેર ક્ષેત્રોની તપાસ]

પુસ્તક નં.....
ભાગ નં.....
તિથિ.....

કમલાપતિ અંબાલાલ શુક્લ

CHECKED 1973
Initial

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૯
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૧,૦૦૦

સવા રૂપિયો

ફેબ્રુઆરી, ૧૯૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

શ્રી મહાદેવ દેસાઈ સ્મારક ટ્રસ્ટની મદદથી વિદ્યાપીઠમાં શ્રી મહાદેવ દેસાઈ સ્મારક સમાજસેવા મહાવિદ્યાલય ઈ. સ. ૧૯૪૭ થી ચાલે છે. ત્રણ વરસનો તેનો અભ્યાસક્રમ છે. તેમાં છેલ્લા વર્ષમાં, પોતાના અભ્યાસના એક વિષય તરીકે, તેના વિદ્યાર્થીઓને પોતે પસંદ કરેલા કોઈ એક પ્રશ્નની તપાસ કરી તે ઉપર નિબંધ લખવાનો હોય છે. તેવા નિબંધોમાંથી છપાવવા યોગ્ય નિબંધો આ માળામાં પ્રસિદ્ધ કરવાની યોજના થઈ છે, તે મુજબ આ નિબંધ પ્રસિદ્ધ કરવામાં આવે છે. ભાઈ કમલાપતિ શુક્લ સને ૧૯૫૦માં સ્નાતક થયા, તે અંગે આ નિબંધ તેમણે તૈયાર કર્યો હતો. તેમના માર્ગદર્શક તરીકે સાબરમતી આશ્રમ ગોશાળાના પશુચિકિત્સક શ્રી મુકુંદરાય ત્રિવેદી હતા અને મુખ્ય પરીક્ષક તરીકે છારોડી ફાર્મના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી કૃષ્ણલાલ શુક્લ હતા. બંનેએ નિબંધને પાસ કરી બીજી શ્રેણીને લાયક ગણ્યો હતો અને કેટલાક સુધારાવધારા સાથે છપાવવા યોગ્ય માન્યો હતો. તેમની સૂચના મુજબ તેમાં જરૂરી સુધારાવધારા કરીને તે બહાર પાડવામાં આવે છે. આશા છે કે, ગુજરાતની ગોઉછેરની પ્રવૃત્તિ સમજવા માટે અને ગોસેવાના પ્રશ્નનો સામાન્ય ખ્યાલ મેળવવા માટે, આ વિષયના વિદ્યાર્થી ઉપરાંત સામાન્ય વાચકને પણ તે ઉપયોગી થશે. નિબંધને અંતે કોષ્ટકો અને માહિતી આપવામાં આવ્યાં છે તે પુસ્તકની ઉપયોગિતા વધારવામાં અવશ્ય મદદરૂપ થશે.

આ માળામાં હવે પછી 'મજૂર કલ્યાણ પ્રવૃત્તિ' પરનો નિબંધ પ્રસિદ્ધ કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન	૩
૧. જગન્માતા ગાય	૩
૨. ભારતનું પશુધન	૬
૩. ગુજરાતનું પશુધન	૧૦
૪. ભારતના ગોવંશો	૧૩
૫. ગુજરાતના ગોવંશો	૧૭
૬. પશુઉછેર ક્ષેત્ર	૨૬
૭. ગુજરાતનાં પશુઉછેર ક્ષેત્રો (ઇતિહાસ અને માહિતી)	૪૧
૮. ગુજરાતનાં પશુઉછેર ક્ષેત્રો (શાસ્ત્રીય વિકાસ)	૬૦
૯. ભેંસે લીધેલું ગાયનું સ્થાન	૬૫
૧૦. પશુઉછેર અંગે વિવિધ કામ કરતી સંસ્થાઓ	૭૧
૧૧. પશુવિજ્ઞાનના શિક્ષણની અગત્ય	૭૭
૧૨. સરકારી યોજના	૮૧
૧૩. ગુજરાતના પશુપાલકોનો પ્રશ્ન	૮૪
૧૪. ઉપસંહાર	૮૬

પરિશિષ્ટો

૧. ગાયના દૂધમાં સમાયેલાં તત્ત્વો	૯૪
૨. ખાદ્ય પદાર્થોની દૂધ સાથે સરખામણી	૯૫
૩. ભારતના ગોવંશો	૯૬
૪. દુનિયાના કેટલાક દેશોની દૂધની ઉપજ અને વપરાશ	૯૭
૫. ફળ્યા પછી ગાય ક્યારે વિયાય ?	૯૮
૬. સમયપત્રક	૯૮
૭. ખાણદાણનું પ્રમાણ	૯૯
૮. હિંદની પશુસંખ્યા	૧૦૦
૯. ગુજરાતનું પશુધન (સને ૧૯૫૦)	૧૦૧
૧૦. ગૌશાળાની તપાસ અંગે પ્રશ્નાવલી	૧૦૨
ઉપયોગમાં લીધેલાં પુસ્તકોની યાદી	૧૦૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતનું ગોધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

જગનૂમાતા ગાય

गावः प्रतिष्ठा भूतानाम् गावः स्वस्त्ययनं महत् ।
गावो भूतं च भव्यं च गावः पुष्टिस्सनातनी ।।

— ધર્મશાસ્ત્ર

"ગાય જ હિન્દુસ્તાનમાં માણસનો સૌથી સાચો સાથી – સૌથી મોટો આધાર હતી. એ જ એક હિન્દુસ્તાનની કામધેનુ હતી. તે માત્ર દૂધ આપનાર જ ન હતી, આખી ખેતીનોયે આધારસ્તંભ હતી."

— ગાંધીજી

છેક પ્રાચીન કાળથી મનુષ્યોની જરૂરિયાતો પૂરી પાડવામાં ગાય મહાન ફાળો આપતી આવી છે. વળી ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં તો આર્થિક દૃષ્ટિએ પણ તેણે ઘણો મોટો ફાળો આપ્યો છે. આર્ય યુગમાં તો લોકોની ધનસંપત્તિ ગાયોની સંખ્યા ઉપરથી જ અંકાતી. વિનિમયના સાધન તરીકે પણ તેનો જ ઉપયોગ થતો અને હજારો ગાયોની વ્યવહારમાં આપલે થતી. આમ જીવનવ્યવહારનું એક મહત્ત્વનું અંગ હોવાના કારણે લોકો તેને પૂજ્યભાવથી જોતા; અને આ પ્રકારનો પૂજ્ય-ભાવ પ્રાર્થનામાં પણ "मातरः सर्वभूतानाम् गावः सर्वसुखप्रदाः", "नमो गोभ्यः श्रीमतिभ्यः सौरभेयीभ्य अेव च । नमो ब्रह्मसुताभ्यश्च पवित्राभ्यो नमो नमः ।" વગેરે દ્વારા વ્યક્ત કરતા.

કવિકુલગુરુ કાલિદાસે પોતાના રઘુવંશ મહાકાવ્યમાં દિલીપ રાજાની કથા વર્ણવી છે અને તેમાં પોતાના ગુરુની નંદિની ગાય પ્રત્યેની દિલીપની ભક્તિનું વર્ણન કરેલું છે, જેમાં તેણે ગાયને માટે પોતાના પ્રાણનું સમર્પણ કરવાની ઇચ્છા બતાવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બ્રાહ્મણની ગાયને ન બચાવી શકવાના કારણે અર્જુનને બાર વર્ષ વનવાસ ભોગવવો પડ્યાનું વર્ણન પણ મહાભારત કાવ્યમાં આવે છે.

વેદકાળમાં પણ ગાયનું કેટલું મહત્ત્વ હતું તે નીચેના શ્લોક પરથી સમજાશે :

अन्नाद् भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद् भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ।।
(ગીતા ૩–૧૪)

અર્થ :–સંસારનાં સર્વ પ્રાણીઓ અન્ન વડે જીવે છે; અન્ન વર્ષાથી ઉદ્ભવે છે; વર્ષા યજ્ઞ વડે થાય છે અને યજ્ઞ કર્મ વડે થાય છે.

વેદકાળમાં આપણા ભારતવર્ષમાં યજ્ઞની મહત્તા અપાર હતી. પણ યજ્ઞ વગેરે ખાસ કરીને પંચગવ્ય વગર થવું અસંભવ હતું. એવું ગાયનું મહત્ત્વ હતું.

વૈદિક સાહિત્યના અભ્યાસી શ્રી મેકડોનલે ગાયના વિષયમાં વેદ સાહિત્યમાં ૫૦૦ જેટલા ઉલ્લેખો છે એમ નોંધ્યું છે; અને વેદનું ગોસૂક્ત તો પ્રસિદ્ધ છે જ.

'ગો'નો અર્થ ગાય, પૃથ્વી, ઇન્દ્રિય, કિરણ, વગેરે થાય છે. ગાય વડે યજ્ઞ, યજ્ઞ વડે વર્ષા, વર્ષા વડે ખેતી, અને ખેતીથી સંસારનો નિર્વાહ થાય છે. આમ આર્ય સંસ્કૃતિનું મૂળ જ ગાય છે. આજે પણ જોઈએ તો ગાય વડે જ ખેતી, ખેતી વડે જ ગાય અને આ બન્ને ઉપર જ આપણા જીવનનો આધાર રહેલો છે. એટલે જ વેદોમાં "माता रुद्राणां दुहिता वसूनां स्वसाऽऽदित्यानाम् अमृतस्य नाभिः" અર્થાત્ રુદ્રોની માતા, વસુઓની પુત્રી, આદિત્યોની બહેન અને પીયૂષનાભિ વગેરે કહી ગાયનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યું છે.

પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ ગાયને "રિદ્ધિસિદ્ધિની જનની" (Cow the mother of prosperity) અથવા "મનુષ્ય જાતિની ધાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતા" (Foster mother of mankind) કહીને સન્માની છે અને તેનું મહત્ત્વ બતાવ્યું છે.

મુસ્લિમ શાસનમાં પણ ગાયને દેશનું એક મહત્ત્વનું અંગ માનવામાં આવતું. તેની કતલને શાહી ફરમાનથી બંધ કરવામાં આવ્યાનો દાખલો ઇતિહાસપ્રસિદ્ધ છે.* ભોપાળ રાજ્યના પુસ્તકાલયના પુરાતત્ત્વ વિભાગમાં મુગલ શાસન દરમિયાનના કેટલાક દસ્તાવેજો અને ફરમાન સાચવી રાખવામાં આવ્યાં છે. તેમાં બાદશાહ બાબરે ગાયની કતલ બંધ કર્યાનું શાહી ફરમાન અદ્યાપિ વિદ્યમાન છે. એવા જ પ્રકારનું બીજું એક અકબર બાદશાહનું ફરમાન પણ છે. તેમાં ગાયની કતલ કરનારને મૃત્યુદંડની સજા ફરમાવી છે.

આ સિવાય ઇજિપ્શિયન, ગ્રીક, રોમન વગેરે સંસ્કૃતિઓમાં પણ ગાયનું સ્થાન પૂજ્ય ગણાયું છે. બૌદ્ધ સાહિત્યમાં પણ ગોરક્ષણ અને તેના પાલનનું મહત્ત્વ કોઈથી અજાણ્યું નથી. દેવાનાં પ્રિય પ્રિયદર્શી અશોકની ગોરક્ષણની રાજાજ્ઞાઓ પણ ઇતિહાસપ્રસિદ્ધ છે. તેણે મુકાવેલા કીર્તિસ્તંભમાં આલેખાયેલી વૃષભની આકૃતિ જોતાં તેનો ગોપ્રેમ જણાઈ આવે છે.

પણ આજે આપણે ગાયનું મહત્ત્વ ભૂલ્યા છીએ. તેથી કરીને આપણી પડતી થઈ છે. જ્યારે ગાય ઉન્નત હતી ત્યારે આપણે પણ ઉન્નત હતા. તેની ઉન્નતિ આપણે જ્યારે કરીશું ત્યારે જ આપણી ઉન્નતિ પણ પુનઃ થશે.

"वन्दे मातरम्"માં માતરમનો અર્થ જન્મભૂમિ જ લેવાય છે. પણ ભૂમિ અને ગો બન્ને મળીને જ માતા કહેવાય છે, તે આપણે જાણી લેવું જોઈએ. જેમ અશ્વિનીકુમાર, દમ્પતી, માબાપ વગેરે દ્વંદ્વસૂચક છે તે જ મુજબ ભૂમિ અને ગાય દ્વંદ્વસૂચક છે. (વ્યાકરણમાં નહિ પણ વ્યવહારમાં) એટલે वन्दे मातरम्માં मातरम्નો અર્થ ભૂમિ

* શ્રી કૃષ્ણલાલ મોહનલાલ કૃત "Imperial Farmans" નામનું પુસ્તક જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગો એમ બન્ને લેવા જોઈએ. કારણ ભૂમિ વગર ગાયનું અસ્તિત્વ નથી અને ગાય વગર ભૂમિ પણ કેવી? એક અંગ્રેજી ઉક્તિ "No cow without plough and no plough without cow" (હળ વિના ગાય નહિ અને ગાય વિના હળ નહિ.) પણ આ કથનને સમર્થન આપે છે. વળી ગાય અને ભૂમિની ઉન્નતિમાં જ મનુષ્યોની ઉન્નતિ રહેલી છે. એટલે જગનમાતા ગાયની ઉન્નતિમાં જ આપણી ઉન્નતિ છે. તે સાધવા આપણે સત્વર પ્રયત્નો આદરવા જોઈએ.

૨

ભારતનું પશુધન

ગુજરાતના પશુધનનો ખ્યાલ આપતા પહેલાં ભારતની તે સંબંધીની પરિસ્થિતિ જાણી લેવી જરૂરી છે. કારણ પશુધનની બાબતમાં ભારતની જે સ્થિતિ છે તે જ ગુજરાતની પણ ગણી શકાય.

પશુધનની બાબતમાં દુનિયાના બીજા દેશોને મુકાબલે ભારત પ્રથમ સ્થાન ભોગવે છે. દુનિયામાં કુલ ૬૯ કરોડ પશુ છે. તેમાંથી ૨૧ કરોડ જેટલાં ભારતમાં છે, જે દુનિયાનો ⅓ ભાગ ગણાય. એશિયા ખંડનાં કુલ પશુઓમાં ૭૧% જેટલાં ભારતમાં છે. માત્ર બળદ અને ભેંસની સંખ્યાની જ સરખામણી કરવામાં આવે તોપણ રશિયા સાથેના સમસ્ત યુરોપ કરતાં આપણે ત્યાં ૩૩% નો વધારો થાય. અમેરિકાના બંને ખંડોની સંખ્યાથી આપણે ત્યાં ૫% જાનવરો વધારે છે.

ભારતના કુલ પશુધનમાં (ક) ૭ કરોડ ૪૪ લાખ પુખ્ત વયની માદાઓ (ખ) ૬ કરોડ ૮૫ લાખ નર પ્રાણીઓ, અને (ગ) ૬ કરોડ અને ૫૨ લાખ ત્રણ વર્ષની નીચેનાં વાછડા વાછડીઓ છે. પુખ્ત વયની માદાઓમાં ૫૦ લાખ દૂધ-ઉત્પાદન માટે યોગ્ય નથી. એટલે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદ કરતાં ૬ કરોડ ૯૪ લાખ દૂધ માટે રહે છે. તેમાં ૩ કરોડ ને ૫૦ લાખ દૂધ આપતી અને ૩ કરોડ ને ૪૪ લાખ વસુકેલી રહે છે. નર પશુઓમાં ૩૦ લાખ જેટલાં જાનવરો નકામાં છે. બાકીનામાં ૧૦ લાખ સાંઢ અને ૬ કરોડ ૪૫ લાખ બળદ છે.[૧] (આ આંકડા અખંડ ભારત અર્થાત્ પાકિસ્તાન સાથેના છે.)

ઉપરના આંકડા ગાય અને ભેંસ એમ બન્ને વર્ગોના ભેગા છે. બન્ને વર્ગોના જુદા આંકડાઓ નીચે મુજબ છે:

ગાય	૪ કરોડ	૪૧ લાખ	ભેંસ	૧ કરોડ	૯૫ લાખ
સાંઢ	—	૧૦ લાખ	પાડા	—	૫૨ લાખ
બળદ	૫ કરોડ	૧૦ લાખ	પાડિયાં	૧ કરોડ	૫૫ લાખ
વાછડા વાછડી	૪ કરોડ	૧૧ લાખ	ભેંસ વર્ગનાં નકામાં જાનવર	—	૬ લાખ
ગાય વર્ગનાં નકામાં જાનવર	—	૩૮ લાખ			
કુલ	૧૪ કરોડ	૧૦ લાખ	કુલ	૪ કરોડ	૮ લાખ

દૂધ-ઉત્પાદનની દૃષ્ટિએ જોઈએ તોપણ આપણો દેશ દુનિયાના મુકાબલે બીજે નંબરે આવે છે. આપણું વાર્ષિક દૂધ-ઉત્પાદન ૭૦ થી ૮૦ કરોડ મણ અથવા ૫૬૦ થી ૬૪૦ કરોડ ગેલન છે, કે જે ગ્રેટ બ્રિટન કરતાં ૪ ગણું, ડેન્માર્ક કરતાં ૫ ગણું, ઑસ્ટ્રેલિયા કરતાં ૬ ગણું અને ન્યૂઝીલેંડ કરતાં ૭ ગણું છે.[૨]

પણ આપણા દેશની વસ્તીને હિસાબે આ દૂધ-ઉત્પન્ન ઘણું ઓછું છે. આપણે ત્યાં પ્રત્યેક વ્યક્તિને પર્યાપ્ત માત્રામાં દૂધ મળતું નથી. સારું આરોગ્ય ટકાવવા મનુષ્યને ઓછામાં ઓછું ૧૬ ઔંસ દૂધ તો જોઈએ જ. તેને બદલે આપણા દેશમાં વ્યક્તિ દીઠ ૭ થી ૮ ઔંસ જ

૧. "The Role of Livestock in the Economy of India".

૨. "Report on the Development of Cattle", By Norman C. Wright.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે છે. પરિશિષ્ટમાં કોઠો નં. ૧ જોતાં જુદા જુદા દેશોમાં કુલ કેટલું દૂધ ઉત્પન્ન થાય છે, તે દેશની કુલ વસ્તી કેટલી છે, અને વ્યક્તિ દીઠ કુલ ઉત્પાદન અને વપરાશ વગેરે બાબતોના આંકડા ઉપરથી તુલનાત્મક ખ્યાલ આવશે.

આજે જો આપણે બધાને પર્યાપ્ત માત્રામાં દૂધ આપવું હોય તો આજે ઉત્પન્ન થતા દૂધ કરતાં બમણા પ્રમાણમાં દૂધ પેદા કરવું જોઈએ. એટલું જ નહિ પણ તેનું ઉત્પાદનખર્ચ પણ આપણા દેશની અર્થવ્યવસ્થાને અનુકૂળ હોવું જોઈએ, જેથી ઓછામાં ઓછી આવકવાળાને પણ તે ખરીદવું પોષાય.

આપણે મુંબઈ શહેરનો જ દાખલો લઈએ. ત્યાં આજે રોજના દૂધની વપરાશ ૩ લાખ ૫૬ હજાર રતલ જેટલી છે;[૧] અને વ્યક્તિ દીઠ વપરાશ જોઈએ તો માત્ર સાડા ત્રણ ઔંસ જેટલી છે. આનું કારણ દૂધ મોંઘું પડે છે એ જ છે. આજે મુંબઈમાં દૂધનો છૂટક ભાવ ૧ શેરનો ૧૪ આનાથી ૧૮ આના જેટલો છે, કે જે હિંદના કોઈ પણ શહેર કરતાં ઊંચામાં ઊંચો છે, અને લંડનના છૂટક ભાવ કરતાં બમણો છે. વળી આટલો ભાવ આપવા છતાં પણ દૂધ ભેળસેળવાળું મળે છે. આ જોતાં આપણને સહેજે સમજાશે કે, સામાન્ય આવકવાળો માણસ પોતાના બાળક માટે ૦ા શેર દૂધ પણ કેવી રીતે ખરીદી શકે?

આ સમસ્યાને ઉકેલવા માટે આપણે ઉપર કહ્યું તેમ આપણું દૂધ-ઉત્પાદન એ રીતે વધારવું જોઈએ કે, જેથી તેનું ઉત્પાદનખર્ચ આપણી આર્થિક સમતુલામાં બંધ બેસે. તે માટેનો એકમાત્ર ઉપાય તે આપણા પશુધનની સુધારણા છે.

જેમ દૂધ માટે તંગી અનુભવાય છે તેવી જ હાલત ખેતી માટે બળદ મેળવવાની છે. આજે જોઈએ તેટલી સંખ્યામાં આપણને તંદુરસ્ત બળદ મળતા નથી; અને તંગી હોવાના કારણે જે મળે છે તેના

---

૧. "The Bombay Milk Plan".

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બજારભાવ પણ ખૂબ ઊંચા હોય છે. એટલે આજની આપણી ખેતીમાં પણ બરકત આવતી નથી. આજે અનાજની તંગીનું એક કારણ આ પણ છે. એટલે દૂધની સાથે જ તંદુરસ્ત અને સશક્ત બળદ પૂરતા પ્રમાણમાં મળે તેવી જોગવાઈ પણ કરવી જોઈએ.

આજે આપણાં જનવરોની સ્થિતિ સારી નથી છતાં તેમના દ્વારા આપણને નીચેની આવક થાય છે :

દૂધ અને દૂધની બનાવટોમાંથી	૩૦૦ કરોડ રૂપિયા
ખાલ અને ચામડાંમાંથી	૪૦ કરોડ રૂપિયા
ખાતરમાંથી	૨૭૦ કરોડ રૂપિયા
તેમણે કરેલી મજૂરીમાંથી	૩૦૦ થી ૫૦૦ કરોડ રૂપિયા
કુલ	૯૧૦ થી ૧,૦૦૦ કરોડ રૂપિયા

૧૯૩૯ના વિશ્વયુદ્ધ પહેલાંના આ આંકડા છે. અત્યારે તેના ત્રણ ગણા ગણાય. આમ આજે આપણને ૩,૦૦૦ કરોડ રૂપિયાનો લાભ થાય છે. અને તે ઉપર કહ્યું તેમ જનવરો સારી સ્થિતિમાં ન હોવા છતાં. જો આપણે આપણા પશુધનની ઉન્નતિ સાધી તેને સર્વાંગ-સુંદર બનાવીએ તો કેટલો લાભ થાય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

ગુજરાતનું પશુધન

ભારતમાં દર એકરે પશુધનનું પ્રમાણ ૬૭ નું છે, જ્યારે ગુજરાતમાં માત્ર ૫૦ જ છે. આમ પશુધનની સંખ્યાની બાબતમાં ગુજરાત જરા પાછળ ગણાય.

આપણા ગુજરાતમાં અત્યારે કુલ ૬૦ થી ૭૦ લાખ પશુ હશે એવો અંદાજ ૧૯૩૬–૩૭ના 'એગ્રિકલ્ચરલ સ્ટેટિસ્ટિક્સ ઑફ ઇન્ડિયા' વૉ. ૧ અને ૨ ના આધારે ગણી શકાય. આમાં અત્યારે ગુજરાત સાથે જોડાયેલા બધા પ્રદેશોનો અંદાજ પણ આવી રહે છે. છતાં આ આંકડાઓ ચોક્કસ ખ્યાલ આપી શકતા નથી. કારણ જુદા જુદા પ્રદેશોના જોડાણ બાદ હજુ પશુ – વસ્તીગણતરી થઈ નથી. વળી ૪૮–૪૯ ના દુષ્કાળના વર્ષમાં પણ પૂરતો પ્રયત્ન કરવા છતાં ગુજરાતના પશુધનનો સારા પ્રમાણમાં હ્રાસ થયો છે એમ કહી શકાય.

અત્યારે જે પશુધન છે તે અંદાજે નીચે પ્રમાણે છે :[1]

બળદ અને સાંઢ	૧૫ લાખ
ગાય	૧૦ લાખ
ભેંસ	૧૦ લાખ
ઘેટાંબકરાં	૧૨ લાખ ૫૦ હજાર
વાછડાં વગેરે	૧૦ લાખ
ગધેડાં, ઘોડાં, ઊંટ વગેરે	૭ લાખ ૫૦ હજાર

આ આંકડાઓ જોતાં ગુજરાતમાં ગોવંશનું પ્રમાણ સારું એવું ગણી શકાય. આમાં ગુજરાતના ગીર અને કાંકરેજ વંશોનો સમાવેશ

---

૧. ગુજરાતના પશુધનની પ્રદેશવાર સંખ્યા આગળ પરિશિષ્ટમાં આપી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ જાય છે. આટલા પૂરતા પ્રમાણમાં ગોવંશ હોવા છતાં આખા દેશની જેમ જ ગુજરાતની પરિસ્થિતિ સારી નથી. કેટલાંયે જાનવર ઘરડાં અને નકામાં છે; અને જે છે તેની ઓલાદ બગડેલી છે. તેથી આર્થિક દૃષ્ટિએ આપણને આપણાં જાનવરો પોષાતાં નથી.

આપણે જો આપણાં જાનવરોની સ્થિતિ સુધારવી હોય તો નકામાં જાનવરોની યોગ્ય વ્યવસ્થા કરી, જે રહે તેની ઓલાદ સુધારણા કરવી જોઈએ.

દૂધ-ઉત્પાદન

દૂધ-ઉત્પાદનની બાબતમાં જો આપણે થોડી વિશેષ કાળજી રાખી ધ્યાન આપીએ તો ગુજરાતને સ્વાવલંબી બનાવી શકીએ. તેમ પર્યાપ્ત માત્રામાં બધાંને દૂધ પણ આપી શકીએ. તેમ કરવા આપણે આપણાં જાનવરોની ઓલાદ સુધારી દૂધ-ઉત્પાદનખર્ચમાં ઘટાડો કરવા અદ્યતન સાધનસામગ્રીને ઉપયોગમાં લેવી જોઈએ. તો આપણે આર્થિક રીતે પોષાય એ રીતે ગુજરાતના પ્રત્યેક માનવીને દૂધ આપી શકીએ.

આજે માત્ર આણંદ વિભાગમાંથી જ આપણે મુંબઈ શહેરને રોજ ૩૨,૦૦૦ રતલ દૂધ પૂરું પાડીએ છીએ. આ દૂધ આપણે આપણા ખેડૂતોનાં બાળકોને ન આપી શકીએ ? જરૂર આપી શકીએ. પણ તેમ કરવા ગરીબ કિસાનને પોષાય તેવી તેની કિંમત હોવી જોઈએ. તેમ કરવાનો આપણી પાસે એક જ રસ્તો છે, અને તે આપણે આગળ જોયું તેમ ગોવંશનો વિકાસ સાધી ઓછા ખર્ચે દૂધ તૈયાર કરવું એ છે.

ઘી-ઉત્પાદન

ગુજરાત ઘી-ઉત્પાદનમાં આગળપડતું સ્થાન ભોગવે છે. આપણા પ્રદેશનાં કેટલાંક કેન્દ્રો તો નામીચાં છે. જેવાં કે :

ખેડા જિલ્લામાં (૧) મહેમદાવાદ, (૨) મહુવા, (૩) કપડવંજ, (૪) કઠલાલ, (૫) નડિયાદ; વડોદરા રાજ્યના પ્રદેશમાં (૧) કડી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ધીણોજ, (૩) વીસનગર, (૪) ખેરાળુ અને (૫) બોડેલી; વાડાશિનોર સ્ટેટમાં (૧) જેથોલી, (૨) વાડાશિનોર; રાધનપુર સ્ટેટમાં (૧) મુજપુર અને (૨) વઢિયાર; ઈડરમાં ખેડબ્રહ્મા, અને સંતરામપુરમાં સંતરામપુર.

આ બધાં કેન્દ્રોમાં મહેમદાવાદ સૌથી અગત્યનું છે. ત્યાંથી લગભગ ૩૨,૪૦,૦૦૦ રતલ જેટલું ઘી નિકાસ થાય છે, જેની આજના બજારભાવે ૮૧,૦૦,૦૦૦ જેટલી કિંમત ગણી શકાય. જોકે આ ઘી-ઉત્પાદનનો આંકડો ઘણો જૂનો છે. અત્યારે ખેડા જિલ્લામાં "ક્રીમરીઝ" (Creameries)નું પ્રમાણ વધ્યું છે. એટલે લોકો ઘી બનાવવા કરતાં દૂધ વેચવું વધુ પસંદ કરે છે. કારણ દૂધમાંથી ઘી બનાવી વેચવું તે કરતાં સીધું દૂધ વેચવામાં આર્થિક રીતે સારું પાલવે છે. છતાં ઉપરના આંકડાઓમાં વધુ ફેર પડ્યો હશે એમ માનવાને કારણ નથી.

છેલ્લી માહિતી મળ્યા મુજબ મુંબઈ રાજ્યની સને ૧૯૪૯ની ગણતરી પ્રમાણે રાજ્યમાં કુલ જાનવરોની સંખ્યા ૧,૧૮,૦૩,૦૦૦ની છે. જ્યારે વિલીન (મર્જર) થયેલાં દેશી રાજ્યોમાં સંખ્યા ૧૩,૧૪,૦૦૦ની છે, એટલે સમસ્ત મુંબઈ રાજ્યની પશુસંખ્યા આજે ૧,૩૧,૧૭,૦૦૦ની કહેવાય. આમાં ગુજરાતનો આંકડો સમાઈ જાય છે.[૧]

---

૧. આ આંકડા તા. ૯-૬-'૫૦ના "જયગુજરાત"માં પ્રસિદ્ધ થયા પ્રમાણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

ભારતના ગોવંશો

ગુજરાતમાં આવેલી જાતોનો વિચાર કરતા પહેલાં ભારતની કેટલીક જાતોની વિગત ટૂંકમાં જોઈએ. ભારતમાં જુદા જુદા ૩૦ જેટલા ગોવંશો છે. અને તેનો ઉછેર દેશના જુદા જુદા શુષ્ક ભાગોમાં કે જ્યાં લોકો માત્ર ખડધાન (Fodder crops) જ ઉગાડી શકે છે, ત્યાં થાય છે. આ જાતોને આપણે ત્રણ વિભાગોમાં વહેંચી શકીએ : (ક) દુગ્ધપ્રધાન કે જે કેવળ દુધાળ જ હોય છે, (ખ) વત્સપ્રધાન અર્થાત્ જેના વાછરડા ભારવહનમાં પાવરધા હોય છે અને (ગ) સર્વાંગી અર્થાત્ ઉપરના બન્ને હેતુઓ સારતી જાત.

હવે આપણે ભારતના પ્રત્યેક રાજ્યની મુખ્ય મુખ્ય જાતોની ટૂંક વર્ણનાત્મક નોંધ જોઈએ. સ્પષ્ટ ખ્યાલ માટે ભારતનો નકશો પણ આગળ પરિશિષ્ટમાં મૂકયો છે, તે જોવાથી આપણને સ્પષ્ટ ખ્યાલ આવશે કે કઈ જાત (Breed) કયા પ્રદેશમાં આવેલી છે.

૧. અમૃતમહાલ : આ ગાય મૈસૂર રાજ્યની ઉત્તમ વત્સપ્રધાન ઓલાદ છે. તેના બળદ ચપળ અને ઝડપી ચાલના હોય છે.

૨. બછૌર : બિહાર રાજ્યના બછૌર અને કોયલીપુર પરગણાની આ ગાય ઉત્તમ કોટિના વાછરડા આપતી હોઈ, સારી ચાકરી હોય તો દુધાળ પણ થાય છે.

૩. બરગૌર : મદ્રાસ રાજ્યના કોઇમ્બટૂર જિલ્લાની બરગૌર ટેકરીઓની આ પેદાશ છે. બળદો ઝડપી ચાલના અને ઉત્તમ સહન-શક્તિ ધરાવનારા હોય છે. પણ ગાય દુધાળ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. ડાંગી: મુંબઈ રાજ્યના નાશિક અને ખાનદેશ પ્રદેશ કે જ્યાં સખત વર્ષા થાય છે, તે એનું ઊગમસ્થાન છે. બળદ ધીમા અને મંદ ગતિના હોવા છતાં અતિશય ખડતલ અને વધારે વરસાદમાં પણ કામ આપે છે, જ્યારે ગાય દુધાળ નથી.

૫. દેવની: હૈદરાબાદ રાજ્યના તેમ આસપાસના પ્રદેશની આ ઓલાદ હોઈ, બળદ સખત કામ કરનારા અને ગાય અંશતઃ દુધાળ હોય છે.

૬. ગીર: પર્યાપ્ત માત્રામાં દૂધ દેનારી આ ગાય છે. તેના બળદ મજબૂત પણ મંદ ગતિના અને સુસ્ત હોય છે. તેનું ઊગમસ્થાન સૌરાષ્ટ્રમાં છે. (આ જાતનું વિસ્તૃત વિવેચન આગળ કરવામાં આવ્યું છે.) ગાય સર્વાંગી છે.

૭. હલ્લિકર: વત્સપ્રધાન આ ઓલાદ સુંદર ઝડપી ચાલના બળદ આપે છે અને મૈસૂર રાજ્યમાં તેનું રહેઠાણ છે. હૈદર અને ટીપુ સુલતાનના તોપખાનામાં આ જાતના બળદોનો ઉપયોગ કરવામાં આવતો.

૮. ગાવલાવ: આ સર્વાંગી ઓલાદ હોઈ બળદો પણ ઠીક કામ આપે છે. ગાય અંશતઃ દુધાળ છે. મધ્ય પ્રદેશના વર્ધા અને છિંદવાડા વિભાગમાં તે જોવામાં આવે છે.

૯. હરિયાણા: આ ઓલાદ સર્વાંગી છે. પૂર્વ પંજાબના અને દિલ્હી રાજ્યના રોહતક, હિસાર, કર્નાલ અને ગુરગાંવ જિલ્લાઓની આ ઓલાદ બોજ વહેવાના અને અવરજવરના હેતુ માટે ઉત્તમ કોટિના બળદ પૂરા પાડે છે. ગાય પર્યાપ્ત માત્રામાં દૂધ આપે છે.

૧૦. કાંગયામ: મદ્રાસ રાજ્યના કોઇમ્બટૂર જિલ્લાની આ ઓલાદ ખાસ દુધાળ નથી, પણ વત્સપ્રધાન હોઈ મજબૂત અને ઝડપી ચાલના બળદ આપે છે.

૧૧. કાંકરેજ: મુંબઈ રાજ્યમાં ઉત્તર ગુજરાતની આ ઓલાદ ઉત્તમ કોટિના ઝડપી અને સવાઈ ચાલના બળદ આપે છે. ગાયો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુધાળ છે. આ ઓલાદ સર્વાંગી છતાં વત્સપ્રધાન છે. (આ અંગે વિસ્તૃત ચર્ચા આગળ કરી છે.)

૧૨. કેનકટા : ઉત્તર પ્રદેશ રાજ્યના બુંદેલખંડ પરગણાની આ ઓલાદ મજબૂત પણ નાના કદના બળદ આપે છે. આ બળદ સાધારણ કામ માટે ઠીક હોય છે. જ્યારે ગાય બહુ જ થોડું દૂધ આપે છે.

૧૩. ખેરીગઢ : ઉત્તર પ્રદેશ રાજ્યના ખેરી જિલ્લાની આ નસલ બહુ જ થોડું દૂધ આપે છે અને સાધારણ કામમાં ઉપયોગી એવા બળદ પૂરા પાડે છે.

૧૪. બિલારી : મુંબઈ રાજ્યના સોલાપુર જિલ્લાની આ નસલ શક્તિશાળી અને ઝડપી ગતિના બળદ આપે છે. ગાય સામાન્ય દુધાળ હોય છે. છત્રપતિ શિવાજી મહારાજે લડાઈના વખતમાં તોપ ખેંચવાના કામ માટે આ જાતિના બળદોનો ઉપયોગ કર્યાનું ઇતિહાસ-પ્રસિદ્ધ છે.

૧૫. કૃષ્ણાવેલી : આ જાતના બળદો ભારે અને શક્તિશાળી, હલકા અને ભારે કામમાં આવતા હોઈ, ગાય પણ અંશતઃ દુધાળ છે. મુંબઈ રાજ્યનો દક્ષિણ પ્રદેશ તેમ જ હૈદરાબાદ રાજ્ય આ નસલનું રહેઠાણ છે.

૧૬. માલવી : મધ્ય પ્રદેશની પશ્ચિમ સીમા ઉપર તેમ જ મધ્ય પ્રાન્તના કેટલાક ભાગોમાં આ જાત જોવામાં આવે છે. આ ઓલાદની ગાયો વત્સપ્રધાન હોઈ દુધાળ હોતી નથી.

૧૭. મેવાતી : રાજસ્થાન રાજ્યના અલ્વર અને ભરતપુર જિલ્લાઓની આ નસલની ગાયો અંશતઃ દુધાળ હોય છે, જ્યારે બળદ ભાર વહેવામાં પાવરધા છે.

૧૮. નાગોરી : આ ઓલાદ મુખ્યત્વે રાજસ્થાનના જોધપુર વિભાગમાં જોવા મળે છે. આ નસલના બળદ ચપળ અને શક્તિશાળી હોય છે અને ગાય સામાન્ય દુધાળ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯. નિમારી: આ નસલ સર્વાંગી હોઈ તેના બળદ મજબૂત અને ચપળ હોય છે અને ગાય દુધાળ હોય છે. તેનું ઊગમસ્થાન નર્મદા નદીની ખીણોનો પ્રદેશ છે.

૨૦. પૌંવાર: આ ઓલાદ ઉત્તર પ્રદેશના પીલીભીત અને ખેરી જિલ્લાઓમાં મળે છે. તેના બળદ સામાન્ય કામ આપનારા અને ગાય સાધારણ દુધાળ હોય છે.

૨૧. રથ: રાજસ્થાનના અલ્વર અને તેની આજુબાજુના પ્રદેશની આ ગાય સાધારણ દુધાળ હોય છે, જ્યારે બળદ ખેતીના તેમ ભાર વહેવાના કામમાં આવે છે.

૨૨. ઓંગોલ: મદ્રાસ રાજ્યના તેલુર અને ગંતુર પ્રદેશની આ ઓલાદ સર્વાંગી હોઈ બળદ કોઈ પણ કામમાં લઈ શકાય છે, જ્યારે ગાયો પણ ઠીક ઠીક દુધાળ હોય છે.

૨૩. સીરી: આ ઓલાદ ભૂતાન, સિકીમ અને દાર્જીલિંગની ટેકરીઓમાં વસતી હોઈ બળદ ગાડાના કામમાં આવે છે, જ્યારે ગાયો અંશતઃ દુધાળ હોય છે.

આ સિવાય શાહીવાલ, લાલસિંધી, થરપારકર, ધન્ની, અફઘાન, ભગનારી, દજ્જલ વગેરે ભારતની ગાયોની જાતો પાકિસ્તાન પ્રદેશમાં ગઈ છે. છતાં તે પૈકીના કેટલાક વંશોનો ઉછેર પૂર્વ પંજાબમાં થતો હોઈ તેની પણ વિગત નીચે આપી છે:

૧. લાલ સિંધી: સિંધ ઇલાકાની આ ગાય દુધાળ હોઈ, બળદ સાધારણ કામ કરનાર અને ધીમી ચાલના હોય છે.

૨. શાહીવાલ: આને મોન્ટગોમરી જાત પણ કહે છે. કારણ કે તે પશ્ચિમ પંજાબના મોન્ટગોમરી જિલ્લાની પેદાશ છે. બળદ ભારે કામ કરી શકે છે. પણ બહુ સુસ્ત અને ધીમી ગતિના હોય છે. એની વંશોન્નતિનું કામ પૂરજોશમાં પૂસા ઇન્સ્ટિટ્યૂટ, ન્યૂ દિલ્હી, અને ફિરોજપુર ડેરી ફાર્મમાં થઈ રહ્યું છે. ભારતની સર્વશ્રેષ્ઠ દુધાળ ગાય આ જાતની હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. થરપારકર : આ જાતની ગાય સિંધના થરપારકર જિલ્લાની આજુબાજુમાં થાય છે. ગાય અત્યંત દુધાળ હોય છે અને બળદ ઠીક કામ આપે છે.

આ તો ભારતના શુદ્ધ વંશોની મુખ્ય મુખ્ય જાતો જ ગણાવી. આ ઉપરાંત મિશ્ર ઓલાદની પણ કેટલીક ગાયોની જાતો નજરે ચઢે છે. પણ સમસ્ત ભારતની જાતોની હરોળમાં તેનું સ્થાન નજીવું છે. એટલે તેની વિગતમાં જવાની જરૂર નથી.

૫

ગુજરાતના ગોવંશો

૧. કાંકરેજ

ભારતની બધી નસલોમાં અતિ મહત્ત્વની અને કીમતી નસલ તે આપણી ગુજરાતની "કાંકરેજ" ઓલાદ છે. આપણા દેશના ગોવંશો જે વિદેશોમાં, દક્ષિણ અમેરિકા વગેરેમાં મોકલવામાં આવ્યા છે તેમાં કાંકરેજ જાતને જ પસંદ કરવામાં આવી છે. આ ઓલાદે પોતાની ઉપયોગિતા બતાવી વિદેશીઓને મુગ્ધ કરી પોતાની પ્રતિષ્ઠા જમાવી છે અને અસાધારણ પ્રગતિ સાધી છે.

આ જાતનું અસલી રહેઠાણ અગ્નિ ખૂણામાં કચ્છનું રણ અને નૈઋર્ત્યમાં સિન્ધના થરપારકર જિલ્લાથી માંડી દક્ષિણે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકા સુધી, અને પૂર્વમાં ડીસાથી માંડી પશ્ચિમમાં રાધનપુર જિલ્લા સુધીનો પ્રદેશ છે. આ પ્રદેશ તે બનાસ નદી અને સરસ્વતી નદીના કિનારાનો પ્રદેશ.

આ જાનવરોનું નામ પણ તે પ્રદેશના નામ ઉપરથી જ પડ્યું છે. પાલણપુર સંસ્થાનના કાંકરેજ નામના ભાગમાં "કાંકરેજ", બનાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીની આસપાસના પ્રદેશમાં "બનાઈ", રાધનપુરવાળા ભાગમાં "વઢિયાર", જોધપુર રાજ્યમાં "સંચાર", અને કચ્છના પ્રદેશમાં "વાગડ" વગેરે નામોથી ઓળખાય છે.

આ જાતિનું પાલન અને સંવર્ધન વર્ષોથી ધંધાદારી પશુપાલકો કરતા આવ્યા છે. જેમાં રબારી, ભરવાડ, આહીર અને જાટ વગેરે જાતિઓ મુખ્ય છે. (Nomadic tribes)

કાંકરેજ જાતના રહેઠાણનો પ્રદેશ નીચો છે. કેટલેક ઠેકાણે તો તે સમુદ્રની સપાટી કરતાં પણ નીચો છે. આ પ્રદેશની જમીન "ગોરાડુ" છે. વળી કેટલીક રેતાળ અને કાળાશ પડતી પણ છે. આ પ્રદેશનું હવામાન ૪૦° થી ૧૨૦° ની વચમાં રહે છે; અને વરસાદ સામાન્ય રીતે ૨૦ થી ૨૬ ઇંચ જેટલો સરાસરી પડે છે.

આ પ્રદેશમાં અને તેમાંય ખાસ કરીને બનાસ અને સરસ્વતી નદીના કાંઠા વિભાગમાં વિશાળ ચરાણ મેદાનો આવેલાં છે. ત્યાં જાનવરોને પર્યાપ્ત માત્રામાં ઘાસ મળે છે. આ બાડોમાં મુખ્યત્વે "ઝીંઝવો" (Andropogan annulatas) ઘાસ થાય છે.

ધંધાદારી પશુપાલકો વર્ષનો મોટો ભાગ પોતાનાં જાનવરોને લઈને ફરતા રહે છે. અરે! કેટલાક તો આખું વર્ષ પણ આ પ્રમાણે રખડે છે; અને ઉપરનાં વિશાળ મેદાનોમાં જાનવરોને ચરાવે છે. આ પશુપાલકો કદી પોતાની ગાયો વેચતા નથી. માત્ર બળદ જ વેચે છે. હા, અંદર અંદર પાલકોમાં જ કદીક કદીક વિનિમય કરે છે ખરા. તેઓ જાનવરની પસંદગીમાં પણ પાવરધા હોય છે. પાંચ મહિનાના વાછરડાઓ થતાં જ તેઓ જોઈ લે છે કે કયો વાછરડો સંવર્ધનના કામને યોગ્ય છે, અને કયો બળદ બનાવવા માટે. બળદ બનાવવાના હોય તેવા વાછરડાઓને ખસી કરી વેચી દેવામાં આવે છે. ખસી કરવાની આ લોકોની પદ્ધતિ જુદી છે. અને તે કરનાર એક ખાસ કોમ વસે છે. તે "સારણિયા"ના નામથી ઓળખાય છે, જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર આઠ આનાના પૈસા લઈ વૃષણનો ભાગ કાપીને બહાર કાઢી નાખે છે.

આજે મુંબઈ સરકારના પશુઉછેર ખાતા તરફથી કાંકરેજ પશુ-ઉછેર ક્ષેત્રો ચલાવાય છે; અને ખાનગી ક્ષેત્રોને રાહતો પણ અપાય છે. વળી ગામડાંની કેટલીક મિશ્ર અને કાંકરેજ ઓલાદોને સુધારવા કાંકરેજ સાંઢ (Breeding Bull) પણ અપાય છે. આ બાબતની વિશેષ માહિતી આપણે આગળ જોઈશું.

કાંકરેજ ઓલાદ સર્વાંગી હોઈ તેના બળદ ખડતલ અને મજબૂત બાંધાના અને ચાલવામાં પાવરધા હોય છે. પોતાની સવાઈ ચાલ માટે તે પ્રસિદ્ધ છે. તે માઈલોના માઈલો સુધી એકધારી ઝડપી રીતે ચાલી શકે છે. વળી આ ઓલાદની ગાયો પણ સારી એવી દુધાળ છે. છારોડી ફાર્મની ૧૧૦ ગાયોના દૂધની સરાસરી એક વેતરમાં ૨,૪૧૮ રતલ આવી છે. પરંતુ અમુક ખાસ ગાયોએ ૭,૦૦૦ થી ૮,૦૦૦ રતલ દૂધ આપ્યાનું નોંધાયું છે. આ ગાયોની પહેલા વેતર વખતની સરાસરી ઉંમર ૪ વર્ષ જેટલી ગણી શકાય. જોકે કેટલાંક જાનવરો ૩ વર્ષની અંદર વિયાવાના પણ દાખલા છે, જે પાશ્ચાત્ય દેશોની ગાયોના મુકાબલે ઠીક ગણાય.

આ જાતિની ઓળખ અને લક્ષણો જોઈએ.

ભારતની બીજી જાતિઓના મુકાબલે આ જાનવરો મોટા કદનાં, ભરાવદાર બાંધાનાં અને વજનમાં ભારે હોય છે. આ જાતની તંદુરસ્ત ગાયનું વજન ૯૦૦ થી ૧,૦૦૦ રતલ જેટલું, અને સાંઢનું ૧,૨૦૦થી ૧,૫૦૦ રતલ જેટલું હોય છે. આ જાનવરોનું માથું મધ્યમાં રકાબી જેવા છીછરા ખાડાવાળું, વિશાળ કપાળવાળું, અને ચંદ્રાકાર શિંગડાં, મૂળના ઉપરના ભાગ સુધી ચામડીથી મઢેલાં તથા સુશોભિત હોય છે. શરીર મજબૂત, પહોળી છાતી, સીધો વાંસો, સુંદર વિકસેલી ખૂંધ તથા મુતરિયું થોડું લટકતું હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંકરેજ જાનવરોની ચાલવાની ઢબ બીજી ઓલાદોના કરતાં વિશિષ્ટ પ્રકારની હોય છે. તેને આપણે 'રવાલ' અથવા 'રેલંતી' કહીએ છીએ. તેમાં શરીરનું કોઈ પણ અંગ હલાવ્યા વગર માત્ર પગની જ ગતિ અને હાલતે શિંગડે છટાથી ડોક ઊંચી રાખી, પાછલા પગનો પંજો આગલા પગના પગલાથી એક વેંત આગળ જાય છે. આ ચાલ "સવાઈ ચાલ" તરીકે પ્રસિદ્ધ છે.

આ જાતિના સાંઢનો રંગ કાળોધોળો ભળેલો અથવા રાખોડી કે મૂંઝડો હોય છે. તેમાં મધ્યના ભાગ કરતાં પાછલો અને આગલો ભાગ વધારે ઘેરા રંગનો હોય છે. આગલા અને પાછલા પગ મુખ્યત્વે કાળા રંગના હોય છે. ખરીની ઉપરનો ભાગ હંમેશાં કાળો હોય છે. સાંઢ કરતાં ગાયનો રંગ હંમેશાં ખૂલતો હોય છે. લાલ રંગ આ ઓલાદનું લક્ષણ નથી. છતાં વાછડાં જન્મે છે ત્યારે કેટલાંકને આછો લાલ રંગ માથાના ભાગમાં હોય છે. પણ આગળ જતાં એટલે કે છ થી આઠ માસમાં જ આ રુવાંટી બદલાઈને પોતાનો મૂળ રાખોડી રંગ પકડે છે.

માથું (Head):

કપાળ: પહોળું, ચપટું અને મધ્યમાં જરા ખાડાવાળું હોય છે.

મોઢું અને નાક: ચહેરો નાનો અને નાક પાસેથી ઊપસેલો હોય છે. નાકનો ભાગ સીધો હોય છે. (Roman nose is not liked.)

આંખ: ભરાવદાર અને તેજસ્વી. આંખોની આજુબાજુ કાળો રંગ હોય છે.

કાન: લાંબા ઢીલા, અને લટકતા તથા લગભગ નાકના છેડા સુધી પહોંચેલા હોય છે. લાંબા કાન કે જે મોંની નીચે સુધી પહોંચતા હોય તે બહુ સારા ગણાય છે. કાનની અંદરની ચામડી લાલ અથવા ભૂરી અને કાળાં ચિહ્નોથી યુક્ત હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિંગડાં : મોટાં અને અણીદાર હોય છે; અને માથા ઉપર ચંદ્રાકારે આવેલાં હોય છે.

શરીર અને પગના અવયવો :

(૧) અગ્રભાગ (Forequarters) :

ગરદન : મુલાયમ, પાતળી, લાંબી અને શરીરને શોભે એવી સુંદર વાંકી વળેલી હોય છે.

ગોદડી (Dewlap) : ભરાવદાર, મોટી અને જમણી તરફ વળેલી હોય તે ઉત્તમ ગણાય.

ખભા અને પગ : ખભા પહોળા અને ઢળતા તથા સારી રીતે વિકસેલા હોય છે. ચારે પગ સુદૃઢ, આગલા પગ સીધા અને ખરીઓ જોડાજોડ તથા કાળી હોય છે. પહોળી ખરી સારી નહિ.

(૨) કાઠું (Barrel) :

સીધું અને મોટું હોય છે.

પીઠ : સીધી હોય છે.

પાંસળીઓ : સારી રીતે ઊપસેલી અને છૂટી છૂટી હોય છે.

નાભિ : માદાની સ્પષ્ટ ઊપડેલી હોય છે; અને નરની મધ્યમ કદની અને લટકતી હોય છે.

(૩) પૃષ્ઠ ભાગ (Hindquarters) :

વિકસિત પૂઠેદાર અને લાંબો તથા ભરાવદાર હોય છે.

કમર : પહોળી તેમ કૂલા પુષ્ટ અને ભરાવદાર હોય છે.

પૃષ્ઠાસ્થિ અને પીનબોન : પૃષ્ઠાસ્થિ લાંબાં અને ઢોળાવવાળાં, તથા પીનબોન પહોળું અને વિકસેલું હોય છે.

કૂખ : પહોળી અને ઊંડી.

જાંઘ અને થાપા : જાંઘ પહોળી અને ઊંડી, થાપા માંસલ અને ભરાવદાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂંછડી : સારી રીતે જોડાયેલી, સીધી અને મર્યાદિત લંબાઈવાળી, અર્થાત્ જમીન સુધી ન અડે તેવી, અને સારા કાળા વાળયુક્ત હોય છે. પૂંછડામાં ધોળા વાળ હોવા એ સારું લક્ષણ નથી.

આઉ, આંચળ અને દુગ્ધશિરાઓ :

આઉ સુડોળ અને આગળની બાજુ નમેલું હોય છે. આગલા આંચળ પાછલા કરતાં મોટા હોય છે. દુગ્ધશિરાઓ વિકસેલી હોય છે.

ચામડી અને વાળ :

ચામડી મુલાયમ અને ચળકતા વાળવાળી હોય છે. આ નિશાની દુધાળ ગાય માટે ઉત્તમ ગણાય.

સ્વભાવ :

તેજસ્વી અને અપરિચિત માણસને જોઈ તરત ઉશ્કેરાઈ જનારો હોય છે.

૨. ગીર

ગુજરાતની બીજી ઓલાદ તે ગીર. ગુજરાતમાં તેનો પ્રચાર સારા પ્રમાણમાં છે અને કેટલાંક ક્ષેત્રોમાં તેનો શાસ્ત્રીય વિકાસ પણ થઈ રહ્યો છે. વળી ગુજરાત બહાર પણ ઉત્તરમાં રાજસ્થાન, અજમેર, મેવાડ સુધી અને દક્ષિણમાં મુંબઈ, પૂના અને સોલાપુર સુધી સંખ્યાબંધ ગૌશાળાઓમાં અને ગોરસશાળાઓમાં તેનું શાસ્ત્રીય રીતે પાલન તેમ જ સંવર્ધન તેની દુગ્ધપ્રધાનતાને લીધે થઈ રહ્યું છે.

આ ઓલાદનું રહેઠાણ સૌરાષ્ટ્રમાં આવેલું છે. તેનું મૂળ તેના નામ પ્રમાણે દક્ષિણ સૌરાષ્ટ્રમાં આવેલું ગીરનું જંગલ છે. પરંતુ આર્થિક દૃષ્ટિએ ભેંસનું મહત્ત્વ વધતાં તેણે ધીમે ધીમે આ પ્રદેશની આજુબાજુનું આ ગાયનું સ્થાન લઈ લીધું છે.

ગીર ઓલાદના ઉછેરમાં પૂરતી કાળજી અને સંભાળના અભાવે આજે તેનું શુદ્ધ સ્વરૂપ બહુ જ થોડી સંખ્યામાં રહેલું છે; અને જે શુદ્ધ ઓલાદ રહેલી છે તે મુખ્યત્વે કાઠિયાવાડના જૂનાગઢ, વીરપુર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જામનગર, રાજકોટ, મોરબી, અને ભાવનગરના પ્રદેશોમાં છે. અને આપણે ઉપર જોયું તેમ ગુજરાત અને મુંબઈ નજીકની ગૌશાળાઓમાં પણ તેનું પાલન અને સંવર્ધન કરવામાં આવે છે.

આ ઓલાદની મિશ્ર થયેલી જાતો પશ્ચિમ રજપૂતાના, વડોદરા જિલ્લો, અને મુંબઈ પ્રાંતના ઉત્તર વિભાગમાં સારા પ્રમાણમાં પ્રસરેલી છે. આ પ્રદેશોના પશુપાલકોની પોતાના ધણને લઈને સારા ચરાણ પ્રદેશોમાં લઈ જવાની, અર્થાત્ ચરાણ કરવાની રીતને લીધે, જ્યાં જ્યાં આ જાનવરો ફરે છે, ત્યાંની સ્થાનિક ઓલાદોમાં મિશ્રણ થવા પામ્યું છે.

આ ઓલાદની ગાયો પર્યાપ્ત માત્રામાં દૂધ આપનારી છે. કેટલીક ગાયોએ ૩૨૫ દિવસના ગાળામાં ૭,૦૦૦ રતલ દૂધ આપ્યાના દાખલા છે. પણ સામાન્ય ગાયો જેને સારી રીતે પાળવા-પોષવામાં આવે છે, તે ૩,૦૦૦ રતલ દૂધ આપે છે. ૧૪ થી ૧૮ માસના ગાળામાં ફરી વિયાય છે અને સર્વાંગી છે.

ગીર જાતિના બળદની જો પૂરતી કાળજી અને સંભાળ રાખવામાં આવે તો તે સારા ભાર વહેનારા, મજબૂત બાંધાના, પણ કામ કરવામાં સુસ્ત થાય છે. પ્રાચીન કાળમાં તેમની પાસેથી તોપ ખેંચવાનું કામ લેવામાં આવતું એવો ઐતિહાસિક ઉલ્લેખ મળી આવે છે.

ગીર જાતિના પશુની વિશિષ્ટતા :

જાનવરનો દેખાવ સરસ અને આકર્ષક હોય છે. તેનું કદ મધ્યમ-સરનું, બાંધો મજબૂત, સુદૃઢ અને હૃષ્ટપુષ્ટ હોય છે. આ ઓલાદની તંદુરસ્ત માદાનું વજન સરાસરી ૮૫૦ પાઉંડ અને નરનું ૧,૨૦૦ પાઉંડ જેટલું હોય છે.

જાનવર દેખાવે સમજદાર, નમ્ર અને શાન્ત જણાય છે. વળી તેની ચાલ ધીમી, હળવી અને ગંભીર હોય છે. તે સ્વભાવે માયાળુ હોય છે.

આગળપડતું ઊપસેલું ભવ્ય કપાળ, વિશિષ્ટ પ્રકારે વળેલાં શિંગડાં, અને લાંબા પહોળા લટકતા કાન આ જાતનાં ખાસ લક્ષણો છે. તે લક્ષણો વડે ઓલાદની શુદ્ધતા પણ પારખી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગે સામાન્ય રીતે લાલ, અને શરીરના કેટલાક ભાગમાં સફેદ, કાળાં, લાલ અગર પીળાશપડતા રંગનાં ધાબાં હોય છે. કોઈક વખતે શરીરનો આખો વર્ણ સફેદ હોય છે અને તેમાં શામળા, લાલ અથવા ભૂરા રંગનાં ધાબાં હોય છે. ખાસ ધ્યાન ખેંચનારી વાત એ હોય છે કે, જે રંગનાં ધાબાં હોય છે તે જ રંગ ખૂંધ, પાછલા થાપા, માથું અને કાન ઉપર જોવામાં આવે છે. પીઠ ઉપર ઘેરો અથવા ખૂલતો રંગ હંમેશાં હોવો ખાસ જરૂરી લક્ષણ માનવામાં આવે છે.

માથું (Head):

ભરાવદાર તથા ઉપસેલું છતાં આકર્ષક અને સુંદર હોય છે. આ પ્રકારનું માથું આ જાતનું ખાસ વિશેષ લક્ષણ હોય છે.

કપાળ: વિશાળ, આગળના ભાગમાં ઉપસેલું અને બે શિંગડાંની વચ્ચેનો ભાગ સારો એવો પહોળો હોય છે.

ચહેરો અને નાક: ચહેરો પાતળો, બન્ને બાજુથી સીધો અને આંખોની નીચે ગોળાકાર હોય છે. નાક પહોળું અને કાળું હોય છે.

આંખ: આંખ ચહેરામાં કંઈક સામાન્ય રીતે ઊંચે ગોઠવાયલી માલૂમ પડે છે. તે ભરાવદાર અને તેની ઉપરનાં પોપચાં ભારે હોય છે.

કાન: બહુ મોટા તથા લાંબા અને વળેલાં પાંદડાં જેવા હોય છે; અને વચમાંથી ખૂબ પહોળા હોય છે.

શિંગડાં: જાડાં અને નાજુક અને મૂળ જગ્યાએથી પાછળની બાજુ વળેલાં, અને ધીમે ધીમે ઉપરની બાજુ વળતાં હોય છે. સાથે જ ગોળાકાર સ્વરૂપ પણ ધારણ કરે છે.

શરીર અને પગના અવયવો:

(૧) અગ્રભાગ (Forequarters):

ગરદન: માદાની ગરદન પાતળી અને ખભા સાથે જોડાયેલી હોય છે. નરની ગરદન ટૂંકી અને જાડી હોય છે.

ઝૂલ: પાતળી અને મધ્યમસરની હોય છે.

છાતી: પૂર્ણ વિકસિત અને ભરાવદાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગ અને ખભા : પ્રમાણસર અને માંસલ તથા ખભા શરીર સાથે ભળી ગયા હોય તેવા.

ખૂંધ: મધ્યમ કદની, અને જરા આગળ પડતી ઝૂકતી છતાં પાછળ પડતી હોય છે.

(૨) કાઠું (Barrel):

સુડોળ અને સારું એવું લાંબું પહોળું. આઉનો ભાગ પગની વચ્ચે સપ્રમાણ અને આંચળ સમાન્તર હોય છે. રંગ ફીકો નારંગી હોય છે.

પીઠ : લાંબી, પહોળી અને આગળની બાજુ ઊંડી હોય છે.

પાંસળીઓ : લાંબી ફેલાયેલી અને એક જ જાતના ઝોકને લઈ, ધડનો આગલો અને પાછલો ભાગ સરખો લાગે છે.

નાભિ : સ્પષ્ટ પણ લટકતી હોય છે. નરમાં સહેજ વધુ લટકતી માલૂમ પડે છે.

(૩) પૃષ્ઠ ભાગ (Hindquarters):

વિકસેલો અને પહોળો હોય છે.

કમર અને થાપા : કમર પહોળી, ચપટી અને સીધાં હાડકાંવાળી. નર કરતાં માદામાં વિશેષ વળાંકવાળી અને ઊપસેલી હોય છે.

પૃષ્ઠાસ્થિ અને પીનબોન : પૃષ્ઠાસ્થિ લાંબાં, સપાટ અને સમતોલ હોય છે. પીનબોન પહોળું અને જરા ઊંચે ગોઠવાયલું હોય છે. માદાના જેટલું પ્રમાણસર નરમાં હોતું નથી.

ફૂલા : ઊંડા, સીધા અને વળેલા હોય છે.

જાંઘ અને થાપા : જાંઘ પહોળી, ચપટી અને ઢોળાવવાળી હોય છે. થાપા પહોળા અને પાછળથી જોતાં વળેલા લાગે છે. જાંઘની વચ્ચેનો ભાગ ચપટો અને બે પગની વચ્ચે સારું એવું અંતર રાખનારો હોય છે.

પૂંછડી : મૂળમાંથી ચપટી અને લાંબી, તથા છેડે કાળા વાળના ગુચ્છાવાળી જમીનને અડકતી હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઉ, આંચળ અને દુગ્ધશિરાઓ :

આઉ : વચલા વળનું હોય છે. બહુ આગળ પડતું હોતું નથી. આઉનો પાછલો ભાગ કંઈક ઉપર સુધી વિકસેલો માલૂમ પડે છે. આખા થાન પર નાજુક બારીક વાળ ઉગેલા હોય છે.

આંચળ : ૪થી ૪॥ ઇંચ લાંબા, સરખી જાડાઈના પણ નજીક નજીક જોડાયેલા હોય છે.

દુગ્ધશિરાઓ : ખૂબ વિકસિત અને ભરાવદાર હોય છે.

ચામડી અને વાળ :

ચામડી : ઢીલી, મુલાયમ અને આછા અથવા ઘેરા રંગની હોય છે.

વાળ : ટૂંકા, સફાઈદાર અને સુંવાળા હોય છે. નીચેનાં લક્ષણો ગીરજાતિમાં હોવાં હિતાવહ નથી :

(૧) લાલ સિવાય બીજો કોઈ પણ આખો રંગ હોવો;

(૨) ચપટું માથું;

(૩) સીધાં શિંગડાં;

(૪) કાળા ડાઘાની દીપડા જેવી ફીકા રંગવાળી ચામડી.

૬

પશુઉછેર ક્ષેત્ર

૧. ગૌશાળાનું સ્થળ, મકાન, પાણીનો પ્રબંધ વગેરે

"આવી દરેક સંસ્થા વસ્તીથી ખૂબ દૂર ખુલ્લામાં હોવી જોઈએ, જ્યાં ઘાસ થાય અને ઢોરોને ફરવા મળે એવી પુષ્કળ એટલે કે હજારો એકર જમીન હોય. જો બધી ગોશાળાઓ મારા હાથમાં હોય તો, ગાયોની આયાતના કામને સારુ* ઉપયોગી હોય તેટલી રહેવા દઈ, બાકીની બધી ગોશાળાઓ સારી કિંમતે વેચી નાખું, અને પડોશમાં ઉપર કહી તેવી ખુલ્લી જમીનો લઉં." ('ગોસેવા' : ગાંધીજી તા. ૩–૪–'૨૭)

બાપુજીએ ઉપર લખ્યું છે તેમ ગૌશાળાનું સ્થળ શાંત અને એકાંત જગ્યાએ જોઈએ, કે જેથી જાનવરોને ખુલ્લાં હવાપાણી મળે

* As receiving depots.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગંદકી તેમ જ અસ્વચ્છતા ફેલાતી અટકે. આવી જગ્યા તો ગામથી દૂર જ અને વિશાળ ચરાણ જમીનથી યુક્ત હોય; અને તે પણ એકાદ નદીને કિનારે હોય તો વળી સૌથી ઉત્તમ. પણ કાદવ થાય તેવી જમીનની પસંદગી કરવી નહિ.

ગાયોને ટાઢતડકાથી રક્ષણ આપવા "Cow-shed" એટલે કે ગૌશાળાનું છાપરું બનાવવું જરૂરી છે. આવાં છાપરાંઓમાં હવા-અજવાળાને પૂરતો અવકાશ અને પાકી ફરસ હોવાં જોઈએ, કે જેથી સફાઈ કરવામાં સરળતા રહે. મૂતર વહી જવા માટે પૂરતો ઢાળ તેમ જ તે ભેગું થાય તે માટે કૂંડી વગેરે હોવું જરૂરી છે. છાપરાની આજુ-બાજુનો ભાગ ત્રણ ચાર ફૂટની પડદીથી ચણી લેવો અને બાકીનો છાપરા સુધીનો બધો ભાગ ખુલ્લો રાખવો. વળી દરેક ગાય બાંધવાની જગ્યા એકબીજાથી જુદી પાડવી જોઈએ (પાઈપ વગેરે લગાડી); અને નીરણ માટે ચણેલી ગમાણ તેમ જ વચ્ચે ફરવા માટેનો રસ્તો હોવો જોઈએ.

ગાયો બે હારમાં બંધાય અગર એક હારમાં બંધાય, એમ બે રીતનું છાપરું બનાવી શકાય. છેવટે આપેલા નકશામાં દરેક ગાય દીઠ ૭૦ ચોરસ ફૂટ જગ્યા રાખી છે, પણ ૫૦ ચોરસ ફૂટ રાખીએ તોપણ ચાલે.

સાંઢનું છાપરું: સાંઢ માટે તે છૂટથી હરીફરી શકે તેવું સાથે વાડાવાળું છાપરું હોવું જોઈએ. સામાન્ય રીતે ૧૨' × ૧૦'નું છાપરું અને સાથે થોડી ખુલ્લી જગ્યા હોય તો ચાલે, જેથી સાંઢ મોકળાશથી હરીફરી શકે. વાડામાં પાણી પીવાની કૂંડી વગેરેની પણ વ્યવસ્થા હોવી જોઈએ.

વાછડાં પૂરવાનો વાડો: વાછડાં પૂરવાનો વાડો, કે જ્યાં તાપના સમયે વિશ્રામ લેવા છાંયડો મળે તેવું છાપરું પણ હોય એ ઇચ્છનીય છે. દરેક વાછડા માટે ૧૦ ચોરસ ફૂટ જગ્યા રાખવી (આમાં હરવાફરવાની જગ્યા અને છાપરાની બન્ને જુદી જુદી ગણવી — પ્રત્યેક દશ દશ ફૂટ).

જુદી જુદી ઉંમરનાં, જેમ કે ૧ થી ૩ માસ સુધીનાં, ૩ થી ૬ માસ સુધીનાં, ૬ માસથી ઉપરનાં, અને ધાવણ છોડાવેલાં વાછડાંઓને, જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકળાશ હોય તો, જુદાં રાખવાં જરૂરી છે. વાછડાં પૂરવાના વાડામાં પાણીનો પ્રબંધ અવશ્ય રાખવો.

દરેક ગૌશાળામાં એક દૂધઘર હોવું પણ જરૂરી છે. ગાયોને નવડાવી ધોવડાવી આ મકાનમાં માત્ર દૂધ કાઢવા જ લાવવામાં આવે. મકાનનાં બારીબારણાં વગેરે કાચનાં હોય, જેથી અંદર માખી વગેરે આવી શકે નહીં. આ જાતની વ્યવસ્થાથી દૂધ ચોખ્ખું રાખી શકાય.

વિયાયેલી ગાયો અને થોડા દિવસમાં વિયાવાની હોય તેવી ગાયોને બાંધવા માટે જુદાં જુદાં ઘરોની વ્યવસ્થા હોવી હિતાવહ છે. વળી વિયાવાના સમયે પણ ગાયને તે માટે મુકરર કરેલી જગ્યાએ જ લઈ જવી. આ રીતે રાખવાથી વ્યવસ્થા રાખવાનું ઘણું જ સુગમ પડે છે.

ખાણ-ખોરાકી ભરવાના કોઠારો, નોકરચાકર અને સંસ્થાના સંચાલકોને રહેવાનાં ઘરો, કાર્યાલય, વગેરેની વ્યવસ્થા પણ જરૂરી છે. માંદાં જાનવરોને રાખવાનું મકાન તેમ જ દવાખાનાની પણ વ્યવસ્થા સંસ્થામાં હોવી જરૂરી છે. (માંદાં જાનવરોનું સ્થાન જરા દૂર અને ત્યાંની હવા સારાં જાનવરોની બાજુ ન આવે તેવું રાખવું.)

આ બધા પાછળ સાદાઈ અને પરિસ્થિતિનો ખ્યાલ કરી ખર્ચ કરવો. ભવ્ય મહાલયો બાંધવાની જરૂર નથી, કારણ આપણા દેશને આવી ભવ્યતા મોંઘી પડે. સાદાં છાપરાંમાં પણ ગાયોને ટાઢતડકાથી રક્ષણ આપી શકાય. આજે આપણા દેશમાં પશ્ચિમનું અનુકરણ કરવામાં આવે છે. પણ તેમ ન કરતાં જો પૂરતું સાધન હોય તો મકાનોમાં પૈસા રોકવા કરતાં ખાણ-ખોરાકીમાં રોકવા અને જાનવરોની તંદુરસ્તી સંભાળવી.

પાણી : મકાનોની વ્યવસ્થા પછી પાણીનો પ્રબંધ કરવાનો મુદ્દો આવે છે. જો પાકી ગૌશાળા હોય તો પાણી સારું એવું જોઈએ. વળી જાનવરોને લીલો ચારો ખવડાવવા પીત કરવું પડે, જે પાણીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરવઠા દ્વારા જ થઈ શકે. એટલે દરેક ગૌશાળામાં એકાદ બે પાકા કૂવા અને પંપની સગવડ હોવી જરૂરી છે.

કેટલ ડીપ : કેટલ ડીપ એટલે જાનવરોને નવડાવવાનો હોજ. તેમાં જંતુનાશક ઝેરી દવાઓ નાખવામાં આવે છે. એટલે તેમાં જાનવરોને નવડાવી ચેપી રોગના જંતુઓથી બચાવાય છે. પણ કેટલ ડીપની ઝેરી દવાઓવાળું પાણી જાનવર કદાચ પી લે તો પંચાત થાય, એટલે તેની જગ્યાએ હવે સ્પ્રે પંપ અને ડસ્ટ પંપ દ્વારા કામ લેવામાં આવે છે.

૨. સારાં જાનવરની પસંદગી

ઉત્તમ સ્થાન પસંદ કર્યા બાદ મહત્ત્વનો મુદ્દો જાનવરની પસંદગીનો આવે છે. ઉત્તમ જાનવરો જ જો સંસ્થામાં હોય નહિ તો સરવાળે સંસ્થાને આર્થિક દૃષ્ટિએ ઘણું જ વેઠવું પડે છે. એટલે સંસ્થા માટે ઉત્તમ જાનવરો જ રાખવાં અને તે પણ પરીક્ષા કરીને. ઉત્તમ જાનવરો પસંદ કરવામાં કઈ કઈ બાબતો જોવી જોઈએ ?

ઉત્તમ ગાયની પસંદગી : સારી ગાયનું ઉત્તમ લક્ષણ એ છે કે, તે ખભાથી પૂંછડા સુધી લાંબી હોય, તેની પીઠ સીધી અને મજબૂત હોય, પેટ વિશાળ હોય કે જેથી પૂરતાં પ્રમાણમાં ચારદાણો ખાઈ શકે. પાંસળીઓ ઊપસેલી અને ગણી શકાય તેવી હોવી જોઈએ. દુધાળ ગાય વધારે માંસલ અને ભરાવદાર શરીરવાળી હોતી નથી. સારી ગાયની ચામડી પણ ચકચકિત અને મુલાયમ હોય છે.

ગાયને પાછળથી જોતાં એનો પૃષ્ઠ ભાગ સારી રીતે પહોળો હોવો જોઈએ, જેથી ગર્ભનો વિકાસ સારી રીતે થાય. આઉ ભરાવદાર અને વિશાળ, આંચળો સરખે અંતરે અને વ્યવસ્થિત ગોઠવાયેલા તથા દુગ્ધવાહિની નળીઓ પુષ્ટ હોવી જોઈએ. આઉ વધારેપડતું લટકતું ન રહેતાં ઊંડાણમાં હોય તો ઉત્તમ ગણાય.

ગાયના દાંત વગેરે જોઈ ઉંમરની ખાતરી કરી લેવી જોઈએ; અને તેના કુળનો ઇતિહાસ પણ જોવો. ઇતિહાસમાં વિયાણની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમિતતા, દૂઝણાના દિવસો, પહેલા વિયાણ વખતની ઉંમર, દૂધ આપવાની શક્તિ અને શુદ્ધ ઓલાદની ગાય છે કે નહિ તે જોવું.

સામાન્ય રીતે વિયાયેલી ગાય જ લેવી. કારણ તે સ્થિતિમાં પરીક્ષા સંપૂર્ણ રીતે થઈ શકે છે, અને છેતરાવાનો ભય રહેતો નથી. ખરીદતાં અગાઉ બે ચાર ટંક દૂધ પણ દોહી જોવું.

એક કવિના નીચેના છપ્પા ઉપરથી આપણને ગાયનાં શુભાશુભ લક્ષણોનો સારો એવો ખ્યાલ આવે છે:

उदर कुक्षी कुल्हे दोऊ माथा छाती पीठ ।
ऊँचे उभरे अंग छै यह शुभ लछ्छन दीठ ॥
युगल नेत्र अरु कर्ण हो विस्तृत और समान ।
मस्तक ऊँचो लेखिये सबविधि उत्तम खान ॥
गल कम्बल गर्दन तथा पूँछ सघन दोऊ रान ।
लंबेचौड़े अंग लखी अुत्तम कहत सुजान ॥

ગાયનાં અશુભ લક્ષણો: શરીરની લંબાઈ ટૂંકી હોય, ગરદન નાની હોય, ચામડી જાડી અને બરછટ હોય, પગ અને જાંઘ નજીક નજીક અને એકબીજાને ઘસાતાં હોય, થાન બેડોળ અને લટકતું હોય, દૂધવાહિની શિરાઓ વિકસિત ન હોય, વગેરે ગાયનાં અશુભ લક્ષણો ગણાય. આવી ગાયની પસંદગી ગૌશાળા માટે કરવી નહિ.

વળી એક ખાસ લક્ષમાં લેવા જેવી વાત એ છે કે, સરકારી ફાર્મનું એક પણ જાનવર સારા વિશ્વાસુ નિષ્ણાતની સલાહ વગર લેવું નહિ. કારણ સામાન્ય રીતે તેમાંથી કાંઈ ને કાંઈ ખોડવાળાં જાનવરોને જ કાઢી નાખવામાં આવે છે. આ બાબતનો મને પોતાને પણ અનુભવ થયેલો છે. એટલે દરેકે આ વાત ખાસ લક્ષમાં રાખવી.

ઉત્તમ સાંઢની પસંદગી: दुर्लभो वृषभो यत्र, गोजातिस्तत्र नश्यति ॥ — 'જ્યાં સાંઢ દુર્લભ હોય ત્યાં ગાયોનો નાશ થાય છે' (યુક્તિકલ્પતરુ). આગળ આપણે ગાયની પસંદગી વિશે જોયું. તે જ પ્રમાણે સાંઢની પસંદગીમાં ધ્યાન રાખવું ઘણું જરૂરી છે. ગાયની પસંદગી કરતાં પણ તેની પસંદગીનું કામ અગત્યનું છે. કારણ આખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધણનો આધાર સાંઢ ઉપર રહેલો છે. એક વિદ્વાને લખ્યું છે કે "સાંઢ એ ગાયના અડધા ધણ બરાબર છે." (Bull is half the herd.)

વળી જે જાતનું ધણ બનાવવું હોય તે જાતનો જ સાંઢ પસંદ કરવો અને ગાયો તેના વડે જ ફળાવવી. ગામડાંઓમાં આ બાબત અત્યંત દુર્લક્ષ અપાય છે, કારણ ગ્રામજનોની અજ્ઞાનતા છે. પરિણામે આજની પરિસ્થિતિ ઊભી થઈ છે. પશુધનનો ઉત્તરોત્તર ઘ્રાસ થતો જાય છે અને દિવસે દિવસે જનવરોમાં વર્ણસંકરતાનું પ્રમાણ વધતું જાય છે. આ પરિસ્થિતિ ટાળવા આપણે ઉત્તમ સાંઢનો પ્રચાર કરી ઓલાદ સુધારવાની જરૂર છે. હવે આપણે સાંઢની પરીક્ષા માટે કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ તે જોઈએ.

સૌથી પ્રથમ સાંઢની પસંદગી કરતાં તેની વંશાવળી ખાસ જોવી જોઈએ. તેમાં તેની માતા અને માતામહીના દૂધ સંબંધી, નિયમિત વિયાણ સંબંધી, દૂઝણા તેમ જ વસૂકેલા દિવસોની મુદત સંબંધીની વિગતો જોવી જોઈએ. ફળાઉ સાંઢ હોય તો તેની ઓલાદનો ઇતિહાસ પણ જોવો, જેથી તેનાં બચ્ચાંએ કેવી પ્રગતિ કરી છે તે જણાય.

તેનાં બીજાં ખાસ લક્ષણો :— શરીરનો બાંધો મજબૂત; શરીર સુદઢ અને આકર્ષક દેખાવવાળું; ચામડી ચકચકતી અને સુંવાળી; વિશાળ ગરદન; પીઠ લાંબી, પહોળી અને સીધી; લાંબા, પહોળા કાન; પૂંછડું લાંબું અને જમીન સુધી અડે એવું; તથા ભરાવદાર મુતરડું પેટે અડકેલું અને પગ ભરાવદાર તથા મજબૂત.

આ ઉપરાંત બીજાં બધાં લક્ષણો ગાય જેવાં જોવાં જોઈએ.

૩. ખાણદાણ સંબંધી

સારાં જાનવર પસંદ કર્યા બાદ બીજી મહત્ત્વની વસ્તુ તે ઢોરના ખાણદાણની કાળજી. આમાં કયું ઘાસ સારું પડે, વિયાયેલાં, વસૂકેલાં, વાછડાં, સાંઢ, બળદ વગેરેને કેટલા પ્રમાણમાં ઘાસચારો આપવો, લીલા અને સૂકા ચારાના ગુણદોષો કયા કયા છે, વગેરે બાબતોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણ જરૂરી છે. માત્ર સારી ઓલાદનાં જાનવરોથી જ ઉન્નતિ સાધી શકાતી નથી. તેનું પાલનપોષણ પણ શાસ્ત્રીય ઢબે થવું જોઈએ.

જાનવરને ખોરાક તેના શરીરના પોષણ માટે (For maintenance), તેની પાસેથી કામ લેવા માટે (For work & production), ગર્ભવૃદ્ધિ માટે (For pregnancy), અને ચરબી વધારવા માટે (For fattening) આપવો જરૂરી છે.

જાનવરના ખોરાકના બે પ્રકાર પાડી શકાય: (૧) ઘાસચારો (Roughage), (૨) ખાણદાણ (Concentrates).

(૧) ઘાસચારો: જાનવરને તેના વજનના પ્રમાણમાં ઘાસચારો આપવો જોઈએ. એક હજાર રતલ વજનવાળા જાનવરને ૨૦ રતલ કડબી પૂરતી છે. પછી દરેક ૧૦૦ રતલ વધારે કે ઓછા વજન માટે ૧½ રતલ કડબી વધારવી કે ઘટાડવી જોઈએ. પણ આમાં કડબી સારી હોવી જોઈએ. હલકી અને વધારે રાડાં પડતાં હોય તેવી કડબનું પ્રમાણ વધારવું. સામાન્ય રીતે ૧૦૦ રતલ જાનવરના વજને ૨ થી ૨॥ રતલ સૂકો ચારો, અથવા ૫ થી ૭ રતલ લીલો ચારો આપવો પડે છે તે મુદ્દો ધ્યાનમાં રાખવો. સૂકા કરતાં લીલાનું પ્રમાણ બે ત્રણ ગણું રાખવું પડે છે, કારણ તેમાં પાણીનો ભાગ હોય છે.

જાનવરને સૂકો ચારો ખવડાવવા કરતાં લીલો ચારો ખવડાવવો સારો પડે છે, કારણ તેમાં પોષકતત્ત્વોનું પ્રમાણ ખૂબ સારા પ્રમાણમાં હોય છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, પૂરતા પ્રમાણમાં ચરવાનું અને લીલું ઘાસ મળે તો જાનવરને ઇતર ખાણદાણની બિલકુલ જરૂર રહેતી નથી. જાનવરને છૂટાં ચરાવવા માટે પુખ્ત ઉંમરના જાનવર દીઠ ૨ એકર જમીન હોવી આવશ્યક છે.

સૂકું ઘાસ: સૂકા ઘાસમાં ઝીંઝવો, ગાંધું, મોશી, ખારિયું, વાઘનોરું, હરિયાળી (ધરો) દાભ, સુરવાલુ, વગેરે મુખ્ય છે. તે ઉપરાંત ખેતરમાંથી નીપજતાં ખડ જેવાં કે જુવાર બાજરીની કડબ, પરાળ, તુવરનું ગોતર, ઘઉંનું કૂંવળ, મગફળીનું કાઠું વગેરે હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતમાં સામાન્ય રીતે ખેડૂતો મોટા પ્રમાણમાં જમીન ખેડતા હોઈ તેઓ પોતાનાં જનવરો માટે વિપુલ ઘાસચારો મેળવે છે. જ્યારે માલધારી પશુપાલકો અર્થાત્ રબારી, ભરવાડો પોતાનાં જનવરોને લઈને નદીકાંઠાના લીલા પ્રદેશમાં ફેરવી પાલનપોષણ કરે છે.

જે સંસ્થા પાસે પર્યાપ્ત માત્રામાં જમીન હોય તેણે ઉપરનાં ઘાસોમાંથી કેટલાંક સારાં ઘાસનાં બી વાવી સરસ ચરાણનું સાધન બનાવી લેવું જરૂરી છે.

ઉપરોક્ત ઘાસોમાં ઝીંઝવો, ગાંધું, મોશી તથા ખેતીનાં નીપજતાં ખડોમાં જુવારની કડબી તથા બાટું અને મગફળીનું કાઢું ઉત્તમ છે. આ ઘાસચારા ઉપરાંત બાવળના પરડા, મહુડાં વગેરે પણ જનવરોને અપાય છે.

કડબ તેમ જ સૂકું યા લીલું ઘાસ મશીનથી કાપીને ખવડાવવાનો રિવાજ ઉત્તર હિન્દમાં છે. ગુજરાતમાં આ પદ્ધતિ દાખલ કરવા જેવી છે, જેથી ઘાસચારો બગડી ઉકરડા ન ભરાતાં ઘાસની અછતના સમયમાં ઘાસનો બચાવ થાય.

લીલાં ઘાસ : આમાં બરસીમ, રજકો, જુવાર, મકાઈ, મેન્ગોલ્ડ ગાજર, ગીની ઘાસ, એલિફન્ટ ઘાસ અને સ્વીડ વગેરેનો સમાવેશ થાય છે. તેમાંય લીલી જુવાર, બરસીમ અને મેન્ગોલ્ડને ઉત્તમ ગણી શકાય. લીલો ઘાસચારો કેટલો ઉપયોગી છે તે આપણે ઉપર જોઈ ગયા.

સાયલો : સાયલો એટલે લીલા ઘાસને સંઘરવાનો કોઠો. જ્યારે ઉનાળામાં જનવરોને લીલો ચારો પૂરતા પ્રમાણમાં આપી શકાતો નથી ત્યારે સાયલાનું ઘાસ લીલા ચારાની ગરજ સારે છે. સામાન્ય રીતે સાયલો બનાવવામાં જુવાર, મકાઈ, એલિફન્ટ ઘાસ વગેરે કામમાં લેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાયલાથી થતા ફાયદા :

(૧) લીલું ઘાસ મળતું ન હોય ત્યારે સાયલાનું ઘાસ સૂકા ઘાસ કરતાં ખવડાવવું સારું પડે છે.

(૨) તેનાથી જાનવરની તંદુરસ્તી સારી રહે છે. વળી તે પચવામાં સૂકા ઘાસ કરતાં હલકું હોય છે.

(૩) સૂકા ઘાસથી તંદુરસ્તી સારી ન રહેતી હોય તો સાયલેજ ખવડાવવાથી સારી રહે છે.

(૪) સૂકું ઘાસ ખવડાવીએ તે કરતાં સાયલાનું ઘાસ ખવડાવીએ તો દૂધમાં વધારો થાય છે.

(૫) સૂકા ઘાસ કરતાં તેમાં પોષક તત્વો વધારે રહે છે.

સાયલાના કોઠા ત્રણ પ્રકારના બનાવી શકાય :

(૧) જમીનની અંદરના સાયલાનો આકાર ગોળ હોય છે. તેની બાંધણી કાચી અગર પાકી થઈ શકે છે.

(૨) જમીન ઉપરનો પાકો સાયલો.

(૩) અર્ધો જમીનમાં તેમ અર્ધો બહાર હોય તેવો સાયલો પણ બનાવી શકાય છે.

સાયલો બનાવવામાં ઊંચી જગ્યા પસંદ કરવી. વળી કાચો સાયલો બનાવવો હોય તો જમીનમાંથી પાણી ઝમી સાયલામાં ન જાય તેવી જગ્યા હોવી જોઈએ, તો જ કાચો સાયલો બની શકે.

સાયલાનું માપ : સાયલાનું માપ જાનવરની સંખ્યા અને વપરાશના પ્રમાણમાં રાખવું જોઈએ. સામાન્ય રીતે એક જાનવરને રોજ ૧૫ શેર સાયલાનું ઘાસ જોઈએ. જ્યારે એક ઘનફૂટમાં ૩૫ રતલ ઘાસ સમાય છે. આ બે વસ્તુ ધ્યાનમાં રાખીએ તો સાયલાનું માપ કેટલું રાખવું તે સમજાશે.

સાયલો ભરવાની રીત : જે પાકને સાયલામાં ભરવો હોય તેને ફૂલ આવતાં કાપી લેવો અને ખાડામાં આખો અગર કાપેલો નાખતા જઈ ઉપરથી દબાવતા જવું. ખાડો જેમ બને તેમ જલદી ભરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવો. ખાડો પૂરવામાં જમીનની સપાટીથી પાંચ ફૂટ ઊંચે સુધી ઘાસ ભરવું, કારણ વખત જતાં ઘાસ દબાઈ જાય છે. બાદ ઉપર બે ફૂટ માટી નાખવી અને દબાવી દેવું. ઉપર માટીમાં જો ફાટ પડે તો તેને પૂરતા જવું અને અંદર હવા જવા દેવી નહિ. સાયલો ભરવાનું કામ ૮ થી ૧૦ દિવસમાં પૂરું થવું જોઈએ વળી ભરતી વખતે બે ફૂટના દરેક થરે ૧,૦૦૦ રતલે ૧ શેર મીઠું નાખવું.

આ રીતે તૈયાર થયેલું ઘાસ શરૂમાં જાનવરો ખાતાં નથી, પણ ધીમે ધીમે ટેવાઈ જાય છે.

(૨) ખાણદાણ : માત્ર ઘાસચારો આપવાથી જાનવરની તંદુરસ્તી જળવાતી નથી. તે માટે ખાણમાં થોડો દાણો પણ આપવો જરૂરી છે. ખાણમાં કપાસિયા, તલી કે મગફળીનો ખોળ, ભરડેલાં કઠોળ, ઘઉંનું ભૂસું, કુશકી વગેરે વસ્તુમાંથી ત્રણ ચારનું મિશ્રણ કરી ઢોરની વય અને શરીરના હાડના પ્રમાણમાં તે આપવું જોઈએ. ખવડાવતા પહેલાં તેને બે ત્રણ કલાક પલાળી રાખવામાં આવે તો ઉત્તમ. વળી સાથે જ જાનવરને ૧ અધોળ જેટલું મીઠું આપવું. ગૌશાળામાં ચાટવા માટે સિંધાલૂણના પથ્થરો પણ રાખવા.

પ્રત્યેક જાનવરને કેટલો ઘાસચારો અને ખાણદાણ આપવું તેનું કોષ્ટક છેવટે પરિશિષ્ટમાં આપ્યું છે. સ્થળ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે તેમાં ફેરફાર કરી લેવો જોઈએ.

ખાણદાણની સમતુલા જાળવવા ઉપરાંત પણ જાનવરની માવજત, તેને બાંધવાના સ્થળની સ્વચ્છતા, માખી, જિંગોડી, વગેરેથી બચાવ વગેરે બાબતો પણ ધ્યાનમાં લેવી જોઈએ. આ અંગે આગળ ઉપર યોગ્ય સ્થળે ચર્ચા કરી છે.

ઘાસચારો ને ખાણદાણ કેટલા પ્રમાણમાં આપવાં, ક્યાં આપવાં વગેરેનું સ્પષ્ટીકરણ આપણે કરી ગયા. પણ આ બધા ઉપરાંત જાનવરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માવજત કરવા માટે પ્રત્યેક કાર્ય નિયમિત અને નિશ્ચિત સમયે જ કરવું જોઈએ. તે માટે ગોપાલકે એક સમયપત્રક બનાવવું જોઈએ. સમયસર અને નિયમિતતાથી જાનવરની માવજત કરવાથી તેનામાં ૬ મહિનામાં જ અદ્‌ભુત ફેરફાર થશે. એક કહેવત છે કે "Owner's eye fattens the cow" અર્થાત્ માણસના પ્રેમ અને લગનીની અસર પણ જાનવર ઉપર પડે છે. અત્રે માર્ગદર્શન માટે નમૂનારૂપ એક સમયપત્રક પાછળ જોડયું છે. તેમાં દરેકે પોતાને અનુકૂળ ફેરફારો કરી લેવા.

ખાણદાણની વાત પૂરી કરતા પહેલાં એક મુદ્દાનો અત્રે નિર્દેશ કરવો આવશ્યક છે. કેટલીક વાર દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થતાં માલધારીઓને ઘાસચારા માટે વિમાસણમાં મુકાવું પડે છે. તે મુસીબત ટાળવા માટે વિપુલ સાધનવાળાઓએ તો પોતાનાં જાનવરોને એક વર્ષ ચાલે તેટલો ઘાસચારો સંઘરી રાખવો જોઈએ. ત્યારે ટૂંકી આવકવાળાઓએ ભેગા મળી સહકારી મંડળી દ્વારા એક વર્ષનો ઘાસચારો સંઘરવો અને તેમાં જૂના નવાની ફેરબદલી કર્યા કરવી. ટૂંકમાં કોઈ વર્ષે વર્ષા ન થાય અને ઘાસચારો બિલકુલ ન થાય તોપણ આપણે આપણાં જાનવરોને જિવાડી શકીએ તેવી જોગવાઈ કરવી જોઈએ. છેલ્લાં ચાર પાંચ વર્ષથી ગુજરાતમાં વર્ષાની અનિયમિતતાથી સહન કરવું પડે છે તે નિવારવાનો ઉપાય કરવો જ જોઈએ.

૪. વ્યવસ્થા

આપણે ગાયના રહેઠાણ, ખાણદાણ વગેરે બાબત જોઈ, પણ પર્યાપ્ત માત્રામાં ખાણદાણ, ઉત્તમ રહેઠાણ વગેરે બધી જ સગવડ હોય, છતાં જો નિષ્ણાત વ્યવસ્થાપક પાસે તેનું સંચાલન ન હોય તો જોઈએ તેવું સારું પરિણામ આવતું નથી.

આજે ગૌશાળાઓમાં સારા B. Sc. (Agr. or Vet.) થયેલા અગર પરદેશની બીજી કોઈ (Zoo-Tech.) ઉપાધિ પ્રાપ્ત કરેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્વાનને રોકવાની બાબતમાં આપણા લોકો ખાસ ધ્યાન આપતા નથી અને ગમે તે સાધારણ માણસને સંચાલનનું કામ સોંપે છે. પૂજ્ય ગાંધીજીએ પણ વ્યવસ્થાપકની બાબતમાં ભાર મૂક્યો છે. તેમનું કહેવું હતું કે,

"આ માટે કોઈ હિન્દુસ્તાની નિષ્ણાત ન મળે તો હું નિખાલસપણે વિદેશી નિષ્ણાતોની સેવા લેવામાં હરકત માનતો નથી."

વળી આવા નિષ્ણાતોના હાથ નીચે પૂરતી સંખ્યામાં સ્ટોક મેનો વગેરે હોવા જોઈએ કે જેઓ દૂધની, ખાણની, આખલાની સર્વિસની, વિયાવાની, માંદાઓની સારવારની વગેરે કાર્યોની વ્યવસ્થિત નોંધવહીઓ રાખે, તેમ નિયામકની સલાહસૂચના પ્રમાણે કામ કરે. જુદી જુદી દરેક ફરજ માટે એક અગર બે ફરજો માટે એક એમ સ્વતંત્ર કાર્યકર રોકવો જોઈએ.

હિસાબી પત્રકો : ગૌશાળાની સમગ્ર વ્યવસ્થા અને સંચાલનનો ખ્યાલ આવે, તેમ હિસાબ રહે તે માટે જુદાં જુદાં કેટલાંક પત્રકો રાખવાં જરૂરી છે. તેવાં કેટલાંક મહત્ત્વનાં પત્રકોનાં નામ અને તેનો ઉપયોગ નીચે આપ્યો છે :

૧. ગાયોનો ઇતિહાસ અને કુળપરંપરા-પત્રક : સુવ્યસ્થિત ગૌશાળામાં આ પત્રક રાખવું જરૂરી છે. આમાં ગાયના જીવનનો સમગ્ર ઇતિહાસ, તેનાં માબાપની હકીકત, તેના પોતાના દૂધની તેમ માતાના દૂધની માહિતી, દૂઝણા દિવસ, વસૂકેલા દિવસ, સાંઢ કળવાની, વિયાવાની તેમ બચ્ચાની વગેરે સંપૂર્ણ માહિતી રાખવામાં આવે છે. જો આપણે આપણાં જનવરોની ઓલાદ સુધારવા માગતા હોઈએ તો આ પત્રક રાખવું અતિ આવશ્યક છે.

૨. દૈનિક દૂધ-ઉત્પાદન બતાવતું પત્રક : આમાં ગાયનાં નામના નંબર અને તારીખવાર રોજના દૂધની નોંધ કરવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. દરરોજના ખાણનું પત્રક : આમાં રોજ ખાણદાણું કેટલું વપરાયું તેની તારીખવાર નોંધ કરવી જોઈએ, જેથી હિસાબ રાખવામાં સરળતા વધે.

૪. સર્વિસ રજિસ્ટર : આમાં ગાય કયા દિવસે કયા આખલાથી ફળી તેની નોંધ લેવાય છે; અને અંદાજે તે ક્યારે વિયાશે તેની તારીખ નોંધવામાં આવે છે. આથી સંચાલકને ખબર પડે કે કેટલી ગાયો ક્યારે વિયાવાની છે ને કઈ ગાયને વિશેષ માવજતની જરૂર છે.

૫. લાઈવસ્ટોક રજિસ્ટર : આ પત્રકમાં દરેક જનવરનું નામ, નંબર, જાતિ વગેરે નોંધાય છે, જેથી આપણને ખબર રહે કે ગૌશાળામાં કેટલી ગાયો છે, કેટલા વાછડા છે, કેટલા સાંઢ છે વગેરે.

૬. દૈનિક હિસાબવહી : આ પત્રકમાં રોજની આવક જાવક લખવી જોઈએ, જેથી નફો નુકસાન કાઢી શકાય અને હિસાબ ચોખ્ખો રહે.

આ ઉપરાંત અનુકૂળતા અને સગવડ મુજબ બીજાં પત્રકો બનાવી લેવાં જોઈએ. આ કામ વ્યવસ્થાપકનું છે. સંસ્થામાં કઈ જાતનાં પત્રકો રાખવાં જોઈએ તેનાં નામ પરિશિષ્ટમાં આપ્યાં છે.

ઓળખચિહ્ન : દરેક ગૌશાળામાં ગાયોને નામ અને નંબર આપવાની પદ્ધતિ છે. નવાં વાછડાં જન્મ્યા બાદ છ થી બાર મહિનાનાં થતાં તેઓના શરીર પર નંબર નાખવાનો રિવાજ છે. જેને "બ્રેન્ડિન્ગ" (Branding) કહે છે. આમાં લોખંડના સળિયાથી બનાવેલા અક્ષરોને તપાવીને શરીરે ડામ દઈ નંબર પાડવામાં આવે છે. કેમિકલથી પણ નંબર પાડી શકાય છે. તે બજારમાં મળે છે.

આ રીત મને પોતાને જરા ઘાતકી લાગે છે. માત્ર ઓળખવા ખાતર નંબર નાખવો પડે તેનો અર્થ એ થાય કે, પશુપાલક અગર નિયામકની પોતાનાં જનવરો સાથેની આત્મીયતા ઓછી છે. નહિ તો એકબીજાના જીવ મળી જતાં એક માણસ ગમે તેટલાં જનવરોને ઓળખી શકે છે. હા, સંબોધન ખાતર કેવળ નામ આપવામાં આવે તે બરાબર છે અને જરૂરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વચ્છતા અને આરોગ્ય : ગૌશાળાનો દરેક ભાગ ખૂબ જ સ્વચ્છ રહે. માખી મગતરાં થાય નહિ તેની પૂરતી કાળજી વ્યવસ્થાપકે રાખવી જોઈએ. ગંદકીમાંથી જ અનેક રોગોનો ફેલાવો થવાનો સંભવ છે. માટે સ્વચ્છતા ઉપર ખૂબ જ ભાર મૂકવો જરૂરી છે.

દૂધ દોહવાનાં વાસણો પણ સ્વચ્છ રહેવાં જોઈએ અને તે રોજ ગરમ પાણીથી ધોવાવાં જોઈએ. દૂધ કાઢવા ખુલ્લી ડોલ ન વાપરતાં ઢાંકણવાળી ડોલ વાપરવી. વળી દૂધ કાઢવાના સમયે ગાયનું આઉ પણ બરોબર ધોઈને સાફ કરવું. કેટલેક સ્થળે જ્યાં સગવડ હોય અને દૂધ દોહવાનું જુદું જ ઘર હોય ત્યાં તો ગાયને ઉનાળામાં નવડાવીને જ લઈ જવી જોઈએ.

વળી દૂધ કાઢનાર માણસે પણ સ્વચ્છતાથી દોહન ક્રિયા કરવી જોઈએ. દૂધ દોહવાની બે પદ્ધતિ છે : એક આંગળીઓની મૂઠી વાળીને અંગૂઠાથી હથેળીમાં દાબ આપીને કાઢવાની; અને બીજી ખુલ્લી મૂઠી રાખી દૂધ કાઢવાની. આમાં પહેલી પદ્ધતિ સારી નથી.

સ્વચ્છતા અને પૂરતી માવજત હોય તો મોટે ભાગે જાનવર તંદુરસ્ત જ રહે છે. છતાં કોઈ અસ્વસ્થ જણાય તો તેનો તરત ઉપાય કરવો અને ઘટે તો તબીબી સલાહ પણ લેવી.

ગોપ્રસૂતિ : ગાયની પ્રસૂતિના સમયે પણ કેટલીક કાળજી લેવાવી જોઈએ. તેમાં મુખ્યત્વે ગાય વિયાયા બાદ તેની અને વાછડાની સફાઈ તેમ જ માવજત થવી વિશેષ જરૂરી છે.

ગાય કયા દિવસોમાં વિયાશે તેની આપણને તેની ફળ્યા તારીખ ઉપરથી ખબર પડી જાય છે. વિયાવાની હોય તે દરમિયાન તેને દોડાવવી કે કુદાવવી નહિ. તેમ બીજાં જાનવરોની તોફાન મસ્તીથી પણ તેને રક્ષણ આપવું.

વાછડું જન્મ્યા બાદ ગાયને ઓર પડી કે નહિ તેની ખાસ કાળજી રાખવી. જો મેલી ત્રણ ચાર કલાકમાં ન પડે તો દાક્તરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સલાહ લઈ યોગ્ય ઉપચારો કરવા. (ગાય વિયાય કે તરત બશેર ત્રણ શેર ડાંગર ખવડાવવાથી મેલી ઝટ પડે છે.) મેલી પડ્યા બાદ તેને દાટવાની વ્યવસ્થા કરવી. ગાય ઘણી વાર તે ખાઈ જાય છે. તેમ ન થાય તેની પૂરતી તકેદારી રાખવી.

પ્રસૂતિ બાદ ગાયને તેમ જ તેના વાછડાને ગરમ પાણીથી નવડાવવાં. વળી વાછડાના ખર પણ થોડા થોડા કાપવા. જન્મે તે વખતે તે અણીદાર હોય છે. એટલે વાછડાને ઊભા થવામાં મુશ્કેલી પડે છે. માટે છરીથી અગર હાથથી થોડો થોડો ભાગ કાપી સરખો કરવો. (આ ક્રિયા વાછડું જન્મતાં જ કરવી, નહિ તો ખર પાકા થઈ જવાથી મુશ્કેલી પડે છે.) નાડનો ભાગ પણ દોરો બાંધી ટીંચર આયોડીન ચોપડી કાપી નાખવો. ન કાપીએ તો એની જાતે પણ થોડા દિવસ પછી ખરી પડે છે.

ઉપર કેટલીક ધ્યાન આપવા જેવી બાબતો આપણે જોઈ. તે મુજબ ગોપાલકે અર્થાત્ વ્યવસ્થાપકે ખાસ કાળજી રાખી સંચાલન કરવું જોઈએ. એ રીતે માવજત અને સેવા સુશ્રૂષા કરવાથી જ જાનવર સુંદર, સ્વસ્થ અને તંદુરસ્ત રહી શકે અને તેની ઉન્નતિ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

ગુજરાતનાં પશુઉછેર ક્ષેત્રો

(ઇતિહાસ અને માહિતી)

પશુઉછેર અને સંવર્ધનનું મહત્ત્વ, તે માટે રાખવી જોઈતી સંભાળ, આદર્શ ગૌશાળા માટેની જગ્યા, મકાન વગેરેની પસંદગી અંગે આપણે આગળ જોઈ ગયા. હવે આ રીતે શાસ્ત્રીય ઢબથી ચાલતાં ગુજરાતનાં કાંકરેજ અને ગીરવંશોની ઉછેર કરતાં ક્ષેત્રોનો ઐતિહાસિક વિકાસક્રમ, તેની આધુનિક કાર્યપદ્ધતિ અને તેમણે અનુભવથી કરેલાં સંશોધનો વગેરે બાબતની કેટલાંક ક્ષેત્રોની જાતતપાસ અને કેટલાકના રિપોર્ટ ઉપરથી જે માહિતી એકત્ર કરી છે તે અત્રે જોઈએ. તે ઉપરથી કાંકરેજ અને ગીર ઓલાદે કરેલી પ્રગતિનો પણ ખ્યાલ આવશે. આ જાતની તપાસ માટે એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી તે પરિશિષ્ટમાં આપી છે.

ગુજરાતમાં ગૌશાળાઓ અને પાંજરાપોળો લગભગ બધા જ નાના મોટા કસબાઓ અને શહેરોમાં છે. પરંતુ તે બધામાં શાસ્ત્રીય ઢબે પશુસંવર્ધનનું કાર્ય થતું ન હોવાથી, આ તપાસમાં માત્ર શાસ્ત્રીય રીતે કાર્ય કરતી સરકારી તેમ જ બિનસરકારી સંસ્થાઓની વિગત મેળવી છે. સૌરાષ્ટ્રમાંથી માત્ર આંબલાની જ સંસ્થા લીધી છે. જોકે સૌરાષ્ટ્રમાં પણ જામનગર, ભાવનગર, તેમ જ જૂનાગઢ રાજ્યોની બીજી પણ કેટલીક ગૌશાળાઓ છે, પણ તેની માહિતી સમયમર્યાદાને લઈને મેળવી શકાઈ નથી.

૧. "નૉર્થકોટ કૅટલફાર્મ", છારોડી:

પૂર્વ ઇતિહાસ અને ઉદ્દેશ: ૧૮૯૯–૧૯૦૦ની સાલમાં મુંબઈ પ્રાંતના મોટા ભાગમાં દુકાળ પડ્યો, જે છપ્પનિયાના નામથી પ્રસિદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આ દુષ્કાળમાં પાક બિલકુલ નિષ્ફળ ગયો અને પાણીની પણ સારી એવી તંગી થઈ. આવી પરિસ્થિતિમાં ખેડૂતો તેમ જ તેમનાં જાનવરોની ભારે દુર્દશા થઈ. ઉત્તર ગુજરાતમાં કે જ્યાં સારાં વર્ષોમાં પણ થોડેઘણે અંશે વેઠવું પડે છે, ત્યાં દુષ્કાળની પરિસ્થિતિમાં તો પૂછવું જ શું ! પરિણામે, ત્યાંની પ્રખ્યાત સ્થાનિક ઓલાદ "કાંકરેજ" અથવા "વઢિયાર" ઉપર પણ આફત ઊતરી પડી.

પણ તે વખતના મુંબઈ પ્રાંતના ગવર્નર શ્રી નૉર્થકોટે આ ઓલાદનું રક્ષણ કરવા રૂ. ૨૦,૦૦૦)ની દેણગી આપી. આ રકમમાંથી ૩૫૧ સારાં જાનવર ખરીદી શાહીબાગ અમદાવાદ ખાતે રાખવામાં આવ્યાં, અને તે પછી સને ૧૯૦૦ની સાલમાં છારોડી ફાર્મ ઉપર ખસેડવામાં આવ્યાં. આ બધી વ્યવસ્થાનું કામ "ગુજરાત કૅટલ પ્રીઝર્વેશન ઍસોસિયેશન" તરફથી કરવામાં આવ્યું હતું.

આ અરસામાં ઉત્તર વિભાગના કમિશનરે ઍસોસિયેશનને મદદરૂપ થાય એવી એક અપીલ બહાર પાડી, જેથી ગુજરાતના તેમ જ હિન્દના કેટલાક અગ્રગણ્ય શ્રીમંતો પાસેથી મંડળને ઘણી મોટી રકમ દાનમાં મળી. તેનો ઉપયોગ ફાર્મે સારાં જાનવર ખરીદવામાં તેમ જ જમીન ખરીદવામાં કર્યો.

તા. ૧૭ ફેબ્રુઆરી, ૧૯૦૧ની મંડળની સભામાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો કે, ફાર્મનું નામ નૉર્થકોટ કૅટલફાર્મ રાખવું; અને જે જાનવરો પાંજરાપોળમાંથી ખરીદ્યાં છે, તેની કિંમત રૂ. ૩૦ના દરે આંકવી. વળી જમીનના ભાડા તરીકે વાર્ષિક રૂ. ૧,૬૬૦ લેવા.

૧૯૦૪ની મંડળની સભામાં એક ઠરાવ કરી મુંબઈ સરકાર પાસે વેટરનરી ગ્રેજ્યુએટની માગણી કરી અને તે મુજબ શ્રી જોષીની ૧૯૦૫માં નિમણૂક કરવામાં આવી.

ઍસોસિયેશને ૧૯૦૬ સુધી ફાર્મનો વહીવટ સંભાળ્યો. પરંતુ આર્થિક મુશ્કેલીઓના કારણે તેણે તે સંભાળવા મુંબઈ સરકારને અરજ કરી. પરિણામે ૧૯૦૭માં સિવિલ વેટરનરી ડિપાર્ટમેન્ટે તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપૂર્ણ વ્યવસ્થા હાથ ધરી. તે સમયે ફાર્મ પાસે રૂ. ૨૭,૧૭૦ની કિંમતનાં મકાનો હતાં.

સિવિલ વેટરનરી ખાતા પાસે ફાર્મ હતું ત્યાં સુધી તેનો ઉદ્દેશ "સ્ટૉક બુલ્સ" ગુજરાતનાં ઘણોને પૂરા પાડવા અને કાંકરેજ ઓલાદ સચવાઈ રહે તેવા પ્રયત્નો કરી તેનો ઉત્તરોત્તર વિકાસ કરવાનો હતો. આ ઉદ્દેશ બર લાવવા ૧૯૦૫થી ૧૯૧૯ સુધીમાં રાધનપુર રાજ્યમાંથી ઉત્તમ કોટિના ૧૩ સાંઢ ખરીદવામાં આવ્યા હતા. પરંતુ ડિસ્ટ્રિક્ટ બોર્ડો તરફથી સાંઢ માટેની માગણીઓ સંતોષકારક આવી નહિ. ૧૯૧૭ માં ઓલાદ સુધારકોને ફાર્મના કામમાં રસ લેતા કરવા "પ્રિમિયમ બુલ"ની યોજના ઘડાઈ. તે મુજબ ૨ કિંમતે પશુસંવર્ધકોને સાંઢ આપવાનું નક્કી કરવામાં આવ્યું.

૧૯૧૯માં લાઈવસ્ટૉક એક્સપર્ટની દેખરેખ નીચે ફાર્મને મૂકવામાં આવ્યું. આ નવી વ્યવસ્થા નીચે ફાર્મનું કામકાજ બદલાયું. નવી યોજના મુજબ મુખ્યત્વે શુદ્ધ કાંકરેજ ઓલાદનો વિકાસ કરવો કે જેથી તે દુધાળ બને, જલદી વિયાય અને વિયાણ તેમ જ દૂધમાં નિયમિત બને તે બાબતો પર લક્ષ આપવામાં આવ્યું. આ હેતુ પૂરો પાડવા સુરત ફાર્મમાંથી જ્ઞાતવંશ જ અર્થાત્ સારા પેઢીનામાવાળા (પેડીગ્રી બુલ્સ) સાંઢ પસંદ કરી લાવવામાં આવ્યા.

આ રીતે લાઈવસ્ટૉક ખાતાએ એપ્રિલ ૧૯૪૦ સુધી ફાર્મની વ્યવસ્થા સંભાળી; અને ત્યાર પછી "કૃષિ ગોવિદ્યાભવન, આણંદ" એ સંસ્થા મારફત ત્યાંનું કામકાજ ચાલી રહ્યું છે.

સ્થળ અને જમીનનો પ્રકાર : ફાર્મની જગ્યા સાણંદ તાલુકામાં આવેલી છે. તે અમદાવાદથી ઉત્તરે ૨૫ માઈલ અને છારોડી સ્ટેશનથી ૩ માઈલ દૂર છે. ફાર્મનો આખો વિસ્તાર ૨,૨૫૧ એકર અને ૩૦ ગુંઠાનો છે. આખા વિભાગને ૧૦ વિભાગમાં વહેંચી નાખીને ચારે બાજુ ફરતી તારની વાડ કરવામાં આવી છે. અત્યારે જે જમીન છે તે પૈકી ૮૯ એકર ખેડાણ, ૧,૦૦૦ એકરનું બીડ અને બાકીની જમીન ચરાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે છૂટી મૂકેલી છે. જમીન સામાન્ય રેતાળ અને કાળી ચીકણી છે. તેનું દળ કેટલેક ઠેકાણે ૧ ફૂટ જેટલું અને કેટલેક સ્થળે તેથી વિશેષ પણ હોય છે. ચાલુ સાલથી વધુ પાક લેવા થોડી વધુ જમીન ખેડવામાં આવનાર છે, જેથી જાનવરોને લીલો ચારો પણ પૂરતા પ્રમાણમાં મળી શકે. ખેતીના ઉપયોગ માટે ટ્રેક્ટરનો ઉપયોગ પણ થાય છે. પાણી માટે સંસ્થામાં ૨ એંજિનો બે કૂવા ઉપર મૂકેલાં છે. એ રીતે, ત્યાં પીત કરવા માટે પૂરતી સગવડ છે.

હવામાન : ફાર્મ અર્ધ દુષ્કાળગ્રસ્ત પ્રદેશમાં આવેલું છે. એટલે અહીંનું હવામાન જરા શુષ્ક રહે છે. સામાન્ય રીતે આ પ્રદેશમાં ૨૫ થી ૨૬ ઇંચ વર્ષા થાય છે અને તે પણ અનિયમિત; એટલે દર વર્ષે જોઈએ તેવી સારી ખેતી થઈ શકતી નથી.

ફાર્મની જમીનમાં બાવળ, લીમડો, બોરડી, વરખડો, પીલુ અને કેરડાં વગેરે ઝાડ અને ઝાંખરાં ઊગે છે. ઘાસમાં મુખ્યત્વે ઝીંઝવો, ગાંધું, કરકરિયું, વરેલું, દાભ, ભાંગરૂં, ભાથું વગેરે થાય છે.

ફાર્મમાં લગભગ બધાં જ જાનવરોને આખો દિવસ છૂટાં રાખવામાં આવે છે. માત્ર બે વખત દૂધ કાઢવા થોડી વાર માટે લાવીને બંધાય છે. સને ૧૯૧૯ સુધી તો દૂધ પણ કાઢવામાં આવતું નહીં અને વાછડાંને ધવરાવી દેતા. પણ તેમ થતાં ગાયો વાછડાનું પોષણ થાય તેથી પણ ઓછું દૂધ આપવા લાગી, એટલે લાઈવસ્ટોક ખાતાની વ્યવસ્થા હેઠળ દૂધ કાઢવાની પ્રથા દાખલ થઈ; અને ધીમે ધીમે કાંકરેજ ગાય જે માત્ર વત્સપ્રધાન હતી તે સારી એવી દુધાળ બની સર્વાંગી થઈ છે.

સામાન્ય વર્ષોમાં પાંકડ ગાયો, વાછડાં, નાના સાંઢ અને નકામા બળદો તો જુલાઈથી જાન્યુઆરી સુધી ચરીને સ્વાવલંબી જીવન ગુજારતા હતા. આજે ફાર્મમાં ૨૫ શેર દૂધ આપતી ગાયને ૧ શેર, સાંઢને ૫ શેર, નાનાં વાછડાંને ૧ શેર અને ઉનાળાની ઋતુમાં બાકીનાં જાનવરને બધાંને ૧ શેર ખાણ માથા દીઠ આપવામાં આવે છે. વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાણમાં દરેક પુખ્ત ઉંમરનાં જાનવરને ૧½ ઔંસ મીઠું પણ આપવામાં આવે છે. "મિનરલ મિક્ચર" ખનીજ તત્ત્વો ખવડાવવામાં આવતાં નથી. ગાયોને સાયલાનું અને લીલું ઘાસ ૨૦ પાઉંડ જેટલું પ્રત્યેકને રોજ આપવામાં આવે છે.

ઢોર સંખ્યા: આજે (તા. ૧૬–૩–'૫૦) સંસ્થામાં કુલ ૩૬૮ જાનવરો છે. તેમાં ૧૦૫ ગાય, ૧૦૧ એક વર્ષ ઉપરની વાછડી, ૩૪ એક વર્ષની નીચેની વાછડી, એક વર્ષ ઉપરના સાંઢ ૪૭, એક વર્ષ નીચેના ૨૫, બળદ ૨૨, ગોવલા ૨૦, કામ આપતા સાંઢ ૮ અને ઊછરતા ૬ છે. દૂધ દેતી ગાયો ૪૫ છે.

રોગ અને સંરક્ષણ: સંસ્થાનાં જાનવરો એકંદરે તંદુરસ્ત છે. કોઈક વાર રોગો થાય છે તેમાં ખરવાસો, મોવાસો ખાસ થાય છે. બાકી સામાન્ય વલો, જેરબાજ, ટિકફિવર, ઝાડા વગેરેનો ઉપદ્રવ પણ ક્યારેક ક્યારેક થાય છે.

સંસ્થામાં પ્રાથમિક ઇલાજ માટે દવાઓ રાખવામાં આવે છે. અમુક ખાસ સંજોગો ઊભા થાય તો સાણંદ અગર વિરમગામ કે આણંદથી ડૉક્ટરને બોલાવી જાનવરની માવજત કરવામાં આવે છે. પણ દવા કરાવવા બહારગામ જાનવરોને લઈ જવામાં આવતાં નથી.

ચેપી રોગની રસીમાં ગળસૂણું તેમ જ બળિયાની રસી મૂકવામાં આવે છે. ૧૯૪૦માં ૫૧ જાનવરોનો "ટી. બી. ટેસ્ટ" પણ કરાવાયો હતો. ૫૦ જાનવરોને તપાસતાં બે શંકાસ્પદ જણાયાં હતાં.

સંસ્થામાં કેટલ ડીપની પણ ખાસ વ્યવસ્થા છે, જેમાં નવડાવવાથી ચેપી રોગના જંતુઓથી જાનવરોને રક્ષણ મળે છે.

જાનવરો બધાં ઓળખી શકાય તે માટે તેમને બ્રાન્ડિંગ (Branding) અને ટટુઇંગ (Tattooing) થી નંબરો પાડવામાં આવે છે. નામ પણ પાડવામાં આવે છે. નંબરમાં દર વર્ષનો દાખલ થવાનો અનુક્રમ તથા વર્ષના છેલ્લા બે આંકડા પાડવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થાનો ખાસ હેતુ વાલી સાંઢ તૈયાર કરવાનો હોઈ વાછડાંને ખસી કરવામાં આવતી નથી. છતાં જેને ખસી કરવામાં આવે છે તેને "બર્ડિઝો કેસ્ટ્રેટર" દ્વારા કરવામાં આવે છે.

દૂધનું ઉત્પાદન અને નિકાલ: ૧૯૪૫થી ૧૯૪૯ સુધીની સરેરાશ જોતાં, વાર્ષિક દૂધ ઉત્પાદન ૨,૩૧,૯૨૧ રતલ થાય છે. એટલે રોજનું ૧૫ મણ જેટલું ઉત્પાદન સરેરાશ ગણાય.

દૂધનો નિકાલ અનુકૂળતા પ્રમાણે થાય છે. અગર મલાઈ, કેસીન વગેરે બનાવવામાં આવે છે. અત્યારે બધું દૂધ અમદાવાદ ખાતે રૂા. ૬ાના મણના ભાવે વેચાય છે; ઘી દૂધનો સ્થાનિક ભાવ (સંસ્થાના કાર્યકર્તાઓ માટે) દૂધ શેર ૧નો એક આનો અને ઘી ૧ શેરના ૩ રૂપિયા લેવામાં આવે છે.

ખાતર: છાણ મૂતરનું ખાતર બનાવાય છે. પણ તે પૂરતા પ્રમાણમાં થતું નથી. કારણ અહીં વાસ્તવિક રીતે જાનવરો ખીલે બંધાતાં જ નથી, માત્ર દોહવાને સમયે બંધાય છે. તે દરમ્યાન જે છાણ મૂતર થાય તેનું ખાતર બને છે. ગૌશાળા પાકી નહિ હોવાથી મૂતરનો ઉપયોગ ખાતરમાં કરી શકાતો નથી.

અત્યારે ૫૦૦ ગાડી જેટલું ખાતર નીકળે છે અને તે સંસ્થાના જ ખેતરમાં નંખાય છે. એટલે તેની કિંમતનો અડસટ્ટો કાઢવામાં આવતો નથી.

મરેલાં ઢોર બાબત: આખા વર્ષનું ઢોરનું મરણપ્રમાણ સરાસરી ૮.૮૪ ટકા આવે છે. મરેલાં ઢોરને ચમારને આપી દેવામાં આવે છે. ચમાર ચામડું લઈ જાય તેના અવેજમાં ગાયના રૂ. ૪, બળદના રૂ. ૪, બે ત્રણ વર્ષના વાછડાના રૂ. ૩, અને એકથી બે વર્ષનાં જાનવરોનો રૂ. ૧ લેવાય છે. આમાંથી ૧૯૪૮-૪૯માં રૂ. ૬૧ની આવક થઈ હતી.

સંસ્થાની આર્થિક સ્થિતિ અને સંચાલન

સંસ્થાના ભંડોળની બાબતમાં આવક-ખર્ચનો સંપૂર્ણ વહીવટ "કૃષિ ગોવિદ્યાભવન" આણંદ સંભાળતું હોઈ તેની પાસેથી સીધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખર્ચની રકમ લેવામાં આવે છે. વિદ્યાભવનનો ૧૯૪૬-૪૭નો રિપોર્ટ જોતાં છારોડી ફાર્મ ખાતે રૂ. ૭૭,૩૫૩-૪-૦ ખર્ચ અને રૂ. ૪૮,૩૬૭-૧-૩ આવક બતાવવામાં આવી છે. (નવો રિપોર્ટ બહાર પડ્યો નથી એટલે તાજા આંકડા આપી શકાયા નથી.)

સંસ્થાના સંચાલન માટે ૩ એજ્યુએટ અને ૨ કારકુન રોકવામાં આવ્યા છે. વળી તેમના હાથ નીચે ૩ મુકાદમ, ૪ ચોકીદાર, ૧ પટાવાળો અને બીજા ૪૦ જેટલા પરચૂરણ નોકરો અને મજૂરો રોકવામાં આવ્યા છે. નોકરોમાં મુખ્યત્વે રબારી, ભરવાડ અને ઠાકરડા તથા રાવળ કોમના માણસો હોય છે. સંસ્થામાં કામ કરતા માણસોની વૈદકીય સારવાર મફત કરવામાં આવે છે.

ગૌશાળાના મકાન સંબંધી : મકાનોમાં ઉપર પતરાનાં છાપરાંવાળા કેટલાક ખુલ્લા "શેડ" બાંધવામાં આવ્યા છે. પણ તેમાં માત્ર દોહવાના સમયે જ ગાય બંધાય છે. શેડની ફરસ પાકી નહિ હોવાથી ગૌશાળાની સફાઈ જોઈએ તેટલી સારી નથી થતી અને જાનવરોનું મૂતર પણ નકામું જાય છે.

મુશ્કેલીઓ, ભવિષ્યની યોજના અને વિશેષતા : મુશ્કેલી સૌથી પ્રથમ દૂધ વેચવામાં નડે છે. બીજું ગાયોને બાંધવા વધુ સારાં મકાનોની જરૂર છે. અત્યારે ફાર્મ સ્વાવલંબી નથી. હવે તે પોતાના પગ ઉપર ઊભું રહેવા માગે છે. તે માટે બને તેટલી વધુ જમીન ખેડાણ કરી ઉત્પાદન વધારવાનું વિચારાય છે. પણ છેલ્લાં કેટલાંક દુષ્કાળગ્રસ્ત વર્ષો આવવાથી સ્વાવલંબનના ધ્યેયને પહોંચી વળવામાં અવરોધો નડે છે. બાકી સંસ્થા આપણે ઉપર જોયું તેમ સ્વાવલંબી બની કાંકરેજ વંશનો ઉત્તરોત્તર વિકાસ સાધી તેનો ફેલાવો ગુજરાતમાં કરવાનો ઉદ્દેશ સેવે છે અને તે પૂરો કરવાની શક્યતા ધરાવે છે.

૨. આશ્રમ ગૌશાળા, સાબરમતી, અમદાવાદ :

(અ) નામ, ઉદ્દેશ અને ટૂંક ઇતિહાસ : આ સંસ્થાની સ્થાપના ૧૯૨૬માં પૂજ્ય ગાંધીજીએ અમદાવાદ ખાતે સત્યાગ્રહ આશ્રમમાં કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. તેનો ઉદ્દેશ ગોધનનો વિકાસ સાધી ગોસેવા પ્રત્યે લોકોની અભિરુચિ પેદા કરવાનો છે. શરૂ શરૂમાં અમુક ખાસ ઓલાદ રાખવી એવો ઉદ્દેશ ન હતો, એટલે ગીર અને કાંકરેજ એમ બન્ને ઓલાદની ગાયો રાખવામાં આવતી હતી.

૧૯૩૦ની સ્વરાજ્યની લડતમાં ગૌશાળા અવ્યવસ્થિત થઈ તૂટી ગઈ, એટલે ૧૯૩૫માં તેનું પુનરુત્થાન કરવામાં આવ્યું; અને ગીર તથા કાંકરેજ ઓલાદનાં જાનવરો રખાયાં. પણ આમ બે ઓલાદો રાખવાથી "ક્રૉસ બ્રીડિંગ" (Cross Breeding) થઈ ઓલાદ બગડવા લાગી. આથી ૧૯૪૨ પછી કાંકરેજ જાનવરો કાઢી નાખી ગીર ઓલાદનું જ પાલન કરવામાં આવે છે.

સંસ્થા સાર્વજનિક છે અને તેના ટ્રસ્ટી તરીકે શ્રી માવલંકર દાદા અને શ્રી નરહરિભાઈ પરીખ છે. તેનું સંચાલન શ્રી સોમાભાઈ પ્રાગજીભાઈ પટેલ ઘણા ઉત્સાહથી અને ધગશપૂર્વક કરી રહ્યા છે.

(આ) ઢોર સંબંધી : સંસ્થામાં બધાં જાનવરો ગીર જાતિન છે. આજે જાનવરોની સંખ્યા કુલ ૩૭૫ની છે. તેમાં ૭૦ ગાય, ૯૨ વાછડી, ૨૦ ધાવતી વાછડી, ૩૦ ધાવતા વાછડા, ૨૩ સાંઢ, ૮૦ બળદ, ૨૦ ખસી કરેલા વાછડા, ૧૮ નકામાં અને અશક્ત જાનવર છે. ગાયો પૈકી ૫૦ ગાય દૂઝણી છે. આ આંકડો તા. ૧૩–૫–'૫૦નો છે.

વસૂકેલી ગાયોને આશ્રમ તરફથી બીડજ ગૌશાળામાં મોકલી દેવામાં આવે છે, જ્યાં સંસ્થાની પર્યાપ્ત માત્રામાં જમીન આવેલી છે.

(ઇ) રોગ અને સંરક્ષણ : સામાન્ય રીતે જાનવરો તંદુરસ્ત છે. વધુ બીમારીમાં "મમાઈટીસ" એટલે આઉનો સોજો, તેમ વાછડાંમાં "ડાયેરિયા" એટલે ઝાડા થાય છે. ચેપી રોગના ફેલાવામાંથી જાનવરોને બચાવવા, બળિયા અને ગળસૂણાની રસી મૂકવામાં આવે છે. ૧૯૪૭માં ટી. બી. ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં ૩૮૬ જાનવરોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦ જેટલાં જાનવરો રોગની અસરવાળાં જણાયાં હતાં. સંસ્થામાં "કેટલ ડીપ" નથી.

સંસ્થા પાસે પોતાનું દવાખાનું નથી. માંદાં જાનવરોને વેટરનરી હોસ્પિટલમાં લઈ જવામાં આવે છે અને ખાસ પ્રસંગોએ સર્જનને બોલાવી ઉપચાર કરાવાય છે.

સંસ્થામાં ખાસ કરીને ઉત્તમ જાતિના ગીર સાંઢનો ઉછેર કરાતો હોઈ વાછડાઓને ખસી કરવામાં આવતી નથી; અને જેને ખસી કરવામાં આવે છે તેને બર્ડિઝો કેસ્ટ્રેટર દ્વારા કરવામાં આવે છે.

દૂધનું ઉત્પાદન અને નિકાલ : દૂધનું વાર્ષિક ઉત્પાદન ૧,૪૭,૩૭૬ રતલ (૧૯૪૯) જેટલું છે. અને રોજ સરાસરી ૪૦૪ રતલ દૂધ આશ્રમ ગૌશાળાનું અને ૭૪૩ રતલ બીડજનું આવે છે. બધા જ દૂધને શહેરમાં બાંધેલા ગ્રાહકોને વેચી દેવામાં આવે છે. દૂધના વેચાણની વાર્ષિક ઊપજ (બીડજ સાથે) સને ૧૯૪૯માં રૂ. ૧,૩૩,૬૩૫–૧૪–૬ થઈ હતી. વધેલા દૂધમાંથી પેંડા, માખણ, છાશ વગેરે બનાવી વેચાણ કર્યું તેમાંથી રૂ. ૧,૮૯૩–૩–૯ની ઊપજ થઈ હતી. ઘી કરવાનું પરવડતું નથી.

ખાણદાણ બાબત : ખાણની વાર્ષિક વપરાશ ૫,૪૭૫ મણ (રોજની ૧૫ મણ) જેટલી થાય છે. ૧૦ શેર દૂધ દેતી ગાયને ૬ શેર દાણ આપવામાં આવે છે; અને વસૂકેલાં તથા બીજાં જાનવરોને એક શેરની સરેરાશમાં દાણ આપવામાં આવે છે. સંસ્થાને લીલો ઘાસચારો નાખવાની સારી સગવડ છે. ઘાસનો સાયલો પણ બનાવાય છે.

ખાતર : છાણમૂતરનું ખાતર થાય છે. તેનો ઉપયોગ સંસ્થા પોતે જ કરતી હોઈ તેનું ઊપજ ખર્ચ કાઢવામાં આવતું નથી. છાણમાંથી નોકરોને છાણાં થાપવા દેવામાં આવતાં નથી.

જમીન અને ઘાસચારો : સંસ્થા પાસે કુલ ૧,૦૦૦ એકર જમીન છે, જેમાં ૪૦૦ એકર જમીન ખેડાણ છે, તેમાં રજકો, જુવાર, બાજરી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મકાઈ વગેરે ખડ પાકો (Fodder crops), તેમ જ ડાંગર, બાજરી, ઘઉં વગેરે અનાજના પાકો પણ લેવાય છે. ૬૦૦ એકર જમીનનું બીડ છે, જેમાં ખાસ કરી ઝીંઝવો, વરીલું, ગાંધિયું વગેરે ઘાસ થાય છે. ૬૦ એકર જમીનમાં પીત કરી જુવાર, મકાઈ, રજકો વગેરે વવાય છે. આ જમીનને પાણી પૂરું પાડવા પંપની વ્યવસ્થા છે.

મરેલાં ઢોર બાબત: જાનવરનું મરણ પ્રમાણ ૫.૩% છે. મરેલાં જાનવરોનું ચામડું આશ્રમ ચર્માલયમાં જ કામમાં લેવાય છે; અને હાડકાંનું ખાતર બનાવી દેવાય છે. ચામડું ચર્માલયમાં જ આપી દેવાનું હોવાથી તેમાંથી બીજી કોઈ ઊપજ થતી નથી.

સંસ્થાની આર્થિક સ્થિતિ અને સંચાલન

સંસ્થાનું ભંડોળ રૂ. ૧,૨૫,૪૭૭–૬–૬ જેટલું છે. સંસ્થાની સ્થાવર મિલકતમાં એન્જિન, જમીન, મકાન વગેરે સાધનસામગ્રી આશરે રૂ. ૧,૧૭,૨૨૫ની કિંમતની આંકી શકાય. આજે (૧૯૫૦) સંસ્થાને એક લાખ રૂપિયાનું દેવું છે. વાર્ષિક આવક દૂધમાંથી રૂ. ૮૦,૯૫૬, ખેતી અને સુવેઝમાંથી રૂ. ૩૮,૨૩૦, બીડજ ગૌશાળા ખાતેથી રૂ. ૮૦,૮૩૦, આશ્રમની ખેતીમાંથી રૂ. ૧૭,૩૬૨ અને જાનવરોના વેચાણમાંથી રૂ. ૨૫,૫૮૫ (ત્રણ વર્ષનો ભેગો આંકડો છે.) જેટલી છે.

ખેતીનાં સારાં વર્ષોમાં સંસ્થા સ્વાવલંબી હોય છે.

સંસ્થા પાસે કુલ ૫૦ કાર્યકર્તાઓ છે. ઉપરાંત ૧૦૦ જેટલા પરચૂરણ નાનામોટા નોકરો, ગોવાળ, ખેડૂત વગેરે છે. તેમને ચાલુ મોંઘવારી સાથે યોગ્ય વેતન આપવામાં આવે છે. વળી નોકરોને મફત રહેઠાણ અને બીડજમાં બળતણ અને અડધી કિંમતે અનાજ તેમ જ શહેરના કામકાજ માટે સાઇકલ આપવામાં આવે છે.

ગૌશાળાના મકાન સંબંધી: ગાયોને બાંધવા પાકાં મકાન છે. તેમાં ચણેલી ગમાણ છે. ગૌશાળાની સફાઈ માટે પાણીના નળ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોઠવેલા છે, જેથી સફાઈ એકંદરે સારી રહે છે. દૂધ કાઢવાનાં સાધનોમાં ઓઘરણાં વાપરવામાં આવે છે. મૂતર ભેગું કરવા ટૂંટી નથી.

મુશ્કેલીઓ અને ભવિષ્યની યોજના

મુશ્કેલીમાં, જાહેર સંસ્થાને પડતી નાણાંની મુશ્કેલી ખાસ છે. વળી ગૌશાળા માટે હજુ વધારે સારાં મકાનો, અથવા જે છે તેમાં સુધારો કરવાની જરૂર છે.

ભવિષ્યની યોજનામાં, સંચાલક ગૌશાળાને સ્વાવલંબન તરફ લઈ જવા માગે છે અને તે માટે અહર્નિશ પ્રયત્નો કરે છે. સંસ્થાનો ઉદ્દેશ ગીર ઓલાદનો સર્વાંગી વિકાસ સાધી તેને સર્વાંગ સુંદર બનાવવાનો છે. ગીર જાતની ઓલાદ સુધારવા જાતવાન સાંઢ તૈયાર કરી આપવાનો હેતુ પણ છે. આવા દર વર્ષે દશ સાંઢ અપાય છે.

૩. આદર્શ ગૌશાળા, ઓચાસણ :

નામ, ઉદ્દેશ અને ટૂંક ઇતિહાસ : ગૌશાળાનું નામ "આદર્શ ગૌશાળા" રાખવામાં આવ્યું છે. વલ્લભ વિદ્યાલય, ઓચાસણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ચોખ્ખું દૂધ મળે એ હેતુથી ૧૯૩૬ની સાલમાં જમના નામની ગીર વંશની એક ગાય રાખવામાં આવી હતી. આ ગાયે ૩૫૦ દિવસમાં ૫,૩૩૫ રતલ દૂધ આપ્યું હતું. આમ માત્ર એક ગાયથી ગૌશાળાની શરૂઆત શ્રી ગંગાબહેન વૈદ્યે કરી હતી. ધીમે ધીમે તેમના ગોપ્રેમને લઈ ગૌશાળામાં વિકાસ થતો ગયો. પ્રથમ એક ઓલાદનાં જ જાનવરો રાખવાં એવો ઉદ્દેશ ન હતો. હવે થોડા સમયથી શુદ્ધ કાંકરેજ ગાયો જ વસાવી, ગીર અને મિશ્ર ઓલાદની બીજી ગાયો કાઢી નાખી છે. વળી ચાલુ સાલથી મુંબઈ સરકારના પશુઉછેર ખાતા તરફથી તેને એક ઉછેરક્ષેત્ર (Breeding centre) તરીકે મંજૂર કરવામાં આવ્યું છે. સંસ્થા સાર્વજનિક હોઈ સ્વતંત્ર છે; અને તેનો મુખ્ય ઉદ્દેશ કાંકરેજ વંશની સુધારણા અને વિદ્યાલયને દૂધ પૂરું પાડવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢોર સંબંધી : આજે (તા. ૫-૪-'૫૦) સંસ્થા પાસે કુલ ૫૦ જાનવરો છે. તેમાં ગાય ૧૭, વાછડી ૨૧, બળદ ૩, અને સાંઢ ૨ છે. બધાં જાનવરો કાંકરેજ વંશનાં છે. ૧૦ ગાયો દૂઝણી છે.

રોગ અને સંરક્ષણ : કાંકરેજ ગાયની ખડતલતાની અને સહન-શક્તિની ખાસિયતને લઈ સંસ્થામાં બધાં જ જાનવરો તંદુરસ્ત છે. વળી અહીં ચેપી રોગની રસી મૂકવામાં આવતી નથી, અગર કોઈ પણ દવા કરવામાં આવતી નથી. સંજોગવશાત્ કોઈ જાનવર માંદું પડે તો તેને ઓરસદના પશુ દવા ખાનામાં લઈ જવાય છે.

ઓળખ માટે નંબર પાડવાની ક્રિયા પણ કરવામાં આવતી નથી.

દૂધ-ઉત્પાદન અને નિકાલ : વાર્ષિક દૂધની સરાસરી ૩૦,૦૮૩॥ રતલ આવી છે. રોજ ૧૧૦ રતલ દૂધ થાય છે. દૂધ વેચવામાં આવે છે અને જે થોડું વધે છે તેનું ઘી બનાવવામાં આવે છે. દૂધ ઘીની વાર્ષિક ઊપજ રૂ. ૬,૯૨૧-૧૨-૬ (૧૯૪૯) થાય છે. દૂધની વેચાણ કિંમત કાચા શેરના ૦-૪-૦ છે.

ખાણદાણ બાબત : વાર્ષિક દાણની વપરાશ ૧,૪૪૦ મણ છે. રોજની સરેરાશ ૪ મણ ગણાય. દૂઝણા ઢોરને તે જેટલા રતલ દૂધ આપે તેનો ૧/૨ ભાગ દાણ અપાય છે; અને વસૂકેલા જાનવરને રોજનું ૨ શેર તથા સાંઢને ૫ શેર દાણ ખવડાવવામાં આવે છે.

અહીં ખાણમાં બાવળના પરડાનો પણ ઉપયોગ કરવામાં આવે છે. તેનું પરિણામ ઘણું સારું આવ્યું છે. વળી જાનવરને લીલા મૂળા પણ ખવડાવાય છે. તેની અસર જાનવર પર ઘણી સારી જણાય છે. બાકી લીલું ઘાસ તથા સાયલાનું ઘાસ પણ અપાય છે.

ખાતર : ખાતર લગભગ ૨૦૦ ગાડાં જેટલું થાય છે. તેની ઊપજ રૂ. ૭૦૦ જેટલી થાય છે. મૂતરનો ઉપયોગ પણ ખાતરમાં ભેળવી કરી લેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીન અને ઘાસચારો : ગૌશાળા પાસે ૧૬ વીઘાં જેટલી જમીન છે. ઉપરાંત ૪ વીઘાં સાંથે પણ રાખવામાં આવે છે. બધી જ જમીન ખેડાણ હોઈ તેમાં બાજરી, જુવાર, મકાઈ, રજકો વગેરે ખડ પાકો (Fodder crops) લેવાય છે. ગોચર માટે બિલકુલ જમીન નથી. તે માટે રેલવે લાઈનની આજુબાજુની જમીન દર વર્ષે સરકાર પાસેથી રાખવામાં આવે છે. પણ એકંદરે ચરાણ જમીનની ઘણી જરૂર છે. પીત કરવા માટે સંસ્થા પાસે પંપની સગવડ છે.

મરેલાં ઢોર બાબત : ઢોરનું મરણ પ્રમાણ ઘણું ઓછું છે. જનવર સરસ તંદુરસ્ત હોઈ ભાગ્યે જ એકાદ વાછડું વર્ષમાં મરે છે.

સંસ્થાની આર્થિક સ્થિતિ અને સંચાલન

સંસ્થાની શરૂઆત મૂળ ૩૨૦ રૂપિયાથી થઈ હતી. આજે (૧૯૪૯) રૂ. ૭,૩૦૦નું ભંડોળ છે. વાર્ષિક આવક દૂધ ઘીના ઉત્પાદનમાંથી, ખાતરમાંથી, ઢોરવેચાણમાંથી, ગાડાભાડું, અનાજ અને ઘાસની ભેટ, વિદ્યાલયની મદદ વગેરે મળી રૂ. ૧૪,૨૮૭-૧૪-૯ જેટલી ૧૯૪૯ના વર્ષમાં થઈ છે. જ્યારે ખર્ચ રૂ. ૧૩,૩૩૦-૧૦-૬ જેટલો થયો છે.

સંસ્થા પાસે કુલ ૩ કાર્યકરો અને ૬ નોકરો છે. નોકરોને રાહત તરીકે વર્ષે એક મહિનાનો પગાર અપાય છે.

ગૌશાળાના મકાન સંબંધી : ગૌશાળા માટે પાકાં મકાનોની જરૂર છે. આજે જે છે તે ઓછાં પડે છે. મકાનોમાં ગમાણની વ્યવસ્થા ચણીને કરવામાં આવી છે. તેમ ફરસ પાકી કરી મૂતર ભેગું કરવાની કૂંડીઓ બનાવાઈ છે. દૂધ દોહવામાં પિત્તળની કોડીનો ઉપયોગ કરવામાં આવે છે.

મુશ્કેલીઓ અને ભવિષ્યની યોજના

મકાનોની ખાસ મુશ્કેલી છે. હવે સરકારી માન્યતા મળી છે એટલે આ મુશ્કેલી ટળશે. અત્યારે સંસ્થા ફંડ ઉપર આધાર રાખે છે પણ ધીમે ધીમે પગભર થઈ સ્વાવલંબી થવા માગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. કેટલ બ્રીડિંગ ફાર્મ, બાકરોલ (જિ. વડોદરા):

ટૂંક ઇતિહાસ : આ ફાર્મની શરૂઆત સને ૧૯૪૨માં થઈ હતી. મૂળ શરૂ કરવાનો ઉદ્દેશ મકરપરા ડેરી ફાર્મ, વડોદરાનાં વસૂકેલાં જાનવરો રાખવા પૂરતો હતો. પણ છેલ્લાં ત્રણ વર્ષથી ત્યાં વૈજ્ઞાનિક ઢબે "કાંકરેજ" વંશનો વિકાસ સાધવાનું કામ થઈ રહ્યું છે. વળી જનતામાં તેનો ફેલાવો થાય તે માટે સારા પેદીનામાવાળા સાંઢ મફત અપાય છે. અત્યારે તેનું સંચાલન સરકારના પશુઉછેર ખાતા તરફથી થાય છે અને તેના વ્યવસ્થાપક ડૉ. ભોસેકર જી. બી. વી. સી. ઘણા જ ઉત્સાહપૂર્વક ફાર્મની ઉત્તરોત્તર પ્રગતિ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે.

ઢોર સંબંધી : આજે (માર્ચ ૧૯૫૦) સંસ્થા પાસે કુલ ૧૫૪ કાંકરેજ ઓલાદનાં જાનવરો છે. તેમાં દૂઝણી ગાય ૨૬, વસૂકેલી ૭, મોટી ઊછરતી વાછડી ૫૬, ઊછરતા વાછડા ૨૧, ઊછરતા સાંઢ ૫, ધાવતી વાછડી ૧૧ અને વાછડા ૯ છે. સંસ્થામાં ભેંસો પણ રખાય છે, જેની સંખ્યા એકંદર નાની મોટી થઈ ૭૧ જેટલી છે.

રોગ અને સંરક્ષણ : રોગી અને નબળાં જાનવરોની માવજત ફાર્મ ઉપર જ થાય છે. સંસ્થાના વ્યવસ્થાપક પોતે જ વેટરનરી સર્જન હોઈ સ્ટૉક મેનની મદદથી જાનવરોનો ઇલાજ કરે છે. આમ બધાં જ જાનવરોની માવજત ફાર્મ ઉપર થાય છે અને જાનવરને દવાદારૂ માટે બહાર લઈ જવાની અગવડ વેઠવી પડતી નથી.

ચેપી રોગથી બચાવવા દરેક જાનવરને રસી મૂકવામાં આવે છે. ઓળખચિહ્ન માટે "બ્રાન્ડિંગ" તેમ "ટ્રૂઇંગ"થી નંબરો પડાય છે. સંસ્થામાં "કેટલ ડીપ" નથી. ખાસ કરીને વાછડાઓને સાંઢ તરીકે તૈયાર કરાતા હોઈ ખસી કરવામાં આવતી નથી. છતાં પ્રસંગે ખસી થાય તો બર્ડિઝો કેસ્ટ્રેટરથી કરવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાણદાણ : દૂઝણાં જાનવરોને દૂધના પ્રમાણમાં ખાણદાણ અપાય છે. દરેક જાનવરને તે દૂધ આપે તેનાથી અડધું અને તે ઉપરાંત શરીરના નિભાવ માટે ૨ શેર ખાણ રોજ અપાય છે. સાંઢ તેમ જ પાડાઓને ૫ શેર ખાણ અપાય છે. વસૂકેલાં જાનવરોને પણ રોજ ૨ શેર ખાણ અપાય છે.

ખાતર : જાનવરોના છાણમૂતરનું ખાતર બનાવાય છે. તેનો ઉપયોગ ફાર્મની પોતાની જમીનમાં કરવામાં આવતો હોઈ તેની આવક ગણવામાં આવતી નથી. નોકરોને છાણાં થાપવાની મનાઈ છે. પણ બળતણ માટે ગોચરમાંથી સૂકાં અડાયાં લાવવાની છૂટ છે.

જમીન અને ઘાસચારો : સંસ્થા પાસે કુલ ૨,૦૪૬ વીઘાં ૬ વસા જમીન છે. આ જમીન પૈકી ઘાસ માટે ૬૨૦ વીઘાં, ચરાણ માટે ૪૩૫ વીઘાં, ખેતી માટે ૫૦ વીઘાં, મકાન અને ફાર્મના પરચૂરણ ઉપયોગ માટે ૫૦ વીઘાં અને બાકીની ૮૯૦ વીઘાં જેટલી જમીન ખેડૂતોને દાણે આપી દેવાય છે.

ઘાસમાં મોટે ભાગે ઝીંઝવો અને ગાંધું થાય છે. ઘાસ સુધારણા માટે મોટો ખર્ચ કરી ચરાણ જમીનોમાં સારી જાતનાં બી વાવી સુધારા કરવામાં આવ્યા છે. ઘાસચારાની જમીનમાંથી ચાલુ સાલે ૧૪,૪૨,૭૬૦ રતલ ઘાસ ઊપજ્યું હતું.

ખેતીની જમીનમાંથી ૫૭૧ મણ જુવાર, ૬૮ હજાર રતલ કડબી અને ૨,૧૫,૦૦૦ મણ સૂંઢિયું ઊપજ્યું હતું.

સંસ્થા પાસે પાણી માટે ૨ કૂવા છે. પણ પંપના અભાવે પીતની ખાસ વ્યવસ્થા નથી. સંસ્થામાં સાયલો પીટ નથી.

મરેલાં ઢોર બાબત : ફાર્મ પર મરેલાં ઢોરનું પ્રમાણ સરાસરી ૭ ટકા જેટલું આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થાની આર્થિક સ્થિતિ અને સંચાલન

સંસ્થાના છેલ્લાં કેટલાંક વર્ષોના આવક ખર્ચના આંકડા નીચે મુજબ છે :

વર્ષ	ખર્ચ રૂ.	વર્ષ	આવક રૂ.
૧૯૪૪-૪૫	૩૨,૭૮૪—૯-૧૧	૧૯૪૪-૪૫	૬,૮૭૭-૧૨-૦
૧૯૪૫-૪૬	૪૧,૯૪૨-૧૦—૨	૧૯૪૫-૪૬	૧૩,૩૫૪—૬-૯
૧૯૪૬-૪૭	૪૬,૮૯૦—૪—૦	૧૯૪૬-૪૭	૧૬,૫૧૯—૨-૩
૧૯૪૭-૪૮	૬૩,૬૯૨-૧૨—૬	૧૯૪૭-૪૮	૩૬,૦૧૧-૧-૩-૦
૧૯૪૮-૪૯	૪૫,૬૫૨—૨-૧૦	૧૯૪૮-૪૯	૨૮,૬૦૭—૧-૦
૧૯૪૯-૫૦	૫૩,૩૯૩—૭—૦	૧૯૪૯-૫૦	૪૨,૫૧૫—૭-૪
(આઠ માસ)		(આઠ માસ)	

ઉપરના આંકડા જોતાં ખોટ જણાય છે પણ વાસ્તવિક રીતે જોતાં તેમ નથી. આવકમાં સંસ્થા તરફથી જનતાને પશુસુધારણા માટે મફત સાંઢ અપાય છે તેની કિંમત ગણવામાં આવતી નથી. જો આ કિંમત પણ ગણાય તો એકંદરે સંસ્થા સ્વાવલંબી માલૂમ પડે.

સંસ્થાના સંચાલન માટે ૧ ગ્રેજ્યુએટ અને ૪ સ્ટોક મેન રાખવામાં આવ્યા છે. ઉપરાંત ગોવાળ અને પરચૂરણ કામ કરનાર નોકરો ૧૫ જેટલા છે. બધા જ માણસોને રહેવાનાં મકાન મફત અપાય છે.

ગૌશાળાના મકાન સંબંધી : જાનવરોને બાંધવા માટે પાકા 'શેડ' બંધાવેલા છે. ઉપરાંત માંદાં જાનવરો તેમ સાંઢ, પાડાઓ વગેરે માટે જુદાં જુદાં ડહેલાં છે. સંસ્થાના કાર્યકર્તાઓ, કચેરી, તેમ જ કોઠાર વગેરેની સગવડ માટે ઇલાયદાં મકાનો બાંધવામાં આવ્યાં છે.

મુશ્કેલીઓ અને ભવિષ્યની યોજના

ખાસ મુશ્કેલી નથી. સંસ્થામાં પાણીના પુરવઠા માટે પંપની ખાસ જરૂર છે, જેથી પીત કરી લીલો ચારો (Green fodder) તૈયાર કરી શકાય. એકંદરે સંસ્થા ઉત્તરોત્તર વિકાસ સાધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. શ્રી ગ્રામ દક્ષિણામૂર્તિ, આંબલા દ્વારા સંચાલિત શેઠ મંગળદાસ જેસંગભાઈ ગૌશાળા (સૌરાષ્ટ્ર):

ટૂંક ઇતિહાસ અને ઉદ્દેશ: સંસ્થાની સ્થાપના સને ૧૯૩૮માં કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ ગીર જાતિની ઓલાદનું સંવર્ધન કરી પ્રજામાં તેનો ફેલાવો કરવો, અને ગોપાલન અંગેનું વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું એ છે. સંસ્થા "ગ્રામ દક્ષિણામૂર્તિ, આંબલા" દ્વારા સંચાલિત હોઈ સંપૂર્ણ વ્યવસ્થા અને સંચાલનનું કાર્ય તે સંભાળે છે. સંસ્થા સાર્વજનિક છે અને તેના વ્યવસ્થાપક શ્રી રતિલાલ અંધારિયા છે. તેઓ સંસ્થાના કાર્યમાં ખૂબ રસ લઈ તેનો વિકાસ દિનપ્રતિદિન થતો રહે તે માટે પ્રયત્નો કરી રહ્યા છે.

ઢોરની સંખ્યા: આજે (૧૯૫૦) સંસ્થા પાસે કુલ ૭૭ જનવરો છે. તેમાં ૨૬ ગાય, ૧૦ વાછડા, વાછડી–વોડકાં ૩૨, બળદ ૮ અને સાંઢ ૧ છે. બધાં જ જનવરો ગીર ઓલાદનાં છે. ગાયો પૈકી ૨૦ ગાયો દૂઝણી છે.

રોગ અને સંરક્ષણ: સંસ્થામાં બધાં જ જનવરો તંદુરસ્ત છે. ક્યારેક ક્યારેક ખરવાસો અને થાનના સૂજનનો રોગ થાય છે. ચેપી રોગથી રક્ષણ આપવા દરેક જનવરને રસી મૂકવામાં આવે છે. સંસ્થામાં કેટલ ડીપ નથી. પણ તે તૈયાર કરાવવાનો વિચાર ચાલી રહ્યો છે.

પ્રાથમિક ઉપચારો માટે સંસ્થા પાસે પોતાની વ્યવસ્થા છે. ગંભીર પ્રસંગોએ સર્જનને સ્થળ ઉપર બોલાવી ઉપચાર કરાવાય છે.

જનવરોને નંબર પાડવામાં આવતા નથી, માત્ર નામ જ અપાય છે.

દૂધ ઉત્પાદન અને નિકાલ: રોજ ૪ મણ જેટલું, એટલે કે ૧૬૦ રતલ દૂધ સરાસરી થાય છે. દૂધ, ઘી વગેરે થાય છે તે સંસ્થાના રસોડે વિદ્યાર્થીઓની વપરાશ માટે વેચી દેવાય છે. તેમાંથી ૧૯૪૯ની સાલમાં રૂ. ૧૧,૯૩૭–૧૫–૩ ઊપજ થઈ હતી. દૂધનો સ્થાનિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવ ૦–૩–૦ તેમ ઘીનો રૂ. ૪ છે. અને દૂધનો બહારનો ભાવ ૦–૩–૦ અને ઘીનો રૂ. ૩ હોય છે.

ખાણ સંબંધી : ઢોરના ખાણ પાછળ વાર્ષિક રૂ. ૭,૦૦૦ ખર્ચવામાં આવે છે. રોજની વપરાશ ૨ા મણ જેટલી હોય છે. દૂઝણા ઢોરને દૂધના વજનથી અડધા ભાગનું દાણ અપાય છે. બાકી જાનવરનું કાઠું જોઈ પૂરતું પોષણ મળે તે મુદ્દો લક્ષમાં રાખવામાં આવે છે. વસૂકેલાં જાનવરોને ૧ા શેર દાણ મૂકવામાં આવે છે.

જાનવરોને લીલું ઘાસ પણ અપાય છે. સાયલાની સગવડ પણ ચાલુ સાલે કરવાનું વિચારાઈ રહ્યું છે. સૂકું ઘાસ ૨૮૦ ખાંડી જેટલું અને લીલું ૧૦૦ ખાંડી જેટલું વપરાય છે.

ખાતર : છાણ-મૂતરમાંથી લગભગ ૪૦૦ ગાડાં ખાતર થાય છે. તેની કિંમત રૂ. ૧,૬૦૦ ગણાય. મૂતર માટે કૂંડી હોઈ તેનો ઉપયોગ કોમ્પોસ્ટના ખાડામાં કરવામાં આવે છે. સંસ્થામાં છાણાં થાપી અમૂલ્ય ખાતરનો દુર્વ્યય થતો નથી.

જમીન અને ઘાસચારો : સંસ્થા પાસે કુલ ૪૦ વીઘાં જમીન છે. તે બધી જ ખેડાણ હોઈ તેમાં જુવાર, રજકો, ઓટ, ગાજર વગેરે પાકો લેવાય છે. જેમાંથી જાનવરો માટે ઘાસચારો પેદા થાય તેવા જ પાકો લેવાય છે. ખેતીના કામમાં ૬ બળદનો ઉપયોગ થાય છે. વળી પાણી માટે ૨ કૂવા હોઈ તે ઉપર ઇલેક્ટ્રિક મોટર તેમ જ ડીઝલ એન્જિન પણ મૂકયું છે. ચરાણ જમીન માટે ૧ માઈલ જેટલો ડુંગરાળ પ્રદેશ હોઈ તેમાં જાનવરો છૂટથી ચરે છે.

મરેલાં ઢોર બાબત : જાનવરોનું મરણ પ્રમાણ ૨·૯% છે. જાનવરના મૃતદેહને વાડીમાં દાટી તેનું સીધું ખાતર બનાવી દેવામાં આવે છે.

સંસ્થાની આર્થિક સ્થિતિ અને સંચાલન

સંસ્થાની સ્થાવર જંગમ મિલકતમાં સંસ્થા પાસે રૂ. ૨૫,૦૦૦નાં મકાનો છે. દૂધ, ખાતર, જાનવર વગેરેનું વેચાણ, બીડની ઊપજ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી ભેટ મદદ મળી આવક રૂ. ૧૯,૬૩૫-૦-૦ થઈ છે; અને ખર્ચ રૂ. ૧૮,૫૬૪-૪-૦ જેટલો થયો છે (૧૯૪૯-૫૦).

કાર્યકર્તાઓમાં કુલ ૪ માણસો છે. તેમાં ૧ વ્યવસ્થાપક, ૧ ગોપાલ, ૧ ચોકિયાત અને ૧ વાછરું ગોવાળ છે. બાકી ગૌશાળામાં સફાઈ વગેરેનું કામ કરવા શાળાના વિદ્યાર્થીઓ આવતા હોઈ પરચૂરણ નોકરોની જરૂર પડતી નથી. ગૌશાળાના પ્રત્યેક કાર્યમાં વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ ભાગ લે છે.

ગૌશાળાનાં મકાનો સંબંધી: ગૌશાળા પાસે પાકાં મકાનો છે. નીચેની ફરસ ચણેલી હોઈ મૂતર પણ ભેગું થાય છે. એકંદરે ગૌશાળાની સફાઈ સારી રહે છે. દૂધ દોહવામાં ઓઘરણાંનો ઉપયોગ કરવામાં આવે છે.

મુશ્કેલીઓ, ભવિષ્યની યોજના અને વિશેષતા

સંસ્થાને આજે કોઈ ખાસ મુશ્કેલી નથી. આવક-ખર્ચના આંકડા જોતાં સંસ્થા સંપૂર્ણ સ્વાવલંબી છે. તેનો ઉદ્દેશ સૌરાષ્ટ્ર પ્રદેશમાં લોકોનો ગોપાલનની દિશામાં પ્રેમ વધે અને તેઓ સારા ગોવંશો રાખતા થાય એ છે. ઉપરાંત તેનો હેતુ ગૌશાળામાં વિદ્યાર્થીઓને શાસ્ત્રીય જ્ઞાન આપવાનો છે. તે સૌરાષ્ટ્ર પ્રદેશમાં સારી ઓલાદના સાંઢ પૂરા પાડી ઓલાદ સુધારણાનું પણ કામ કરે છે.

૬. કૃષિગોવિદ્યાભવન, આણંદ દ્વારા ચાલતાં સુરત અને આણંદનાં ફાર્મ (માહિતી ૧૯૪૧ થી 'જ્ઞના રિપોર્ટ પરથી):

આણંદના ફાર્મની શરૂઆત વિદ્યાલયના વિદ્યાર્થીઓને પશુઉછેર અને સંવર્ધનનું પ્રત્યક્ષ શિક્ષણ આપવા તેમ જ કાંકરેજ વંશનો શાસ્ત્રીય વિકાસ કરવા માટે થઈ હતી. તેની સ્થાપના ૧૯૪૦-૪૧માં કરવામાં આવી હતી.

આ કાર્યને વેગ મળે તે માટે સરકારે તેમને સુરત અને છારોડીનાં ફાર્મ પણ સને ૧૯૪૦-૪૧માં સોંપ્યાં. આજે સુરત, આણંદ અને છારોડી ત્રણે ફાર્મની વ્યવસ્થા "વિદ્યાભવન" સંભાળે છે. આમ હોઈ ત્રણે સંસ્થાનાં જાનવરોની ફેરબદલી પણ કરવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી સંસ્થાના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ કામ માટે અવરનવાર ત્રણે જગ્યાએ રાખવામાં આવે છે.

છારોડી ફાર્મની વિગત આપણે જોઈ ગયા. હવે સુરત અને આણંદના ફાર્મની વિગત તપાસીએ.

આજે (૧૯૪૭) આણંદ ફાર્મમાં કુલ ૧૮૪ જાનવરો છે. તેમાં ગાય ૪૫, સાંઢ ૨, એક વર્ષ ઉપરના વાછડા ૨૧, એક વર્ષ ઉપરની વાછડી ૩૦, ધાવતા વાછડા ૧૩, ધાવતી વાછડી ૧૧, બળદ ૧૧, ખસી કરેલા વાછડા ૧૦, ભેંસો ૧૫, પાડી ૯, ઘોડા ૨ અને પોઠિયા ૬ છે.

સુરત ફાર્મ ખાતે કુલ ૫૫ જાનવર છે. તેમાં ગાય ૧૯, વાછડી ૧૫, નાની વાછડી ૫, સાંઢ ૧, એક વર્ષ ઉપરના વાછડા ૭, ધાવતા વાછડા ૬ અને બળદ ૨ છે.

૧૯૪૬–૪૭ની સાલમાં આણંદ ખાતે કુલ ૧,૨૩,૭૭૯ રતલ દૂધ થયું હતું અને સુરત ફાર્મમાં ૫૪,૩૨૩ રતલ દૂધ થયું હતું.

૮

ગુજરાતનાં પશુઉછેર ક્ષેત્રો

(શાસ્ત્રીય વિકાસ)

આગલા પ્રકરણમાં આપણે ગુજરાતનાં કેટલાંક પશુઉછેર ક્ષેત્રોની માહિતી અને ટૂંક ઇતિહાસ જોયાં. અહીં તે ક્ષેત્રોમાં પશુપાલન અને સંવર્ધન સંબંધમાં શાસ્ત્રીય ઢબે થયેલા વિકાસનું પરિણામ જોઈએ.

સામાન્ય રીતે પશુપાલન અને સંવર્ધનનો હેતુ જાનવરોને ઉત્તરોત્તર આર્થિક દૃષ્ટિએ પોષાય તેવાં કરવાનો છે. આ દિશામાં વહેલું — નાની ઉંમરે વિયાણ, વસૂકેલા દિવસોનું ઓછાપણું, દૂધ ઉત્પાદનમાં ઉત્તરોત્તર વધારો વગેરે બાબતો ખાસ ભાગ ભજવે છે. એટલે અહીં આપણે છેલ્લાં કેટલાંક વર્ષોના પ્રયત્નથી આ બાબતમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં કેટલો વિકાસ થયો છે તે જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલદી વિયાણ (Early Maturity) : આર્થિક દૃષ્ટિએ ગાય પોષાવામાં જલદી વિયાણ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. પરદેશના વૈજ્ઞાનિકો તો અખતરાઓ કરી આ બાબતમાં ખૂબ આગળ વધ્યા છે. ત્યાં આજે વાછડીની પહેલા વિયાણ વખતની ઉંમર સરેરાશ ૨૨ થી ૨૪ માસની રહે છે. જ્યારે આપણે ત્યાં ૪૦ થી ૫૦ માસની હોય છે. તે પણ સારી માવજતથી ઊછરેલી વાછડીની જ. એટલે આ બાબતમાં વિદેશોની સરખામણીમાં હજુ આપણે અડધે રસ્તે છીએ.

ઈકલ્સ (Eckles) નામના એક વિદેશી વૈજ્ઞાનિકે તારવેલી જુદી જુદી ત્રણ ઓલાદોની વાછડીઓની પહેલા વિયાણની ઉંમર આપી છે તે આપણે જોઈએ.

ઓલાદ	પહેલા વિયાણ વખતે ઉંમર
હોલસ્ટીન્સ (Halsteions)	૨૭ થી ૩૦ માસ
આર્શાયર્સ (Arshires)	૨૭ થી ૨૯ માસ
જર્સી (Jercy)	૨૪ થી ૨૬ માસ

આ જ પ્રમાણે મિ. રીડ (Reed), મિ. ફીચ (Fitch) અને મિ. ટર્નર (Terner) વગેરે વૈજ્ઞાનિકોના પણ અનુભવો છે.

આપણે ત્યાં હિંદમાં કેટલાંક શાસ્ત્રીય ઢબે ચાલતાં ક્ષેત્રોએ નીચે મુજબની પ્રગતિ કરી છે:

ઓલાદ	ઉછેર ક્ષેત્રનું નામ	પહેલા વિયાણની ઉંમર
શારીવાલ	ઇન્ડિયન એગ્રિકલ્ચરલ ઇન્સ્ટિટ્યૂટ	૨૭·૩ માસ
,,	લાયલપુર એગ્રિ૦ કૉલેજ	૩૮·૦ ,,
સિંધી	અલ્લાહાબાદ એગ્રિ૦ ઇન્સ્ટિટ્યૂટ	૩૨·૫ ,,
,,	પૂના એગ્રિ૦ કૉલેજ ડેરી	૩૬·૦ ,,
,,	બેન્ગલોર ડેરી ઇન્સ્ટિટ્યૂટ	૪૦·૦ ,,
ગીર	,, ,,	૪૨·૦ ,,
,,	કાંદીવલી કેટલ બ્રીડિંગ ફાર્મ	૫૧·૫ ,,
થરપારકર	ઇન્ડિયન એગ્રિ૦ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ	૩૪·૦ ,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતમાં સામાન્ય રીતે કાંકરેજ અને ગીર ઓલાદની પહેલા વિયાણની ઉંમર સરાસરી ૫ થી ૬ વર્ષની રહે છે. આજે પણ સામાન્ય રીતે તે ઉંમર ૪ થી ૪॥ વર્ષની તો હોય છે જ. છતાં જે ક્ષેત્રોમાં વ્યવસ્થિત ઉછેર થાય છે ત્યાં આ બાબતમાં કંઈક પ્રગતિ થઈ છે તે નીચેના આંકડાથી સમજાશે.

ઉછેર ક્ષેત્ર	ઓલાદ	પહેલા વિયાણની ઉંમર	
નોર્થબ્રૂક કેટલ ફાર્મ, છારોડી	કાંકરેજ	૪૪.૪	માસ
આશ્રમ ગૌશાળા, સાબરમતી	ગીર	૫૦.૦	,,
બાકરોલ બ્રીડિંગ ફાર્મ	કાંકરેજ	૪૫.૦	,,
બોચાસણ ગૌશાળા	,,	૪૮.૦	,,
આંબલા ગૌશાળા	ગીર	૪૮.૦	,,
આણંદ અને સુરત ફાર્મ	કાંકરેજ	૪૧.૭	,,

જલદી વિયાણમાં પ્રગતિ કરવા માટે ખાણદાણ અને ઉછેરમાં પૂરતી કાળજી રાખવી જોઈએ. વળી જલદી વિયાણમાં ઉત્તમ સાંઢની પસંદગી એ પણ એક મહત્ત્વની વસ્તુ છે. ઉત્તમ સાંઢ હોય તો જ ઓલાદમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય. પણ આજે આપણે ત્યાં ઉત્તમ સાંઢની પરીક્ષા કરવામાં ૯ વર્ષનો સમય લાગે છે. જ્યારે પરદેશોમાં ૫॥ વર્ષ લાગે છે. સાંઢની ઓલાદ જોયા પછી જ સાંઢ કેવી શક્તિ ધરાવે છે તે જાણી શકાય છે.

વિયાણની નિયમિતતા : વિયાણની નિયમિતતા હોવી એ વત્સપ્રધાન કે દુગ્ધપ્રધાન બન્ને ઓલાદમાં અગત્યની વસ્તુ છે. દૂધના હેતુ માટે માત્ર ગાય કેટલું અને કેવું દૂધ આપે છે તેની ઉપર જ આધાર નથી. પણ જલદી અને નિયમિત વિયાણથી પણ આર્થિક લાભ ઘણો થાય છે. તે જ પ્રમાણે વત્સપ્રધાન જાનવરમાં પણ જલદી અને નિયમિત વિયાણ થાય તો થોડી ઉંમરમાં વધારે વેતર ફળે. હિન્દમાં અનિયમિત વિયાણ એ તો એક સામાન્ય વસ્તુ થઈ પડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી દવે અને શ્રી હરમાનસિંગે પોતાના અનુભવ દ્વારા જોયું છે કે બેંગલોર ડેરી ઇન્સ્ટિટ્યૂટમાં સિંધી ઓલાદના ધણમાં બે વેતર વચ્ચેનું સરાસરી અંતર ૪૦૧ દિવસનું હોય છે. કનોલ ખાતે હરિયાના અને થરપારકર ઓલાદના ધણમાં પણ તે અંતર ૩૫૮ થી ૩૬૫ દિવસનું નોંધાયું છે.

મિ. કે. પી. આર. કાર્થાએ મિલિટરી ડેરી ફાર્મનો અભ્યાસ કરી જે તારણ કાઢ્યું છે તે નીચે મુજબ છે:

જાત અને ધણ		બે વેતર વચ્ચેનું અંતર	
શારીવાલ	સામાન્ય	૪૦૪	દિવસ
,,	ફિરોજપુર ડેરી	૪૦૮	,,
સિંધી	દક્ષિણ વિભાગ	૪૦૯	,,
,,	સિવિલ ડેરીઝ	૪૧૬	,,
થરપારકર	—	૩૯૯	,,

આપણે ત્યાં ગુજરાતની ગાયોમાં આ અંતર ૭૩૦ દિવસ જેટલું રહેતું, પણ હવે તેમાં પ્રગતિ થતાં નીચેનાં ઉછેર ક્ષેત્રોમાં કંઈક સુધારો થયો છે:

ધણ	ઉછેરક્ષેત્ર	બે વિયાણ વચ્ચેના દિવસો
કાંકરેજ	છારોડી	૪૮૨
,,	બોચાસણ	૪૨૫
,,	બાકરોલ	૪૮૫
ગીર	સાબરમતી	૫૯૭
,,	આંબલા	૪૬૫

આમાં કાંકરેજ ગાયો કરતાં ગીર ગાયોનાં બે વિયાણ વચ્ચેનું અંતર વધુ જણાય છે.

દૂધ ઉત્પાદન: દૂધ ઉત્પાદનની દૃષ્ટિએ પરદેશના મુકાબલે આપણે ઘણા પાછળ છીએ, જે નીચેના તુલનાત્મક આંકડાથી સમજાશે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશનું નામ	વાર્ષિક દૂધ ઉત્પાદન		એક ગાય દીઠ દિવસનું
રશિયા	૭,૬૪૦	રતલ	૨૦.૯
ડેનમાર્ક	૭,૦૦૦	,,	૧૯.૧
ઇંગ્લંડ	૬,૪૮૦	,,	૧૭.૭
જર્મની	૫,૩૦૪	,,	૧૪.૫
ભારત	૫૨૪	,,	૧.૪

આ તો સામાન્ય સરેરાશ થઈ, પણ રશિયાની પ્રગતિ તો આશ્ચર્ય પમાડે તેવી છે. ત્યાં ઝારશાહીમાં એક ગાય સરાસરી ૧,૪૦૦ રતલ દૂધ આપતી તે આજે સરેરાશ ૭,૬૪૦ રતલે પહોંચી છે; અને કેટલીક વિશેષ ગાયો તો ૩૫,૦૦૦ રતલ સુધી પણ પહોંચી છે. શું આપણે પણ આ પ્રમાણે પ્રગતિ ન કરી શકીએ? આજે જર્મની પણ દૂધ ઉત્પાદનમાં આપણાથી ઘણું આગળ છે. આપણે ૧૮ કરોડ જાનવરોમાંથી જેટલું દૂધ મેળવીએ છીએ તેટલું તે પોતાનાં ૨૫ કરોડ જાનવરોમાંથી મેળવે છે.

આપણે ત્યાં ગુજરાતમાં ગીર અને કાંકરેજ ઓલાદ અનુક્રમે સરેરાશ ૩,૦૦૦ થી ૨,૦૦૦ રતલ દૂધ આપે છે. વળી કેટલીક વિશેષ ગાયો ૧૦,૦૦૦ રતલ સુધી પણ પહોંચી છે. પણ આપણે પ્રયત્ન કરીએ તો રશિયાની જેમ પ્રગતિ કરી શકીએ. આજે આપણાં પશુઉછેર ક્ષેત્રોમાં સરેરાશ તેમ વિશેષ ગાયો વાર્ષિક કેટલું દૂધ આપે છે તે જોઈએ:

ઉછેર ક્ષેત્રનું નામ	આખા ઘણનું સરાસરી વાર્ષિક દૂધ	દૂઝણી ગાયોનું સરાસરી	વિશેષ ગાયે આપેલું
છારોડી	૧,૭૭૮	૩,૬૬૬	૮,૦૧૬
બાકરોલ	૨,૦૦૦	૩,૫૫૨	૫,૮૮૨
ઓચાંસણ	૨,૦૦૦	૨,૦૦૦	૭,૬૦૦
આંબલા	૨,૪૦૦	૩,૦૪૦	૫,૦૯૦
સાબરમતી	૨,૧૦૫	૨,૯૪૭	૫,૩૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોકે ઉપરના આંકડાઓમાં છેલ્લા દુષ્કાળનાં વર્ષોની પણ અસર પડેલી છે, છતાં હજુ આપણે આ દિશામાં પૂરતો વિકાસ સાધ્યો નથી.

કૃત્રિમ ગર્ભાધાન: આ બાબતમાં ગુજરાતનાં ક્ષેત્રોએ કાંઈ ખાસ પ્રયોગ કર્યા નથી. માત્ર છારોડી ફાર્મમાં આ અંગે પ્રયત્નો થયા છે. આજે ત્યાં આ રીતે તૈયાર થયેલાં ૨ વાછડાં છે. ચાલુ સાલે આણંદમાં પણ પ્રયોગશાળા થવાની છે.

ઉપસંહાર: આપણે ત્યાંનાં એટલે ગુજરાતનાં પશુઉછેર ક્ષેત્રોમાં જોઈએ તેટલી પ્રગતિ સાધી શકાઈ નથી. તેનું કારણ યોગ્ય સંચાલન અને નાણાંની તંગી છે. આ બાબતમાં જ્યાં સુધી ખાનગી પ્રયાસો સરકારી મદદ યા સરકારી યોજનાઓ દ્વારા થાય નહિ ત્યાં સુધી પ્રગતિ થવાની નથી.

૯

ભેંસે લીધેલું ગાયનું સ્થાન

આજે ગુજરાતમાં ગાયોનું સ્થાન ભેંસો લેતી જાય છે. પણ ભેંસના પાલનથી કેટલું નુકસાન થાય છે તે આપણે જાણતા નથી. પૂ. ગાંધીજીએ પણ આ બાબતમાં આપણું ધ્યાન દોર્યું હતું. પણ તેઓ રાજકીય આંદોલનની ધમાલમાં આ બાબતમાં પૂરતું લક્ષ આપી શક્યા નહિ. તેમની માન્યતા તો એવી હતી કે:

"ગોરક્ષાનો પ્રશ્ન મારા વિચાર પ્રમાણે સ્વરાજ્યના પ્રશ્નથી નાનો નથી. એને સ્વરાજ્યના પ્રશ્ન કરતાં હું કેટલેક અંશે મોટો માનું છું. . . . ભારતની સુખ સમૃદ્ધિ ગાય અને તેનાં સંતાનની સમૃદ્ધિ સાથે જોડાયેલી છે."

મુંબઈ સરકારના પશુ-વિશેષજ્ઞ સ્વ. ઇ. જે. બુઈને પોતાના એક વક્તવ્યમાં ભેંસથી થતા નુકસાન પર જનતાનું ધ્યાન દોર્યું હતું. તેમણે કહ્યું હતું કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ભેંસનું દૂધ લોકો એટલા સારૂ પસંદ કરે છે કે તેમાં ચરબીનું પ્રમાણ વધારે છે. ભેંસના દૂધ પ્રત્યેની આ અભિરૂચિ એ ગોવંશની વૃદ્ધિ પર પોતાનો પ્રભાવ પાડી રહી છે."

વસ્તુતઃ જેટલું નુકસાન આપણા ગોવંશનું અને ખેતીકામનું ભેંસે કર્યું છે, એટલું ભાગ્યે જ બીજી કોઈ વસ્તુએ કર્યું હશે.

આપણો દેશ અને નીચે જણાવેલા બીજા દેશો સિવાય કોઈ પણ દેશમાં ભેંસનું પાલન યા તેના દૂધનું સેવન કરવામાં આવતું નથી. દક્ષિણ ચીન, ફિલિપાઈન્સદ્વીપ-પુંજ અને ભારતવર્ષમાં જ તેનું પાલન કરવામાં આવે છે. પ્રાચીન કાળમાં આપણે ત્યાં ભેંસ હતી જ નહિ. વેદોમાં ભેંસ સંબંધી કોઈ પણ ઉલ્લેખ મળતો નથી. તેમાં તો માત્ર ગાયનો જ ઉલ્લેખ અને વર્ણન મળી આવે છે. વેદમાં કહ્યું છે કે સૃષ્ટિના નિર્માણમાં સર્વપ્રથમ ગાય ઉત્પન્ન થઈ. તેથી વેદમાં તેને "अग्रजा" કહી સંબોધવામાં આવે છે. ગાય પછી મનુષ્ય પેદા થયો. ઋગ્વેદમાં પણ "गौर्वैमाता" એમ કહ્યું છે.

વેદની જેમ જ કુરાન, બાઇબલ, બૌદ્ધ અને જૈન ગ્રંથો વગેરેમાં પણ કોઈ સ્થળે ભેંસ સંબંધી વર્ણન મળતું નથી. તેથી ભેંસની ઉત્પત્તિ ક્યાંથી થઈ તે જાણવું મુશ્કેલ છે. તેની ઉત્પત્તિ વિષે વિચિત્ર દંતકથાઓ છે.

કહેવાય છે કે, પ્રાચીન કાળમાં "નંદિની" નામની ગાય માટે વસિષ્ઠ અને વિશ્વામિત્ર ઝઘડ્યા. એમાં વિશ્વામિત્ર ઋષિ હાર્યા. તેથી તેમણે ઘોર તપશ્ચર્યા કરી અને તપોબળ વડે નવી સૃષ્ટિ રચી. તેમાં ગાયનો સામનો કરવા ભેંસ બનાવી. ત્યારથી તેનો ઉત્તરોત્તર વિકાસ થયો. આજે તો તે ગામડે ગામડે ફેલાઈ છે અને ગાયનું સ્થાન લેતી જાય છે.

વળી એક બીજી દંતકથા પણ જોઈએ. શ્રી વાલજીભાઈ ગોવિન્દજી દેસાઈએ પોતાના પુસ્તકમાં શ્રી કાકાસાહેબના એક લેખમાં આવેલી દંતકથાનો નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દક્ષિણનાં ગામોની દેવી લક્ષ્મી પહેલા જન્મમાં બ્રાહ્મણની દીકરી હતી. બ્રાહ્મણે તેનું ચાર વેદમાં નિષ્ણાત અને બધી રીતે બ્રાહ્મણ જેવા લાગતા એક માણસ સાથે લગ્ન કરી નાખ્યું. પેલી છોકરીને આગળ ઉપર લાગ્યું કે પોતાનો પતિ બ્રાહ્મણેતર જાતિનો છે; અને તેણે કોઈ બ્રાહ્મણના ઘરમાં ઝાડુ કાઢતાં કાઢતાં વેદોચ્ચાર સાંભળીને વિદ્યા ગ્રહણ કરી છે. તે સુંદર અને બુદ્ધિમાન હોવાથી તેણે બ્રાહ્મણોચિત બધાં જ સંસ્કાર-કર્મ શીખી લીધાં હતાં અને તે એક સારા બ્રાહ્મણ જેવો બની ગયો હતો. જ્યારે પેલા બ્રાહ્મણની પુત્રીને આ વાતની જાણ થઈ ત્યારે તેણે પોતાના પિતાને પૂછ્યું કે, "કોઈ માટીનું વાસણ અપવિત્ર થઈ જાય તો તેને કેવી રીતે શુદ્ધ કરવું જોઈએ?" પિતાએ જવાબ આપ્યો કે, "એવું વાસણ તો અગ્નિમાં નાખ્યાથી જ શુદ્ધ થઈ શકે." છોકરી પોતાને ઘેર ગઈ અને ચિતા ખડકીને બળી મરી. આ સત્યના પ્રતાપે તે બીજા જન્મમાં લક્ષ્મી થઈ ઘેર ઘેર પૂજાય છે; અને પેલો નકલી બ્રાહ્મણ પાડો થઈ જન્મ્યો તેથી લક્ષ્મી આગળ તેનું બલિદાન આપવામાં આવે છે."

આમ આપણે ભેંસની ઉત્પત્તિ વિશેની દંતકથાઓ જોઈ. હવે તેના પાલનને બદલે ગોપાલનને જ કેમ વિશેષ મહત્ત્વ અપાય છે તે જોઈએ.

સૌથી પ્રથમ તો આપણા કૃષિપ્રધાન અને ગરીબ દેશમાં બળદ દ્વારા જ ખેતી કરવી જોઈએ. જો આપણે યંત્રોની મદદ લઈએ તો તેનો ખર્ચ આપણને ઘણો ભારે થઈ પડે. વળી ગરમીને લીધે પાડાથી ખેતી કરવાનું પણ શક્ય નથી. હા, અપવાદ તરીકે કોંકણ અને બંગ જેવા પ્રદેશોમાં વર્ષાની અધિકતા હોવાના કારણે પાડા કામમાં આવી શકે છે. પણ સમસ્ત ભરતખંડનો વિચાર કરતાં તેનું સ્થાન નજીવું છે, એટલે આપણા કૃષિ ઉદ્યોગને સમૃદ્ધ બનાવવા ગોવંશની ઉન્નતિ કરવી જ રહી.

કેટલાક લોકો ગાયના દૂધને ભેંસના દૂધ સાથે સરખાવતાં ગાયના દૂધને ઊતરતી કોટિનું ગણે છે. પણ વૈજ્ઞાનિક વિશ્લેષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં જણાયું છે કે ગાયનું દૂધ જ સર્વોત્તમ છે. ગાયના દૂધમાં "કેરોટીન" (Carotine) નામનું તત્ત્વ વિશેષ રૂપમાં છે કે જે ભેંસના દૂધમાં નથી. ગાયનું દૂધ બાળકોને પણ ભેંસના દૂધ કરતાં વધુ માફક આવે છે, કારણ તે પચવામાં હલકું છે અને માતાના દૂધ જેવું જ હોય છે. ગાયના દૂધ માટે અંગ્રેજીમાં કહ્યું છે કે "Cow's milk and honey are the root of beauty." આ કથન બિલકુલ સત્ય છે. ગાયની ચામડીમાં સૂર્યરશ્મિઓમાંથી પણ બળવાન પ્રાણતત્ત્વો ખેંચવાની શક્તિ રહેલી છે, કે જે ભેંસમાં નથી. એકંદરે ભેંસના દૂધ કરતાં ગાયનું દૂધ જ ઉત્તમ છે. ગાયના દૂધનું, બાળકની માતાના તેમ જ ભેંસના દૂધનું વૈજ્ઞાનિક વિશ્લેષણ નીચે મુજબ છે:

દૂધ	પાણી	સ્નેહ પદાર્થ	સાકર	પ્રોટીન	ક્ષાર
ગાયનું	૮૬·૨૭	૪·૮૦	૪·૭૮	૩·૪૨	·૭૩
માતાનું (માનવીય)	૮૭·૪૧	૨·૦ થી ૩·૭૬	૬·૨૯	૨·૨૩	·૩૧
ભેંસનું	૮૨·૧૪	૭·૪૪	૪·૮૧	૪·૭૮	·૮૩

દૂધ આપવાની શક્તિમાં પણ ભેંસ કરતાં ગાય જ વધુ શક્તિશાળી હોવાનું પ્રયોગ દ્વારા સિદ્ધ થયું છે. હવે ગાય અને ભેંસનું તુલનાત્મક વિવેચન કરીએ.

ગાય

—ગાયનું દૂધ પચવામાં હલકું હોઈ બાળકોને વધુ માફક આવે છે. વળી તેના દૂધમાં રોગનાશક અને આરોગ્યવર્ધક ગુણો છે, જે ભેંસમાં નથી. ખાસ કરીને આંખના તેજની વૃદ્ધિ માટે ગાયનું દૂધ અત્યંત ઉપયોગી છે એમ આયુર્વેદમાં કહ્યું છે. ધાર્મિક પુસ્તકોમાં ગાયના દૂધને સાત્ત્વિક અને બુદ્ધિવર્ધક ગણવામાં આવે છે.

ભેંસ

—ભેંસના દૂધમાં ચરબીનું પ્રમાણ વધારે હોઈ તે પચવામાં ભારે છે. તેના દૂધના સેવનથી મનુષ્યમાં જડત્વ આવે છે. તેના દૂધમાં રાજસી ગુણો રહેલા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—ગાય ચોખ્ખું અને નિર્મળ પ્રાણી છે. આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે તેના શરીર ઉપર હાથ ફેરવવાથી આપણા આયુષ્ય અને તેજસ્વિતામાં વધારો થાય છે. તે આર્ય સંસ્કૃતિની પોષક છે.

—ગાયના વાછડાઓ ઉત્તમ બળદ તરીકે કામ આપી દેશના કૃષિ ઉદ્યોગને સમૃદ્ધ બનાવે છે.

—ગાયના બે વિયાણ વચ્ચેનું અંતર ભેંસ કરતાં ઓછું હોય છે. વળી તેના દૂઝણાના દિવસો અને દૂધ ઉત્પાદન ભેંસ કરતાં વધુ હોય છે.

—દૂધ ઉત્પાદનમાં ભેંસ કરતાં ગાય વધુ મર્યાદામાં આગળ વધેલી છે. તેનું દૂધ ઉત્પાદન ૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ રતલ સુધી પહોંચ્યું છે.

—આર્થિક દૃષ્ટિએ ભેંસ કરતાં ગાય ઓછી ખર્ચાળ છે.

—ગાયમાં ખડતલતા અને વાતાવરણને અનુકૂળ થવાની શક્તિ હોય છે. વળી તેને ઓછી મહેનતે પણ સારી સ્થિતિમાં રાખી શકાય છે.

—ભેંસ કાદવકીચડમાં પડી રહેનારી અને ગંદી છે. તેથી તે રોગિષ્ઠ પણ હોય છે. તેથી તેનાં ઘી દૂધમાં પણ ખરાબ જંતુઓ પ્રવેશે છે.

—ભેંસના પાડા કેવળ નિરુપયોગી છે.

—ભેંસના બે વિયાણ વચ્ચેનું અંતર લાંબું અને દૂઝણાના દિવસો તેમ દૂધ ઉત્પાદન ગાય કરતાં ઓછાં હોય છે.

—ભેંસ કદી ૭,૦૦૦ રતલ દૂધથી વધારે દૂધ આપી શકતી નથી. તે તેની અવધિ છે.

—ભેંસ પાછળ ઉત્પાદન કરતાં વધુ ખર્ચ કરવો પડે છે.

—પ્રતિકૂળ વાતાવરણમાં ભેંસ ટકી શકતી નથી. તેને પાલવવા માવજત ખૂબ કરવી પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે જોતાં ગાય ભેંસ કરતાં દરેક રીતે ઉત્તમ છે એ સર્વમાન્ય વસ્તુ બને છે. એટલે ગાયની ઉન્નતિ કરવામાં જ આપણી ઉન્નતિ રહેલી છે. પણ દરેકને પ્રશ્ન એ થાય છે કે ગાય ગાય કહીએ તો ભેંસનું શું કરવું? તેને જંગલમાં રખડતી મૂકવી કે કસાઈખાને મોકલવી? આમ ગાયની ઉન્નતિ કરવામાં તો ભેંસનો સર્વનાશ થાય. આ પ્રશ્નના ઉત્તરમાં આપણે પૂ. ગાંધીજીએ શું કહ્યું હતું તે જોઈશું.

"જો આપણે ગાયને બચાવીશું તો ભેંસ પણ બચી જશે. . . હું એ કહેવા માગું છું કે તમે અને હું ગાય અને ભેંસ બંનેને એક સાથે બચાવી શકવાના નથી. અને તેવી કોશિશ કરવી શક્ય નથી. તેમ કરવા જઈશું તો ભેંસ ગાયને ખાઈ જશે. આ બન્ને જાનવરોમાં ગાયની ઉપેક્ષા કરવામાં આવી છે. એટલે ગાયને સમૃદ્ધ કરવા જ મથવું જોઇએ." વળી તેઓ એક બીજે સ્થળે કહે છે કે, "બુદ્ધિ મને વિશ્વાસ આપે છે કે જો હું ગાયને બચાવી લઉં તો ગાય અને ભેંસ બંનેને બચાવી લઈશ. જો મને કોઈ ખાતરી કરાવી આપે કે ગાય તો બચી શકવાની જ નથી અને ભેંસની જ રક્ષા કરવી જોઈએ, તો હું 'ભેંસ-સેવા-સંઘ' ખોલવા તૈયાર છું. પણ વાત તો ઊલટી છે. ભેંસને વિશેષ સંરક્ષણની જરૂર નથી. ગાયને જરૂર છે. ભેંસ અને બકરી પણ ગાયની જેમ જ મારી માતા છે. પણ હું જાણું છું કે બિચારી બકરી તો બચી શકવાની જ નથી અને ગાયને બચાવવાની વિશેષ જરૂર છે. જ્યારે આપણે ગાયને બચાવીશું ત્યારે ભેંસની રક્ષા આપોઆપ થશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

પશુઉછેર અંગે વિવિધ કામ કરતી સંસ્થાઓ

આ પ્રકરણમાં પશુઉછેરનું શિક્ષણ આપતી, સંશોધન કરતી અને પ્રચાર કરતી સંસ્થાઓનું ટૂંકમાં કામકાજ જોઈશું અને તેની કાર્યપદ્ધતિ વિશે વિચાર કરીશું.

(૧) શિક્ષણ સંસ્થાઓ

પશુઉછેરનું શિક્ષણ આપતી સંસ્થાઓ સમસ્ત ભારતમાં માત્ર આંગળીને વેઢે ગણાય એટલી છે તો પછી ગુજરાતનું તો પૂછવું જ શું? હજુ આ શિક્ષણની જરૂર છે એવા વિચાર તરફ પૂરતું ધ્યાન અપાયું નથી. આજે જે સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે, તે પણ માત્ર ઉચ્ચ જ્ઞાન આપતી સંસ્થાઓ જ છે. એટલે તેમાંથી પ્રતિવર્ષ એકાદ કોડી જેટલા સ્નાતકો તૈયાર થાય છે. પણ એટલા સ્નાતકોથી ભારતનું દળદર કેમ ફીટે! આપણે તો ગામડે ગામડે આ વિષયના જાણકારોની જરૂર છે. એટલે આ અંગેનું શિક્ષણ આપણી પ્રાથમિક શાળાઓમાંથી જ શરૂ થવું જોઈએ. જો બહેનોને પણ પશુઉછેર-શાસ્ત્રનો અભ્યાસ કરાવવામાં આવે તો ઘણું જ સરસ. આપણે ત્યાં ગુજરાતમાં લગભગ બધે જ ભેંસ અને ગાયને દોહવી, વલોવવું, દૂધ-ઘીની વ્યવસ્થા કરવી, ખાણદાણાની વ્યવસ્થા કરવી વગેરે બધી જ જવાબદારી બહેનો ઉઠાવે છે. એટલે જો તેમને આ બાબતનું શાસ્ત્રીય જ્ઞાન અપાય તો કાર્ય સરસ રીતે ચાલે; અને ગુજરાતને અને ભારતને જે ભૂખ છે તે પણ કંઈક અંશે પૂરી થાય. નીચે આપણે ભારતમાં તેમ ગુજરાતમાં જે એ ત્રણ સંસ્થાઓ ચાલે છે તેની વિગત જોઈએ:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એનિમલ હસબન્ડ્રી ઍન્ડ ડેરિંગ — બેંગલોર : આ સંસ્થામાં મુખ્ય ચાર પ્રકારના અભ્યાસક્રમ છે : (૧) હિંદી ડેરીના પ્રતિષ્ઠાપત્રનો; (૨) ઢોરઉછેર અને અનુસ્નાતકનો ઉચ્ચ અભ્યાસક્રમ; (૩) ડેરી અને ઢોરઉછેરનો ટૂંકો અને ક્રિયાત્મક અભ્યાસક્રમ. (૪) ડેરી અને ઢોરઉછેરનો ટૂંકો અભ્યાસક્રમ.

પહેલો અભ્યાસક્રમ બે વર્ષમાં અને બીજો ૧૫ માસમાં પૂરો થાય છે. ત્રીજા તથા ચોથાની મુદત અનિશ્ચિત છે. પહેલા અભ્યાસક્રમને અંતે 'ઇન્ડિયન ડેરી ડિપ્લોમા' મળે છે. બાકીના અભ્યાસક્રમોને અંતે માત્ર પ્રમાણપત્ર આપવામાં આવે છે.

પહેલો અથવા ત્રીજો અભ્યાસક્રમ લેનાર વિદ્યાર્થી ઓછામાં ઓછો મૅટ્રિક થયેલો હોવો જોઈએ. બીજો અભ્યાસક્રમ લેનાર ઉમેદવારે પ્રાંતિક ખેતીવાડી ખાતામાં અમલદાર તરીકે નોકરી કરેલી હોવી જોઈએ, અથવા ખેતીખાતાની કે વિજ્ઞાનની કૉલેજની ડિગ્રી અથવા પ્રતિષ્ઠાપત્ર મેળવેલું હોવું જોઈએ.

૨. અલ્લાહાબાદ ઍગ્રિકલ્ચર ઇન્સ્ટિટ્યૂટ – નૈની : આ સંસ્થામાં ત્રણ પ્રકારનો અભ્યાસક્રમ છે: (૧) ઇન્ટરમિજિયેટ (ઍગ્રિ.)ના પ્રમાણપત્રનો; (૨) B. Sc. (Agri.)ની પદવીનો; (૩) ઇન્ડિયન ડેરી પ્રતિષ્ઠાપત્રનો.

આમાં પહેલો અને બીજો બબ્બે વર્ષનો છે. ત્રીજો અભ્યાસક્રમ લેનાર ઓછામાં ઓછો મૅટ્રિક હોવો જોઈએ. બીજો અભ્યાસક્રમ લેનારે પહેલો પૂરો કરેલો હોવો જોઈએ.

૩. કૃષિ ગોવિદ્યાભવન — આણંદ : કૃષિ ગોવિદ્યાભવન આણંદમાં બે સંસ્થાઓ ચલાવાય છે: એક મનસુખલાલ કૃષિવિદ્યાલય અને બીજી મૂંગાલાલ ગોવિદ્યાલય. પહેલી સંસ્થા શિક્ષણનું કામ કરે છે. તેમાં બે જાતના અભ્યાસક્રમો છે: એક બે વર્ષનો અને બીજો છ મહિનાનો. છ માસમાં માત્ર ડેરી સંબંધીનું જ શિક્ષણ અપાય છે. જ્યારે બે વર્ષના અભ્યાસક્રમમાં ખેતીવાડી અને પશુઉછેર એ બન્ને વિષયોનું શિક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપાય છે. શિક્ષણનું માધ્યમ માતૃભાષા છે અને વર્નાક્યુલર ફાઈનલની કક્ષાના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે.

બીજી સંસ્થા (મૂંગાલાલ ગોવિદ્યાલય) પશુઉછેર ક્ષેત્રમાં સંશોધનનું કામ કરે છે.

આ સિવાય પશુ રોગ ચિકિત્સાનું શિક્ષણ આપતી પાંચ કૉલેજો છે: (૧) વેટરનરી કૉલેજ, મુંબઈ; (૨) વેટરનરી કૉલેજ, કલકત્તા; (૩) વેટરનરી કૉલેજ, મદ્રાસ; (૪) વેટરનરી કૉલેજ, પટણા; (૫) વેટરનરી કૉલેજ, લાહોર.

આમાંથી મુંબઈની કૉલેજ આજ સુધી સ્વતંત્ર ચાલતી. હવે તેની વ્યવસ્થા મુંબઈ યુનિવર્સિટીએ લીધી છે. તેમાં ઇન્ટર સાયન્સમાં બીજા વર્ગમાં પાસ થયેલા વિદ્યાર્થીઓને દાખલ કરાય છે અને પાંચ વર્ષને અંતે B. Sc. (Vet.)ની પદવી અપાય છે.

વળી અખિલ ભારત ગોસેવા સંઘ પણ જુદા જુદા અભ્યાસક્રમો ઘડી કેટલાક વર્ગો ચલાવે છે અને પશુઉછેરનું શિક્ષણ આપે છે. મથુરામાં પણ તેવા શિક્ષણની વ્યવસ્થા કરાઈ છે.

ગુજરાતમાં આપણી કેટલીક રાષ્ટ્રીય સંસ્થાઓ : દક્ષિણામૂર્તિ આંબલા, ઋષિકુલ વિદ્યાપીઠ, જેજવા–વડોદરા વગેરેમાં વિદ્યાર્થીઓને પશુઉછેર અને ચિકિત્સાનું જ્ઞાન આપવામાં આવે છે.

(૨) સંશોધન કરતી સંસ્થાઓ

આજે સંશોધનનું કામ કરતી સંસ્થાઓ માત્ર ત્રણ છે: (૧) ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ વેટરનરી રિસર્ચ — મુક્તેશ્વર; (૨) ઇન્ડિયન વેટરનરી સીરમ ઇન્સ્ટિટ્યૂટ — ઈઝતનગર; (૩) કાઉન્સિલ ઑફ ઍગ્રિ૦ રિસર્ચ — ન્યૂ દિલ્હી.

પહેલી બે સંસ્થાઓ પૈકી મુક્તેશ્વરમાં સીરમ અને વેકસીનના પ્રયોગો કરી તેનું ઉત્પાદન કરવામાં આવે છે. બીજીમાં સીરમ ઉપરાંત ખાસ કરીને પ્રજનન વિજ્ઞાન (Genetic Science) નું સંશોધન થઈ રહ્યું છે. ત્રીજી સંસ્થાનો ઉદ્દેશ હિન્દના સમગ્ર પશુધનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વાંગી વિકાસ સાધવાનો હોઈ તેમ કરવા લોકોને પ્રોત્સાહન મળે તેવી બધી જ પ્રવૃત્તિઓ કરે છે. વળી પશુઉછેરની માહિતી આપતા શાસ્ત્રીય ગ્રંથો પણ સંશોધન કરી બહાર પાડે છે.

આ ત્રણે સંસ્થાઓમાં અનુસ્નાતકના વર્ગો ચલાવાતા હોઈ સંશોધનનું કામ તે દ્વારા થાય છે.

(૩) પ્રચાર કરતી સંસ્થાઓ

૧. ગોસેવાસંઘ ગોપુરી—વર્ધા : ૧૯૪૨માં આ સંસ્થાની સ્થાપના પૂ. ગાંધીજીએ કરી. અત્યારે તેના મંત્રી શ્રી રાધાકૃષ્ણ બજાજ છે. સંસ્થાનો ઉદ્દેશ હિન્દના ગોવંશોની ઉન્નતિ સાધવાનો છે. તે બર લાવવા સંસ્થા વ્યક્તિગત અને સામૂહિક ગોપાલનને પ્રોત્સાહન આપવું, સારી ઓલાદના સાંઢ પૂરા પાડવા, આજે ચાલતી ગોશાળાઓને યોગ્ય માર્ગદર્શન આપવું, બીજી નવી ગોશાળાઓની સ્થાપના કરવી, ગાયનાં દૂધવી તરફ લોકો આકર્ષાય તેવા પ્રયત્નો કરવા, અને તે પૂરાં પાડવા ગોરસ ભંડારો ખોલવા વગેરે પ્રવૃત્તિ ચલાવે છે.

આ સંસ્થાએ હિન્દમાં પોતાની બીજી શાખાઓ પણ ખોલી છે. વળી ગોસેવા માટે સેવકો તૈયાર કરવા કેટલાંક વિદ્યાલયો પણ સંસ્થા દ્વારા ચલાવાય છે.

૨. ઑલ ઇન્ડિયા કેટલ શો : આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ લોકોનો પશુપાલન તરફ રસ વધારવો અને તે દ્વારા પશુધનની ઉન્નતિ સાધવાનો છે. પોતાના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા તેમ જ ગોસેવાનો પ્રચાર થાય તે હેતુથી ભારતના જુદા જુદા પ્રાંતોમાં દર વર્ષે એક અખિલ ભારતીય પશુપ્રદર્શન ભરવામાં આવે છે.

આ પ્રદર્શનમાં ગોસેવાને લગતા દરેક વિષયનું અને તેના શાસ્ત્રનું પ્રત્યક્ષ જ્ઞાન મળે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. વળી પશુપાલકોને ઉત્તેજન મળે તે હેતુથી પ્રદર્શનમાં પ્રથમ આવનાર જાનવરોને સારી એવી રકમનું ઇનામ આપવામાં આવે છે, જેથી પશુપાલકોનો રસ વધે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરાંત પશુપાલનના પ્રશ્નને હલ કરવા દરેક પ્રશ્ન હાથ ધરવામાં આવે છે અને તેનું નિરાકરણ કરવા મંડળ બનતા પ્રયત્નો કરે છે. સંસ્થાની મુખ્ય કચેરી દિલ્હીમાં છે.

૩. મુંબઈ જીવદયા મંડળી : આ ઘણી જૂની સંસ્થા છે. વર્ષોથી તે ગુજરાત સૌરાષ્ટ્રમાં કામ કરતી આવી છે. તેનો ઉદ્દેશ જીવહિંસાને અટકાવી પશુધનનો સર્વાંગ સુંદર વિકાસ સાધવાનો છે. આ સંસ્થા ગુજરાતની હોવા છતાં પણ હિન્દને ખૂણે ખૂણે પશુધનને બચાવવાના કાર્યમાં ફાળો આપે છે. ગુજરાતના છેલ્લા દુષ્કાળમાં તો સરકારી રાહતનું કામ પણ આ મંડળને જ સોંપાયું હતું.

સંસ્થાની કચેરી મુંબઈમાં છે. તેના મંત્રી તરીકે શ્રી માનકર કામ કરે છે.

૪. ગુજરાત ગોસેવા સંઘ : આ સંસ્થાની સ્થાપના બે વર્ષથી કરવામાં આવી છે. તે ગોસેવા સંઘ વર્ધાના ધોરણે કામ કરે છે. તેનો ઉદ્દેશ ગુજરાતમાં ગોપાલનના પ્રશ્નો હલ કરવામાં માર્ગદર્શક બનવાનો છે. તેના મંત્રી તરીકે શ્રી મુકુન્દરાય ત્રિવેદી કામ કરે છે. સંસ્થાનું કાર્યાલય હરિજન આશ્રમ, સાબરમતી, અમદાવાદ ખાતે છે.

૫. કાંકરેજ કેટલ બ્રીડર સોસાયટી, સાણંદ : આ મંડળની સ્થાપના સને ૧૯૩૯માં થઈ. આ મંડળ દ્વારા સાણંદમાં દૂધ નોંધવાની યોજના (Milk recording scheme) ચલાવવામાં આવે છે. ઉપરાંત કાંકરેજ જાનવરોનું પ્રદર્શન વર્ષમાં એક વાર સંસ્થા દ્વારા ભરવામાં આવે છે.

૬. મુંબઈ પ્રાદેશિક ગૌશાળા અને પાંજરાપોળ ફેડરેશન : ગોપાલનનો વિકાસ જો કોઈ કરી શકે એમ હોય તો તે ભારતીય ગોશાળાઓ અને પાંજરાપોળો કરી શકે એમ છે, કારણ તે સંસ્થાઓ ધાર્મિક તત્ત્વોથી પોષાતી હોઈ તેમની પાસે પૂરતા પ્રમાણમાં ભંડોળ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ આ સંસ્થાઓ કેવળ ધાર્મિક દૃષ્ટિથી ચાલતી હોઈ તેની પાછળ કોઈ શાસ્ત્રીય પદ્ધતિ અપનાવાયેલી હોતી નથી. આજે જો આવી સંસ્થાઓમાં ઉપયોગી અને બિનઉપયોગી જાનવરોનું વર્ગીકરણ કરી ઉત્તમ જાનવરોનો યોગ્ય વિકાસ શાસ્ત્રીય ઢબે સાધવામાં આવે તો આ સંસ્થાઓ દેશનું એક મહત્ત્વનું અંગ બની જાય. તેમ કરવા માટે આવી સંસ્થાઓએ સારા સંચાલકો મેળવવા જોઈએ.

આ મુદ્દો થોડાંક વર્ષો ઉપર આપણી મધ્યસ્થ સરકારના ધ્યાનમાં આવ્યો; અને દેશના આગેવાનો અને ગોસેવકોએ મળી આવી સંસ્થાઓનું એક મધ્યસ્થ મંડળ અને બીજાં પ્રાદેશિક મંડળો યોજી તે દ્વારા પશુસુધારણાનું કામ થવું જોઈએ એમ વિચાર્યું. તે મુજબ મુંબઈ પ્રદેશમાં "મુંબઈ પ્રાદેશિક ગૌશાળા અને પાંજરાપોળ ફેડરેશન"ની સ્થાપના થઈ છે.

પણ આ સંસ્થાને પ્રાદેશિક ગૌશાળાઓ અને પાંજરાપોળોનો પૂરતા પ્રમાણમાં સહયોગ નહીં મળવાથી સારી એવી પ્રગતિ થઈ શકી નથી. સરકારે આ તરફ લોકોને આકર્ષવા ફેડરેશનમાં જોડાયેલી સંસ્થાઓને મદદ આપવાની યોજના પણ બહાર પાડી છે. ગુજરાતે આ સંસ્થાનો અને સરકારી મદદનો લાભ ઉઠાવવો જોઈએ.

મધ્યસ્થ સરકાર તરફથી એક કમિટી પણ નિમાઈ છે. તે સમસ્ત દેશની સંસ્થાઓને માર્ગદર્શન આપનાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

પશુવિજ્ઞાનના શિક્ષણની અગત્ય

ભારત જેવા ગરીબ અને અજ્ઞાન દેશમાં જ્યાં લાખો કરોડો મનુષ્યોની તંદુરસ્તી માટે જ કોઈ દરકાર રાખતું નથી ત્યાં પશુ-ચિકિત્સાની તો વાત જ શી કરવી! પણ બરાબર વિચાર કરીએ તો આપણને સમજશે કે પશુઓના સ્વાસ્થ્ય પર જ મનુષ્યોનું સ્વાસ્થ્ય પણ અવલંબે છે. લોકોનો મોટો ભાગ તો પશુચિકિત્સાને ઉપેક્ષાથી જુએ છે, અને ગણ્યાગાંઠ્યા જે આ બાબતમાં રસ ધરાવે છે તે ઘણુંખરું આ વિષયથી અજ્ઞાન હોય છે. આવી પરિસ્થિતિને કારણે દેશના પશુધનને ભારે નુકસાન પહોંચ્યું છે. દેશમાં ચેપી રોગોને કારણે અનેક જાનવરોનાં મરણ નીપજે છે. વળી જાનવરોના રોગો દ્વારા મનુષ્યોમાં પણ ક્ષય જેવાં દર્દો ઘર ઘાલી બેઠાં છે. તે બાબત સુશિક્ષિત ગણાતા લોકોમાંથી ઘણા થોડાને ખ્યાલ હશે. આજે શહેરમાં દૂધ પૂરું પાડતાં જાનવરો પૈકી ૨૦ થી ૨૫ ટકા જેટલાં ક્ષયમાં સપડાયેલાં હોય છે. આ ઉપરથી પણ પશુચિકિત્સાના જ્ઞાનની કેટલી આવશ્યકતા છે તે સમજશે.

આજે દેશમાં જે ગોચિકિત્સક અથવા ગોવૈદ્યો છે તેમને પોતાનો ધંધો કરતાં ગ્લાનિ નીપજે છે, કારણ સામાન્ય જનતા તેમના ધંધા તરફ ઘૃણા સેવે છે. પ્રાચીન કાળમાં તો પાલકાપ્ય જેવા મહર્ષિ તેમ ઋતુપર્ણ, નળ અને નકુળ જેવા મહારાજાઓ મોટા મોટા પશુચિકિત્સકો હતા; અને તેના ફલસ્વરૂપે તે વખતનાં જાનવરો પણ કેવાં સમૃદ્ધ હતાં! કહેવાય છે કે એક ગાયના દૂધથી ૧૮૦ મનુષ્યોની ખીર પૂરી પડતી અને તેથી તેવી ગાયને "શતૌદના" કહેતા. આપણા ગુજરાતના ઇતિ-હાસમાં પણ ભુવડ વંશના ત્રણ રાજકુમારો રાજ, બીજ અને દંડકમાંથી અશ્વ-વિદ્યા જાણનાર બીજનો દાખલો પ્રસિદ્ધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી સમજાશે કે પ્રાચીન કાળમાં પશુચિકિત્સાને કેટલું મહત્ત્વ અપાતું અને તેનો કેવો સાંગોપાંગ અભ્યાસ થતો. વળી તે કેવળ ગાયનો જ નહીં, પણ તમામ ઉપયોગી જાનવરો જેવાં કે હાથી, ઘોડા વગેરેનો થતો. આજે પણ આ વિષયો ઉપર લખાયેલા પ્રાચીન ઋષિઓના હસ્તલિખિત ગ્રંથો મળી આવે છે. શાલી રોગશાસ્ત્ર એટલે કે ઘોડા સંબંધીનું જ્ઞાન આપતું એક પ્રાચીન હસ્તલિખિત પુસ્તક મારી પોતાની પાસે પણ છે. તેમાં ઘોડાની ઉત્પત્તિ, શુભાશુભ લક્ષણો, આયુષ્યમર્યાદા, રોગો અને તેનાં નિદાનો વગેરે બાબત સંપૂર્ણ માહિતી આપેલી છે.

આ રીતે આપણે જોયું કે પ્રાચીન કાળમાં લોકો આ વિષયમાં સારો રસ ધરાવતા અને પોતાના પશુધનનું સંરક્ષણ અને સંવર્ધન કરતા. આજે આપણાં ગામડાંઓમાં તો આ વિષયનું નર્યું અજ્ઞાન પ્રવર્તે છે; અને જે કોઈ અલ્પ સ્વલ્પ જાણે છે તે ઊંટવૈદ્યની ગરજ સારતા હોઈ વિશ્વસનીય નથી. વળી માણસના સંબંધમાં જેમ ભૂવા જાગરિયા બોલાવાય છે તેવી જ રીતે ઢોરની મહામારીના પ્રસંગે કેટલાંક ગામોમાં કોઈ પાસેથી ચિઠ્ઠી લાવીને ગામના ઝાંપે તોરણરૂપે લટકાવાય છે. (કાનમ પ્રદેશના ડભોઈ પાસે જ આવેલા પારીખા ગામેથી આવી ચિઠ્ઠી હમણાં મળી છે.) કેટલાક ઝોડઝપટ અને ડામ પણ દેવડાવે છે, પણ મોટા ભાગના લોકો વૈજ્ઞાનિક ઉપચારો કરતા નથી તેથી કરી જાનવરોને વેઠવું પડે છે.

આજે સરકાર તરફથી "વેટરનરી ડિપાર્ટમેન્ટ" ચલાવવામાં આવે છે; અને તે દ્વારા તાલુકે તાલુકે એક દવાખાનું અને ડૉક્ટર રાખવામાં આવે છે. પણ આપણા પશુધનના પ્રમાણમાં આ વ્યવસ્થા પૂરતી નથી. આપણો પશુસંરક્ષણનો પ્રશ્ન એકાદ વિભાગીય વેટરનરી સર્જનથી ઊકલે તેમ નથી. પ્રત્યેક પશુપાલન યા ગોપાલક આ મુદ્દો ઉપાડે તો જ તેનું નિરાકરણ થાય. તેમ કરવા માટે ગોપાલકોને શાસ્ત્રીય જ્ઞાન આપવા માટેની વ્યવસ્થા થવી જોઈએ. પશુચિકિત્સાનું પ્રાથમિક જ્ઞાન આપવાનું તો આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાથમિક શાળાઓનાં ઉપલાં ધોરણોમાં તેમ લોકશાળાઓમાં દાખલ કરવું જોઈએ. આ શિક્ષણ બાળકને મૂળથી જ આપવું જરૂરી છે. તેમ થાય તો જ તેના ઊંડા સંસ્કાર બાળમાનસ પર પડે. આજે જે પ્રકારની કેળવણી ગુજરાતમાં અને સમસ્ત ભારતમાં અપાય છે તે ખોટે રસ્તે ચડેલી છે. તેમાં શીખવવામાં આવતા વિષયો સાથે રોજિંદા જીવનને કાંઈ જ સંબંધ હોતો નથી. પરિણામે બાળકમાં શ્રમ પ્રત્યેની અભિરુચિ નષ્ટ થાય છે, જેના સિવાય જીવનવ્યવહાર મુશ્કેલ બને છે. આપણે તો ઉદ્યોગ દ્વારા કેળવણીના પૂ. ગાંધીજીના વિચારને અપનાવી ખેતી અને ગોપાલનને જ પાયાનો ઉદ્યોગ ગણી શિક્ષણ આપવું જોઈએ. આપણે ત્યાંનો વિદ્યાર્થી 'સાનફ્રાન્સિસ્કો' કે 'વેટિકન સિટી' ક્યાં આવ્યું તે નહીં જાણતો હોય તો ચાલશે, પરંતુ આજે બળદ ઘાસ કેમ ખાતો નથી એ વિષયનું અજ્ઞાન કૃષિપ્રધાન ગુર્જર દેશમાં કે ભારતવર્ષમાં પોસાય તેમ નથી.

આજે દેશમાં, આ વિષયનું પાશ્ચાત્ય ઢબે શિક્ષણ આપતી કેટલીક સંસ્થાઓ છે, પણ તે દ્વારા અપાતી કેળવણી આપણા દેશને પોસાય તેમ નથી. માટે આપણા દેશને આર્થિક રીતે પરવડે તેવી વ્યવસ્થા કરી આજે જે ગણીગાંઠી સંસ્થાઓ છે તેમાં વધારો કરવો જોઈએ; અને લોકોનો પણ આ દિશામાં રસ વધારવો જોઈએ.

આજે આ અંગેનું જ્ઞાન આપે તેવું સાહિત્ય પણ આપણી ગુજરાતી ભાષામાં કે ભારતની અન્ય ભાષાઓમાં જોઈએ તેટલું નથી; બલ્કે નહિવત્ છે. ગુજરાતી ભાષામાં પશુઉછેર અને સંરક્ષણ ઉપર લખાયેલી કેટલીક આંગળીને વેઢે ગણાય એટલી પુસ્તિકાઓ છે. આવી પુસ્તિકાઓથી કામ ચાલે નહિ. આ વિષયના સંપૂર્ણ માહિતીયુક્ત શાસ્ત્રીય ગ્રંથો તેના નિષ્ણાતો પાસેથી આપણી ભાષામાં ઉતરાવવા જોઈએ. આપણે પશ્ચિમ પાસેથી એક વસ્તુ શીખવા જેવી છે, તે એ કે ત્યાંના વૈજ્ઞાનિકો જે વિષય હાથ ધરે છે તેનું સંપૂર્ણ વિશ્લેષણ કરી તે વિષયને સંપૂર્ણપણે હસ્તગત કરી લે છે; અને સામાન્ય પ્રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેનો લાભ ઉઠાવી શકે તે માટે તેઓ વિપુલ સાહિત્ય સર્જે છે. તે મુજબ આપણે ત્યાં પણ થવું જોઈએ. એટલું જ નહિ પણ, પ્રાથમિક શાળાઓની વાચનમાળાઓમાં પણ ઇતર વિષયો સાથે પશુ-વિજ્ઞાન અને ચિકિત્સા ઉપર સરળ પાઠો લખાવા જોઈએ. સાથે જ ગ્રામશિક્ષકોને આ વિષયનું જ્ઞાન આપવા ગ્રીષ્મ તાલીમ વર્ગો યોજવાની જરૂર છે.

લોકો વધુ રસ ધરાવતા થાય તે હેતુથી સરકાર આજે પ્રાદેશિક અને વિભાગીય પશુપ્રદર્શનો તેમ જ અખિલ ભારતીય પશુપ્રદર્શન પણ ભરે છે. પરંતુ દિલગીરીની વાત છે કે આવાં પ્રદર્શનો શહેરોમાં યોજાય છે. તેને લીધે માત્ર શહેરના થોડા માણસો, થોડા વૈજ્ઞાનિકો અને આ વિષયમાં રસ ધરાવતા થોડા વિદ્યાર્થીઓ જ તેનો લાભ લે છે. એટલે પશુઉછેરનો પ્રચાર કરવાનો જે મુખ્ય ઉદ્દેશ છે તે માર્યો જાય છે. આવાં પ્રદર્શનો ગ્રામસમૂહની વચમાં ભરવામાં આવે તો જ પૂરતી સંખ્યામાં ગ્રામજનો લાભ લઈ શકે અને પ્રદર્શનનો હેતુ સરે. વળી જ્યાં જ્યાં આવાં પશુપ્રદર્શન યોજાય ત્યાં પશુસંવર્ધન અને સંરક્ષણ સંબંધી વ્યાખ્યાનો દ્વારા પ્રચારકાર્ય થવું જોઈએ. પ્રદર્શન દરમિયાન પ્રત્યક્ષ શિક્ષણના વર્ગો જેવું પણ યોજવું જોઈએ. આમ વિવિધ રીતે કામ થાય તો જ પ્રદર્શનનો હેતુ સરે, નહિ તો તે પ્રદર્શન નામનું જ રહે છે. તેમાં ખર્ચ ઘણું થાય છે, પણ તેનો જોઈએ તેવો લાભ પ્રજાને મળતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

સરકારી યોજના

"રાજ્યનાં બાળકોને અને લોકોને નીરોગી અને સસ્તું દૂધ મળે તેવી વ્યવસ્થા કરવી એ રાજ્યની પ્રાથમિક ફરજોમાંની એક છે એમ હું માનું છું. જેમ ટપાલની ટિકિટોની કિંમત બધે એકસરખી છે તેમ દૂધની કિંમત અને જાતનું એક જ પ્રમાણ બધે ચાલુ કરવું જોઈએ, એમ બ્લેચફર્ડે કહ્યું છે તેમાં મારી સંપૂર્ણ સંમતિ છે." —ગાંધીજી

ગાંધીજીના આ શબ્દોથી સરકારે આ દિશામાં ક્યાં સુધી જવું જોઈએ તે સ્પષ્ટ થાય છે. આજે આપણી રાષ્ટ્રીય સરકારનું લક્ષ આ તરફ ગયું છે અને થોડા પ્રયત્નો તે કરી રહી છે. પણ હજુ તેણે આ દિશામાં ઘણું કરવાનું બાકી છે.

પશુઉછેર અને સંવર્ધન માટે સરકારના પશુઉછેર અને સંવર્ધન ખાતા તરફથી આજે જે પ્રયત્નો ચાલે છે, તેમાં આપણી મુંબઈની સરકારે પણ જુદા જુદા પ્રદેશો માટે યોજનાઓ ઘડી તે તે પ્રદેશોની સ્થાનિક ઓલાદ સુધારવાના પ્રયત્નો કર્યા છે. તેમાંથી ગુજરાતમાં કાંકરેજ અને ગીર ઓલાદની સુધારણા માટે સરકારે જે યોજનાઓ અમલમાં મૂકી છે તે ટૂંકમાં જોઈએ.

(૧) જ્ઞાતવંશનો સાંઢ આપવાની યોજના

(ક) સરકાર ખેડૂતો પાસેથી પૂરી કિંમત લઈ સારા પેઢીનામા-વાળા સાંઢ સરકારી અગર બિનસરકારી પશુઉછેર ક્ષેત્રમાંથી અપાવે છે. સરકારી ક્ષેત્રોમાંથી જો સાંઢ અપાય તો તેની કિંમત ૨૦૦ રૂપિયા ગણવામાં આવે છે. વળી આવા સાંઢ ખરીદનારને ખોરાકી પેટે ત્રણ વર્ષ સુધી માસિક રૂ. ૧૨ સરકાર આપે છે. ત્રણ વર્ષ બાદ સાંઢ ખેડૂતની માલકીનો ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ખ) ભરવાડ અગર રબારી અર્થાત્ ધંધાદારી પશુપાલક સાંઢ લેવા ઇચ્છતો હોય તો તેની પાસેથી માત્ર ½ કિંમત લઈ સરકાર સાંઢ આપે છે અને સાત માસ સુધી તે સાંઢની ખોરાકી પેટે માસિક રૂ. ૧૨ આપે છે.

આ બન્ને યોજનાઓ મુજબ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૪૮૦ સાંઢ અપાયા છે અને હજુ અપાતા જાય છે. સાંઢ આપવાનો ઉદ્દેશ સારા સાંઢ દ્વારા સ્થાનિક ઓલાદનો ઉત્તરોત્તર વિકાસ સાધવાનો છે.

(૨) પશુઉછેરનાં કેન્દ્રો ઊભાં કરવાની પૂરક યોજના

આ યોજના મુજબ ૧૦ થી ૧૨ માઈલના વિસ્તારમાં આવેલાં પાંચ ગામ પસંદ કરવામાં આવે છે. દરેક ગામે દશ દશ ખેડૂતો પસંદ કરી દરેકને એક એક જ્ઞાતવંશની અર્થાત્ સારા પેઢીનામાવાળી ગાય વેચાણ આપવામાં આવે છે. વળી દરેક ગામે એક એક સાંઢ પણ મુકાય છે. આમ કુલ પાંચ ગામ મળી ૫૦ ગાય અને ૫ સાંઢનું 'યુનિટ' બનાવવામાં આવે છે.

આમાં ગાય દીઠ સરકારી મદદ રૂ. ૧૦૦ આપવામાં આવે છે અને સાંઢ માટે પણ અડધી રકમની મદદ અપાય છે. તેથી રકમ રૂ. ૧૦૦થી વધારે અપાતી નથી. વળી સાંઢની ખોરાકી પેટે માસિક રૂ. ૧૨ સરકાર આપે છે.

આ યોજનામાં એક શરત એવી મૂકવામાં આવે છે કે એક ગાય દીઠ એક વાછડો અને એક વાછડી સરકારને બજાર કિંમતે આપવાં. આમાં કોઈ વાછડો ઉત્તમ સાંઢ બનશે એમ લાગે તો સરકાર રૂ. ૬ આપે છે અને ખાણદાણમાં બીજી અડધી મદદ કરે છે. વળી બીજી શરત એવી છે કે આ યોજના મુજબ ખરીદેલી ગાય વેચી શકાતી નથી.

આ યોજના હેઠળ લીધેલી ગાય ખેડૂતની પૂરતી કાળજી હોવા છતાં એક વર્ષની અંદર મરી જાય તો સરકાર પોતાના ખર્ચે બીજી ગાય લઈ આપે છે. જો ગાય મુદત પૂરી થતાં વિયાય નહીં તોપણ સરકાર બદલી આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ યોજનાનો ઉદ્દેશ સારાં જાનવરોને પાળીપોષી જનતામાં તેનો ફેલાવો કરવાનો છે.

(૩) ગોશાળા અને પાંજરાપોળમાં પશુસંવર્ધન અને સુધારણા માટેની યોજના

આ યોજનાની શરૂઆત બે વર્ષથી મધ્યસ્થ સરકાર તરફથી કરવામાં આવી છે. તે મુજબ પ્રથમ વર્ષે એટલે ૧૯૪૯-૫૦માં ગુજરાતની સુરત અને અમદાવાદની પાંજરાપોળ-ગોશાળામાં આ યોજના દાખલ કરાઈ છે અને સને ૧૯૫૦-૫૧માં ઊંઝા, બોચાસણ અને હાલોલની ગૌશાળા માટે યોજના મંજૂર થઈ છે.

આ યોજના મુજબ સરકાર તરફથી સારા પેઢીનામાવાળી ૧૦ કાંકરેજ ગાયો ખરીદ કરી સંસ્થાને આપવામાં આવે છે અને ૧૦ ગાયો સંસ્થાએ જ ખરીદવાની હોય છે. આ રીતે ૨૦ ગાયોનું એક 'યુનિટ' બનાવવામાં આવે છે. સરકાર સાંઢ પણ આપે છે. વળી જાનવરોના પાલનપોષણ માટેના કામ અંગે વ્યવસ્થાપક રાખવા માટે વાર્ષિક રૂ. ૨૦૦૦ની મદદ દર વર્ષે આપે છે.

યોજના મુજબ ચાલતાં કેન્દ્રોમાં ૧ શાસ્ત્રીય જ્ઞાન ધરાવનાર વ્યવસ્થાપક અને ૧ સ્ટૉકમેન સંસ્થાએ રાખવો અનિવાર્ય છે.

યોજનાનો ઉદ્દેશ પાંચ વર્ષમાં ગુજરાતની ગૌશાળાઓ અને પાંજરાપોળોનો વિકાસ કરી ગુજરાતમાં એકસરખું કાંકરેજ ધણ તૈયાર કરવાનો છે.

ગીર ઓલાદની સુધારણા માટે પણ આવી જ યોજના અમલમાં છે.

વળી દૂધ પૂરું પાડવા ડેરી-ફાર્મ ઊભાં કરવા અને ચલાવવા માટે પણ સરકાર લોન આપે છે.

અત્યારે પૈસાના અભાવે આમાંની કેટલીક યોજનાઓ પડતી મુકાઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

ગુજરાતના પશુપાલકોનો પ્રશ્ન

ગુજરાતમાં ધંધાદારી પશુપાલકોની અર્થાત્ રબારી ભરવાડ લોકોની પરિસ્થિતિ શોચનીય છે. આજે આ લોકો પાસે નથી ટુકડો જમીન કે નથી ચરાણ મેદાનો. તેથી કરીને તેમને પોતાના તેમ જાનવરોના ઉદર-પોષણાર્થે ભટકવું પડે છે. આ સ્થિતિમાં તેઓ પોતાની કે પોતાનાં જાનવરોની ઉન્નતિ કરી શકતા નથી અને પરિણામે આપણું પશુધન આજે નિર્માલ્ય બનતું જાય છે.

અમેરિકા વગેરે દેશોમાં તો પશુપાલકો અને કૃષિકાર એક જ હોઈ આ પ્રશ્ન ઊભો થતો નથી. આપણે ત્યાં જ્યારે સંમિશ્ર ખેતી (mixed farming)નો આરંભ કરી ખેડૂતને ગાય અને ગોપાલક ખેડૂત બનાવવાનું કાર્ય અમલમાં આવશે ત્યારે જ આપણે આપણા ખેડૂતની, યા ગોપાલકની, યા તો પશુધનની ઉન્નતિ સાધી શકીશું.

વડોદરાની ભૂતપૂર્વ સરકારની નજરમાં ધંધાદારી પશુપાલકોનો ખ્યાલ આવ્યો હતો અને તેનો ઉકેલ લાવવા રાજ્ય તરફથી 'રબારી વસાહતો' વસાવવાની યોજના ઘડાઈ હતી. આ યોજના પ્રમાણે રાજ્ય તરફથી પશુપાલકોને જરૂરી જમીન તેમ નિવાસ અંગે બીજી જરૂરી સગવડો અપાઈ હતી. તેમનાં બાળકોને પશુસંવર્ધન અને કૃષિવિદ્યાનું પ્રાથમિક જ્ઞાન આપવા વિદ્યાલયો પણ શરૂ કરવામાં આવ્યાં હતાં.

વડોદરા રાજ્યનું વિલીનીકરણ થતાં આ આખી યોજના મુંબઈ સરકારે પોતાની દેખરેખ હેઠળ લીધી અને તેમાં ઉત્તરોત્તર પ્રગતિ થઈ રહી છે. આજે આ યોજના દ્વારા જે કાર્ય થઈ રહ્યું છે તે ટૂંકમાં જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરોક્ત યોજના અનુસાર ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં બે વસાહતો સ્થાપવામાં આવી છે. એક 'બાલાસર કોલોની' અને બીજી 'પ્રતાપનગર કોલોની.' આ બંને વસાહતો માટે અનુક્રમે ૨૦૦૦ અને ૧૦૦૦ એકર જમીન ખરીદવામાં આવી છે અને બંનેમાં ૪૨ કુટુંબો વસાવવામાં આવ્યાં છે.

આ બે મોટી વસાહતો (colonies) ઉપરાંત બીજી ૨૪ ઉપ-વસાહતો (settlement) પણ સરકાર તરફથી સ્થપાઈ છે અને તેનો ૩૫૮ કુટુંબો લાભ લે છે.

દરેક વસાહત અને ઉપવસાહતમાં પ્રત્યેક કુટુંબે ૧૨ જાનવર રાખવાનાં હોય છે અને જાનવરોના નિભાવ માટે જાનવર દીઠ ૫ વીઘાં જમીન આપવામાં આવે છે. કુટુંબના નિર્વાહ માટે પણ કુટુંબ દીઠ ૧૦ વીઘાં જમીન આપે છે. વળી વસાહતમાં વસવાટ કરવા મકાન વગેરેની બીજી બધી જ સગવડો સરકાર મફત આપે છે.

આમ ધંધાદારી પશુપાલકોની ઉન્નતિની સાથે જ પશુધનની પણ ઉન્નતિ સધાય તેવું આ પગલું સ્તુત્ય છે. આ યોજનાથી પશુપાલકો જે અત્યાર સુધી પોતાનાં જાનવરોનું તેમ પોતાનું પેટિયું કાઢવા માટે જ હમેશ ચિંતાગ્રસ્ત રહેતા હતા તે હવે પોતાની ઉન્નતિ માટે શું કરવું તેનો વિચાર કરતા થયા અને તેમને પોતાની ઉન્નતિ સાધવાની તક મળી.

આ પ્રમાણે ભારતનાં બીજાં રાજ્યોએ પણ પ્રગતિ કરી ધંધાદારી પશુપાલકોનો પ્રશ્ન ઉકેલવો જોઈએ. મુંબઈ સરકારે પ્રગતિ કરી ગોપાલક રબારી ભરવાડનો પ્રશ્ન ઉકેલવા વધુ પ્રયત્ન કરવો જોઈએ. ગોસેવા સંઘ તરફથી આ અંગે સરકારને દબાણ થઈ રહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

ઉપસંહાર

પાછલાં પ્રકરણોમાં આપણે ખાસ કરીને ગુજરાતના ગોધનની સ્થિતિ વિષે વિવિધ રીતે જોયું. અહીં આપણે તેની ઉન્નતિ અર્થે કયા કયા ઉપાયો લેવા જોઈએ તેનો વિચાર કરીશું.

ગોધનની ઉન્નતિ કરવા પાછળ આપણો હેતુ બે પ્રકારનો છે: એક તો પર્યાપ્ત માત્રામાં દૂધ મેળવવાનો અને બીજો કૃષિ ઉદ્યોગ માટે બળદ મેળવવાનો. આ બેમાં પણ દૂધનો મુદ્દો આપણે અન્નાહારીઓ માટે મહત્ત્વનો છે.

આજે દુનિયામાં ભારતદેશ દૂધની વપરાશમાં છેલ્લે નંબરે આવે છે તે આપણે જોઇ ગયા. જેવી સમસ્ત દેશની પરિસ્થિતિ તેવી જ ગુજરાતની છે.

દૂધના વપરાશની દૃષ્ટિએ જોતાં આપણે ત્યાં ગામડાં કરતાં શહેરો આગળ પડે છે. આમ હોવા છતાં દૂધ દેનારાં જાનવરોનો ઘણો મોટો ભાગ ગામડાંમાં જ હોય છે. વળી આપણી વસ્તી પણ ૯૦% ગામડાંમાં જ રહે છે. તો પછી કારણ શું કે શહેર કરતાં ગામડાંમાં દૂધની વપરાશ ઓછી છે? કારણ આપણાં ગામડાંની ગરીબાઈ.

આજે ગામડાંના લોકો દૂધનું ઉત્પાદન તો કરે છે. પણ તેમની આર્થિક સ્થિતિ લાચારીથી તેમને પોતાનાં બાળકોના પેટમાંથી દૂધ કાઢી લઈ વેચવાની ફરજ પાડે છે; અને શહેરોમાં વસતા નગરવાસીઓ આવું ગામડાનું દૂધ પી–પીને મસ્તાન બને છે.

અહીં આપણે આણંદની આજુબાજુનાં જ કેટલાંક ગામડાંનો દાખલો ટાંકીએ. માત્ર આણંદ વિભાગમાંથી જ રોજ ૩૨,૦૦૦ પાઉંડ દૂધ મુંબઈ શહેરને પૂરું પાડવામાં આવે છે. તે ઉપરાંત આણંદમાં ચાલતી ક્રિમરીઝમાં પણ રોજના કેટલાય હજાર પાઉંડ દૂધમાંથી માખણ બનાવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તે દૂધ પણ સ્થાનિક જ. ક્રિમરીમાં પેદા થયેલું માખણ કાંઈ શ્રમજીવી કિસાન માટે પેદા થતું નથી. તે પણ બહારના લોકો માટે જ !

વળી મધ્યમ વર્ગનાં કેટલાંક કુટુંબો જેઓ દૂધ ઉત્પાદન જાતે કરતાં નથી, પણ દૂધ વાપરવા માગે છે તેમને દૂધનો ભાવ પોષાતો નથી. સામાન્ય રીતે શહેરમાં આજે દૂધનો ભાવ ૫ થી ૬ આના રતલનો હોય છે. મુંબઈ જેવા શહેરમાં ૮ થી ૧૦ આના સુધીનો. આટલું મોંઘું દૂધ વાપરવું સામાન્ય કુટુંબોને કેમ પોષાય ?

દૂધની વપરાશ વધારવા માટે આજે જે ઉત્પાદન છે તેને આપણે બમણું કરવું જોઈએ; અને તે એવી રીતે કે તે આપણી આર્થિક સમતુલામાં પણ બેસી શકે, જેથી પ્રત્યેક મનુષ્ય તેનો ઉપયોગ કરી શકે.

દૂધ પછી બીજો મુદ્દો આપણી ખેતી માટે બળદ મેળવવાનો છે. આજે આપણે ત્યાં સારા બળદ મેળવવાની મુશ્કેલી છે. કારણ દિવસે દિવસે ગાયનું સ્થાન ભેંસે લીધું છે. આપણો કિસાન યંત્રની મદદથી ખેતી કરી શકે તેવી સ્થિતિ હજુ તેની થઈ નથી; અને ભારત પાસે બળતણ માટે ખનીજ તેલ નથી એટલે તેણે સારી ઓલાદના બળદ જ મેળવવા રહ્યા.

આમ બળદ અને દૂધ માટે આપણે ગોધનની ઉન્નતિ કરવી જ રહી. તો જ આપણી ગૂંચ ઉકલે. અને તે ઉકેલ્યા સિવાય ચાલે તેમ નથી. તો તે માટે શું કરવું જોઈએ? તે અંગે આપણે ગોપાલન અંગેની ગુજરાતની આજની પરિસ્થિતિનો ખ્યાલ રાખવો જોઈએ :

(૧) આજે ગુજરાતમાં ગોપાલકો — રબારી ભરવાડો એકલા જ ગાયો પાળે છે. તેમની પાસે જમીન બિલકુલ નથી. તેમને પોતાનાં જાનવરોનું પોષણ કરવા ભટકવું પડે છે અને પરિણામે જાનવરો અર્ધ ભૂખ્યાં રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ગોપાલકો અત્યારે ઢોરના ઉછેરની કળા સારી રીતે જાણે છે. છતાં અત્યારે ખસી કરેલા વાછરડાની કિંમત સારી ઊપજતી હોવાથી તેમનું ગુજરાન ચલાવવા પૈસાની લાલચે સારા સાંઢ બનાવવા લાયક વાછડાને ખસી કરે છે. આજે સારા સાંઢ મેળવવા માત્ર સરકારી અગર બિનસરકારી પશુઉછેર ક્ષેત્રનો જ આધાર લેવો પડે છે. પરિણામે સાંઢની તંગી થતાં ગમે તેવા સાંઢથી ગાયો ફળે છે અને ઓલાદની અધોગતિ થાય છે.

(૩) ગોપાલકો તદ્દન અભણ છે. તેમને ગોપાલન અંગે શાસ્ત્રીય જ્ઞાન આપવું જોઈએ.

(૪) ગોપાલકો રોગો અંગે ખોટા વહેમોથી ટેવાયેલા હોઈ સરકાર તરફથી ચેપી રોગોને માટે જે સંરક્ષણાત્મક ઇલાજો થાય છે તેનો લાભ લેતા નથી; અને સારી એવી સંખ્યામાં બળિયા, ગળસૂંડાં વગેરેથી ઢોરોનું મરણ નીપજે છે.

(૫) સામાન્ય રીતે સરકારે ઢોરોની સંખ્યાના પ્રમાણમાં ચરણ જમીન રાખવી જોઈએ. આપણી કાંકરેજ ગાયો બળદ માટે મશહૂર છે. તેને ખાલે બાંધી રાખવાથી તેની આ શક્તિ નષ્ટ થાય છે.

(૬) કેટલીક પડતર જમીનો છે તેને આજે પર્યાપ્ત માત્રામાં ગોચરાણ ન હોવા છતાં, સરકાર વધુ અનાજ વાવોની ઝુંબેશમાં ખેડાણ કરાવી નાખે છે. એટલે અત્યારે જે થોડીઘણી પડતર જમીનો છે તે જતી રહે તો જાનવરોને ભૂખે મરવાનો જ વારો આવે.

(૭) ખેડૂતો પહેલાં ગાયો પાળતા પણ આજે ભેંસો પાળતા થયા છે. પોતાના બળદ મેળવવા આજે તેઓ ગોપાલકોએ ઉછેરેલા વાછડા ઉપર આધાર રાખે છે. ભેંસ પાળવાના કારણમાં ભેંસના ઘીની ઊપજમાંથી તેમનો રોજનો પરચૂરણ ખર્ચ નીકળી જાય છે. ગાય પાળી તેનું ઘી વેચે તો ભેંસ કરતાં ઓછી કિંમત ઊપજે છે. એટલે બળદની મોટી કિંમત આપીને પણ રોજિંદા ખર્ચમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુશ્કેલી ન વેઠવી પડે તેથી ખેડૂત-પત્ની ગાયનું પાલન કરવા ઇચ્છતી નથી. જોકે સરવાળે તો ભેંસ કરતાં ગાય જ વધુ ઉત્પન્ન આપે છે, (લાંબે ગાળે) કારણ કે તેને બળદ વેચાતો લાવવો પડતો નથી.

(૮) ગૌશાળા અને પાંજરાપોળો હિન્દમાં બહુ જૂના વખતથી છે. પહેલાં તો તે પશુપાલન અને સંવર્ધનના એક અંગરૂપે કામ કરતી હોઈ ઘણી ઉપયોગી થઈ પડતી. પણ આજે આ સંસ્થાઓ માત્ર બિનઉપયોગી જાનવરોનું જ પાલન કરે છે. વળી ધાર્મિક ખોટી માન્યતાથી પ્રેરાઈ વાછડાઓને ખસી ન કરતાં ગમે તેવા નકામા વાછડાને સાંઢ બનાવીને ઓલાદ બગાડે છે. વળી આવી સંસ્થાઓ વસ્તીની નજીક મોટી જગ્યા ઉપર અડ્ડા જમાવીને સારાં જાનવરો પોષાઈ શકે તેવી જગ્યા બગાડે છે.

(૯) આજે સારામાં સારું દૂધ આપતાં જાનવરોને દૂધનો ધંધો કરનારા શહેરોમાં લઈ જાય છે. ત્યાં વધારે દૂધ મેળવવા અનેક ક્રૂર ઉપાયો યોજે છે અને ઢોરને હંમેશને માટે નકામું કરી મૂકે છે. તેનાં સારાં વાછડાંને પણ ધવરાવવામાં આવતાં નથી, જેથી પોષણના અભાવે તે મરણને શરણ થાય છે. વળી જાનવર વસૂકાઈ જતાં તેને કસાઈખાને આપી દેવાય છે.

ઉપર પ્રમાણે ગુજરાતની કહો કે ભારતની ટૂંકમાં પરિસ્થિતિ છે. તેમાંથી રસ્તો કાઢવા કયા કયા ઉપાયો લેવા જોઈએ તે હવે જોઈએ :

ચરાણ જમીન અને ઘાસચારો

આજની પરિસ્થિતિનો વિચાર કરતાં જ્યાં જ્યાં પડતર જમીન હોય તે બધી સરકારે ગોપાલકોને ખેતી અને ચરાણ માટે આપી દેવી જોઈએ અને તેમાં તેઓ બારે માસ લીલો ચારો ઉગાડી શકે તેવી વ્યવસ્થા સહકારી ધોરણે કરવી જોઈએ. આથી ગાયોને બારે માસ પૂરતા પ્રમાણમાં લીલો ચારો મળે અને જાનવરની ઉન્નતિ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપાલકોને જંગલોમાં તેનો નાશ કર્યા સિવાય ગોપાલન થઈ શકે એવું અનુકૂળ વાતાવરણ હોય ત્યાં વસાવવા જોઈએ, જેથી ખેડાણ જમીન ઉપરનું તેમનું આજનું દબાણ ઘટે અથવા અવલંબન ઓછું થાય અને સાથે જ જાનવરોનો નિભાવ થાય.

આજે ગોચરોની સ્થિતિ ખૂબ ખરાબ છે. તેમાં હલકા પ્રકારનું ઘાસ થાય છે અને ધોવાણથી ખાડા ટેકરા પણ થઈ જાય છે. આમ થવાનું કારણ એ છે કે, ચરણ જમીનનું માલિકીપણું કોઈનું ન રહેતાં જવાબદારીપૂર્વક કોઈ જ તેની વ્યવસ્થા કરતું નથી. આવાં ગોચરોમાં પાળા વગેરે બાંધી સારા ઘાસચારાનાં બી વાવી ગોચરની સુધારણા કરે તેવી શરતે ગોપાલકોને આપવાં જોઈએ, જેથી સારા ઘાસનું ઉત્પાદન થાય અને જાનવરોને સુખ થાય.

ચોમાસામાં સારો વરસાદ હોય ત્યારે લીલા ઘાસની વિપુલતા પુષ્કળ હોય છે. તે વખતે તેનો સાયલો ભરવામાં ઉપયોગ કરી લેવો જોઈએ. ગામડામાં સહકારી ઢબે પણ ઘાસનો સંગ્રહ કરવાનું કામ કરી શકાય. તેમ થાય તો ઉત્તમ. વળી બીજું ઘાસ પણ સુકાઈ ન જવા દેતાં લીલું હોય ત્યારે જ કપાવી પૂળા બંધાવી દેવા. કારણ તેવું લીલછોયું ઘાસ જાનવરો સારી રીતે ખાઈ જાય છે. તેથી બગાડ અટકે છે. વળી જાનવરોને પોષણ પણ સારું મળે છે.

ઘાસચારાનો બચાવ કરવા ઘાસ જાનવરોને કાપીને નાખવું જોઈએ. આપણે ત્યાં ગુજરાતમાં કાપ્યા વગર ઘાસ નંખાય છે; એટલે ખૂબ બગાડ થઈ ઉકરડાના ઉકરડા ભરાય છે તે અટકાવવું જોઈએ.

ઘાસચારામાં વિપુલતા આણવા પીત દ્વારા વધુ લીલાં ઘાસો ઉગાડવાં જોઈએ. તે માટે સહકારી ધોરણે પાણીની યોજના કરવી જોઈએ તથા નહેરો વગેરે બનાવવી જોઈએ. વળી આજે સારાં વૃક્ષો કે જેનાં ફળ તથા પાંદડાંનો ઉપયોગ ઘાસની તંગીના સમયે થઈ શકે છે તેનો નાશ થઈ રહ્યો છે તે અટકાવવો જોઈએ અને તેવાં વૃક્ષોનું ઉછેરકામ પણ થવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર પ્રમાણે ઘાસચારો પેદા કરવાનો પ્રયત્ન મોટા પાયા ઉપર કરવામાં આવે તો જાનવરોની આજની ભૂખમરાની દશા દૂર કરી શકાય.

ખાણદાણ

પહેલાંના સમયમાં ચોખા ખાંડવા, તલ પીલવા, દાળ બનાવવી વગેરે ક્રિયાઓ ગ્રામોદ્યોગ દ્વારા ગામડાંમાં જ થતી. તેથી તેની આડપેદાશ જેવી કે, કુશકી, ખોળ, ચૂની વગેરે ગામનાં ઢોરોને મળતી. આજે ગ્રામોદ્યોગનું સ્થાન યંત્રોદ્યોગે લીધું એટલે આ બધી ક્રિયાઓ શહેરમાં થવા લાગી. પરિણામે શહેરમાંથી ગામડાંમાં આવી વસ્તુઓ પાછી લાવવી મોંઘી પડવા માંડી; અને તેમાં કાળાં બજાર જેવી વેપારની બદીઓએ પણ ભાગ ભજવ્યો. તેથી ખાણદાણ મોંઘું પડતાં ગોપાલકો તેનો ઉપયોગ ઓછો કરવા લાગ્યા અને જાનવરોની શારીરિક તંદુરસ્તીનો નાશ થયો. એટલે આ પ્રશ્ન ઉકેલવા આપણે ફરી ગ્રામોદ્યોગને જ સ્થાન આપવું પડશે.

ઓલાદ સુધારણા

ખાણદાણ અને ઘાસચારાના પ્રશ્ન પછી મહત્ત્વનો મુદ્દો ઓલાદ સુધારણાનો આવે છે.

આ માટે સુનેલ કજાત સાંઢોનો નિકાલ કરી સારા જ્ઞાતવંશજ સાંઢોનો ફેલાવો કરવો જોઈએ. આ માટે સરકારે વધુ પ્રયોગ કેન્દ્રો સ્થાપી સારા સાંઢ (Tested Bulls) પૂરતા પ્રમાણમાં તૈયાર કરવા જોઈએ.

આ રીતે જો 'નીવડેલા સાંઢ'માં વધારો થાય તો કૃત્રિમ વીર્ય-દાન દ્વારા પણ ઠીક ઠીક પ્રગતિ સાધી શકાય અને ઓલાદ સુધારણાનું કામ જલદી થઈ શકે.

ગૌશાળાઓ તથા પાંજરાપોળો

આવી ધાર્મિક સંસ્થાઓમાં ઊતરતી ઓલાદના વાછડાઓને સાંઢ તરીકે છોડે છે તે બંધ કરાવી તેવા વાછડાઓને ફરજિયાત ખસી કરાવવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી નકામાં જાનવરોના પાલન માટે જે ખર્ચ આવી સંસ્થાઓ ઉઠાવે છે તે બંધ કરાવી, નવાં સારી ઓલાદનાં જાનવરો તેમાં રાખવાં અને સંસ્થાનાં નકામાં જાનવરોને જંગલોમાં ગોસદનો ખોલી રાખવાં; અને ત્યાં તેમની વંશવૃદ્ધિનું કામ પણ અટકાવી દેવું, જેથી તેમનું ભારણ દેશ ઉપરથી ઓછું થાય. આમ થાય તો જ આવી સંસ્થાઓમાં રોકાયેલાં નાણાંનો સદુપયોગ થાય.

આપણાં જાનવરોની ઓલાદ સુધારવામાં બે વસ્તુ મહત્ત્વની છે: એક સારી ઓલાદના ઉત્તમ બળદ થાય અને બીજું ગાયો પણ દુધાળ બને. આમ બન્ને દૃષ્ટિએ આપણી ગાયોનો સર્વાંગી વિકાસ કરવો જોઈએ.

રોગ અને સંરક્ષણ

શરૂઆતમાં જ્યાં જ્યાં સારાં જાનવરો હોય ત્યાં ત્યાં ચેપી રોગોની રસી ફરજિયાત મુકાવવી. ખરવાસા અને મોવાસા માટે દરેક ગામે 'વૈદકીય પશુસ્નાન'ની વ્યવસ્થા કરાવવી કે જેથી ઢોરને રોગના જંતુથી બચાવી શકાય. ઉપરાંત લોકોને રોગનિવારણ સંબંધી સામાન્ય જ્ઞાન આપવું જોઈએ.

ખેડૂત અને ગોપાલક

આજની પરિસ્થિતિમાં ગુજરાતમાં ખેડૂતને ગોપાલક અને ગોપાલકને ખેડૂત બનાવી સહકારી ધોરણે સંમિશ્ર કૃષિ ગોપાલન ક્ષેત્રો (Mixed farming)ની સ્થાપના ઠેર ઠેર કરવી જોઈએ. તેમ થતાં ગોપાલકની તેમ ખેડૂતની સ્થિતિ, અને સાથે જ ગોપાલનના ઉદ્યોગની તેમ જ કૃષિઉદ્યોગની ઉન્નતિ થશે.

આવાં સહકારી ક્ષેત્રોમાં સરકારે પણ બનતી મદદ આપવી જોઈએ અને તેવાં ક્ષેત્રો અદ્યતન સાધનસામગ્રીથી પરિપૂર્ણ બને તે માટે લક્ષ આપવું જોઈએ.

શહેરોનો પ્રશ્ન

જે ગૌશાળાઓ શહેરોમાં આવેલી છે તેને ખસેડી શહેરથી થોડે દૂર લઈ જઈ અનુકૂળ વાતાવરણમાં તેનો વિકાસ કરવો જોઈએ. આજે શહેરના અકુદરતી વાતાવરણમાં તેનો વિકાસ રૂંધાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોકે આવાં દૂધ ઉત્પાદન કેન્દ્રો કોઈ રેલવે લાઈન અગર સડકથી શહેર સાથે જોડાયેલાં હોવાં જોઈએ, જેથી યાતાયાતમાં મુશ્કેલી ન આવે. ઉત્પાદનક્ષેત્રો સંપૂર્ણ સહકારી ધોરણે જ ચલાવવાં. વળી કેન્દ્રમાંથી શહેરમાં દૂધ પહોંચાડવા 'રેફ્રિજરેટેડ' વાહનની સગવડ પણ રાખવી, જેથી સારું દૂધ શહેરમાં પહોંચાડી શકાય.

સરકારે તેમ મૂડીપતિઓએ આવાં ક્ષેત્રો ખોલવામાં બધા જ પ્રકારની મદદ કરવી જોઈએ. આમ થાય તો શહેરોનો દૂધનો પ્રશ્ન પણ ઊકલે.

આપણે ત્યાંના મૂડીપતિઓએ મોટા પાયા ઉપરનાં પશુઉછેર ક્ષેત્રો કે જે અદ્યતન સાધનસામગ્રીથી પરિપૂર્ણ હોય તેવાં ખોલવાં જોઈએ. કારણ જ્યાં સુધી આ બાબતમાં ખાનગી સાહસો નહીં થાય ત્યાં સુધી તેનો સર્વાંગી વિકાસ થઈ શકવાનો નથી. સરકારે પણ તેની તરફથી આજે જે પ્રયત્નો ચાલે છે તેમાં ખૂબ કાર્યશક્તિ વધારી ઝડપી પ્રગતિ કરવી જોઈએ; અને વ્યક્તિગત પ્રયાસોને પ્રોત્સાહન મળે તેવી યોજનાઓ ઘડી તેનો ફેલાવો કરવો જોઈએ.

કેળવણી

એક મુદ્દો ગોપાલકો અથવા રબારી ભરવાડોની કેળવણીનો પણ છે. આજે આ કોમ બીજી કોઈ પણ કોમ કરતાં અભણ છે. તેમને તેમના ધંધાની વૈજ્ઞાનિક કેળવણી અપાય તો ગોપાલનના પ્રશ્નને ઉકેલવામાં ઘણી સારી મદદ દેશને મળી રહે.

અંતે જો આપણે ઉપર વિચારેલા કેટલાક મુદ્દાઓ ઉપર પૂરતું ધ્યાન આપી આપણા ગોવંશોનો વિકાસ સાધીએ તો વસિષ્ઠની નંદિની ગાયે જે વરદાન આપ્યું હતું,

न केवलानां पयसां प्रसूति-
मवेहि मां कामदुघां प्रसन्नाम् ।

તે મુજબ આપણું ગોધન આપણા દૂધનો પ્રશ્ન ઉકેલશે, એટલું જ નહીં પણ, આપણી સર્વાંગી ઉન્નતિ સાધવામાં પણ મદદરૂપ થઈ નવો જ યુગ પેદા કરશે. અસ્તુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટો

૧

ગાયના દૂધમાં સમાયેલાં તત્ત્વો

૪·૫ ટકા ચરબી.

જે કૌવત આપે છે અને શારીરિક વિકાસમાં મદદ કરે છે.

૪·૯ ટકા લેકટોઝ (Lactose).

જે કૌવત અને ગરમી આપે છે.

૫·૯ ટકા પ્રોટીન.

જે માંસલ પેશીઓને બાંધે છે.

૦·૭ ટકા ખનિજ દ્રવ્યો.

જે દાંત તેમ જ હાડકાંને બાંધે છે અને મજબૂત કરે છે.

તે ઉપરાંત જીવન-સત્ત્વ.

એ. બી. સી. ડી. ઈ. એફ. અને જી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

ખાધ પદાર્થોની દૂધ સાથે સરખામણી



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયાના કેટલાક દેશોની દૂધની ઊપજ અને વપરાશ*

ક્રમ	દેશનું નામ	દૂધનું કુલ ઉત્પાદન (કરોડ ગેલનમાં)	જનસંખ્યા (હજારમાં)	જણદીઠ રોજની ઊપજ (ઔંસમાં)	જણદીઠ સરેરાશ વપરાશ (ઔંસમાં)
૧.	ન્યૂઝીલેન્ડ	૮૭·૦	૧,૫૫૯	૨૪૪	૫૬
૨.	ડેન્માર્ક	૧૨૦·૦	૩,૫૫૧	૨૪૮	૪૦
૩.	ફિન્લેન્ડ	૬૨·૦	૩,૬૬૬	૭૪	૬૩
૪.	સ્વીડન	૮૯·૦	૬,૨૩૩	૬૯	૬૧
૫.	ઑસ્ટ્રેલિયા	૧૦૪·૯	૬,૬૩૦	૬૯	૪૫
૬.	કેનેડા	૧૫૮·૦	૧૦,૩૭૭	૬૬	૩૫
૭.	સ્વિટ્ઝર્લેન્ડ	૬૦·૭	૪,૦૬૬	૬૫	૪૯
૮.	નેધરલેન્ડ્ઝ	૯૭·૦	૭,૯૩૫	૫૪	૩૫
૯.	નૉર્વે	૨૯·૦	૨,૮૧૪	૪૫	૪૩
૧૦.	યુ. એસ. એ.	૧૦૩૮·૦	૧,૨૨,૭૭૫	૩૭	૩૫
૧૧.	ઝેકોસ્લોવેકિયા	૧૨૦·૦	૧૪,૭૩૦	૩૬	૩૬
૧૨.	બેલ્જિયમ	૬૫·૧	૮,૦૯૨	૩૫	૩૫
૧૩.	ઑસ્ટ્રિયા	૫૪·૫	૬,૭૬૦	૩૫	૩૦
૧૪.	જર્મની	૫૦૯·૬	૬૬,૦૩૦	૩૪	૩૫
૧૫.	ફ્રાન્સ	૩૧૫·૦	૪૧,૮૩૫	૩૩	૩૦
૧૬.	પોલેન્ડ	૧૯૯·૦	૩૧,૯૪૮	૨૭	૨૨
૧૭.	ગ્રેટ બ્રિટન	૧૪૭·૪	૪૫,૨૬૬	૧૪	૩૯
૧૮.	ઇટલી	૧૦૫·૦	૪૧,૧૭૭	૧૧	૧૦
૧૯.	રુમાનિયા	૩૮·૨	૧૯,૦૩૩	૯	૯
૨૦.	ભારત	૬૪૦·૦	૩,૫૨,૮૩૮	૮	૭

* Report on the Development of the Cattle and Dairy Industries of India, by Norman C. Wright

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

ફળ્યા પછી ગાય ક્યારે વિયાય?

ફળ્યા તારીખ		ક્યારે વિયાશે?	
જાન્યુઆરી	૧	ઑકટોબર	૧૦
ફેબ્રુઆરી	૧	નવેમ્બર	૧૦
માર્ચ	૧	ડિસેમ્બર	૮
એપ્રિલ	૧	જાન્યુઆરી	૮
મે	૧	ફેબ્રુઆરી	૭
જૂન	૧	માર્ચ	૧૦
જુલાઈ	૧	એપ્રિલ	૯
ઑગસ્ટ	૧	મે	૧૦
સપ્ટેમ્બર	૧	જૂન	૧૦
ઑકટોબર	૧	જુલાઈ	૧૦
નવેમ્બર	૧	ઑગસ્ટ	૧૦
ડિસેમ્બર	૧	સપ્ટેમ્બર	૯

નોંધ: સામાન્ય રીતે ફળ્યા પછી ગાય ૨૮૦ દિવસે વિયાય છે.

૬

સમયપત્રક

સવારના ૪ થી ૫ સૂકાલીલા ઘાસનું નીરણ.
,, ૫ થી ૬ દૂધ દોહવું, દાણ ખવડાવવું વગેરે.
,, ૭ થી ૧૨ ચરવા છોડવાં.
બપોરના ૧૨થી ૧ પાણી પાવું અને આરામ.
,, ૧ થી ૫ ચરવા છોડવાં.
સાંજના ૫ થી ૭ પાણી પાવું, દૂધ દોહવું, દાણ ખવડાવવું વગેરે.
,, ૭ થી ૯ લીલાસૂકા ઘાસનું નીરણ.

નોંધ: ઉનાળાના મહિનામાં ચરવા છોડતા પહેલાં પાણી પાવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ખાણદાણનું પ્રમાણ

ખોરાક	સાંઢ (રતલ)	બળદ (રતલ)	વસૂકેલી ગાય અને વાછડાંને (રતલ)	ઊછરતાં જાનવરને (રતલ)	શેરો
૧. ઘાસ					
(અ) લીલું અને સૂકું	૩૦ થી ૪૦	૩૦ થી ૪૦	૨૦ થી ૩૦	૨૦	જાનવરનું કાહું જોઈને આપવું
(બ) સૂકું એકલું	૨૦	૨૦	૧૬	૮	,,
(ક) એકલું લીલું	૫૦ થી ૬૦	૫૦ થી ૬૦	૪૦ થી ૪૫	૨૦ થી ૩૦	,,
૨. દાણ	૪ થી ૬	૮ સખત કામવાળાને ૬ સામાન્ય ,, ૫ હળવા ,,	૩	૩	દાણનું મિશ્રણ નીચેની વસ્તુમાંથી બનાવવું :- ૪ ભાગ ઘઉંનું ભૂસું અથવા કુશકી, ૨ ભાગ ખોળ, ૨ ભાગ ગમે તે કઠોળની ચૂની, દૂઝણા ઢોરને ૨ ભાગ કપાસિયા.
૩. મીઠું	૧ ઔંસ	૧ ઔંસ	૧ ઔંસ	½ ઔંસ	

નોંધ : દૂધ આપતી ગાયને ૩ શેર ઉપરાંત ૨ શેર દૂધે ૧ શેર દાણ આપવું અને ભેંસને ૧૦ શેર દૂધે ૬ શેર આપવું.
ગાભણી ગાય અગર વાછડીને ૦॥ થી ૧ રતલ દાણ ઉપરના કોઠા કરતાં વધારે આપવું.
ખનિજ દ્રવ્યોની ખામી હોય તેવાંને ૧ ઔંસ સ્ટરિલાઈઝ્ડ બોન-મિલ-ફ્લોર રોજ આપવો અથવા અર્નબ્રાન્ડ કેટલફીડ આપવું.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

હિંદની પશુસંખ્યા

(૧૯૫૦)

ગાય	૪ કરોડ	૪૧ લાખ
સાંઢ	—	૧૦ લાખ
બળદ	૫ કરોડ	૧૦ લાખ
વાછડાં	૪ કરોડ	૧૧ લાખ
નકામાં જાનવર	—	૩૮ લાખ
ભેંસ	૧ કરોડ	૯૫ લાખ
પાડા	—	૫૨ લાખ
પાડાં	૧ કરોડ	૫૫ લાખ
નકામાં જાનવર	—	૬ લાખ
	૧૮ કરોડ	૧૮ લાખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

ગુજરાતનું પશુધન (સને ૧૯૫૦)

૧	૨	૩	૪	૫	૬	૭	૮
જિલ્લો	સાંઢ અને બળદ	ગાયો	વાછડાં	પાડા	ભેંસ	પાડાં	કુલ
અમદાવાદ	૧,૦૪,૬૪૯	૭૫,૨૮૦	૩૮,૭૦૭	૧,૫૬૫	૯૦,૬૪૮	૬૧,૪૯૬ =	૩,૭૨,૩૪૫
ખેડા	૧,૭૧,૮૯૫	૩૯,૯૦૬	૪૯,૭૪૭	૩,૨૯૮	૧,૯૯,૦૯૬	૧,૫૧,૬૧૮ =	૬,૧૫,૫૬૦
ભરૂચ	૧,૦૫,૨૭૪	૪૧,૫૩૦	૪૩,૫૮૫	૧,૬૦૮	૪૬,૮૧૫	૨૮,૧૩૨ =	૨,૬૬,૯૪૪
સુરત	૨,૫૫,૧૫૩	૧,૬૩,૮૩૦	૧,૬૩,૫૩૯	૧૩,૪૪૭	૧,૧૯,૮૭૪	૮૬,૯૩૬ =	૮,૦૨,૭૭૯
પંચમહાલ	૩,૩૪,૨૭૫	૧,૮૦,૧૮૪	૧,૭૫,૭૪૬	૩,૩૮૨	૧,૧૬,૬૨૮	૯૯,૭૮૧ =	૯,૦૯,૯૯૬
વડોદરા	૧,૬૮,૮૩૫	૫૦,૨૫૦	૪૧,૪૮૨	૨,૧૮૫	૯૩,૪૮૪	૫૪,૩૧૦ =	૪,૧૦,૫૪૬
મહેસાણા	૧,૮૫,૭૦૬	૧,૦૫,૩૦૫	૭૧,૬૩૮	૯,૯૮૨	૧,૯૫,૧૫૩	૧,૨૧,૩૮૭ =	૬,૮૯,૧૭૧
બનાસકાંઠા	૧,૬૦,૧૯૮	૧,૧૯,૫૧૮	૧,૦૯,૦૬૦	૫,૪૭૩	૮૮,૨૩૦	૬૩,૦૭૭ =	૫,૪૫,૫૫૬
સાબરકાંઠા	૧,૦૩,૩૩૨	૨,૬૬,૪૯૪	૨૧,૯૫૦	૩,૫૭૯	૫૧,૮૬૬	૧,૨૩,૨૨૦ =	૫,૭૦,૪૪૧
અમરેલી	૩૮,૨૨૨	૨૪,૨૪૧	૨૫,૯૯૯	૭,૮૨૨	૨૪,૦૪૫	૧૧,૫૯૮ =	૧,૩૧,૯૨૭
કુલ	૧૬,૨૭,૫૩૯	૧૦,૬૬,૫૩૮	૭,૪૧,૪૫૩	૫૨,૩૪૧	૧૦,૨૫,૮૩૯	૮,૦૧,૫૫૫ =	૫૩,૧૫,૨૬૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

ગૌશાળાની તપાસ અંગે પ્રશ્નાવલી

(અ) ગોશાળા સંબંધી.

૧. નામ અને ટૂંક ઇતિહાસ.

૨. સંસ્થાની સ્થાપના.

૩. સંસ્થા સાર્વજનિક છે કે વ્યક્તિગત?

૪. સંસ્થાનું બંધારણ કેવું છે?

૫. સંસ્થાની સંચાલન સમિતિ છે?

૬. હોય તો તેમાં કોણ કોણ છે?

(આ) ઢોર સંબંધી.

૧. ઢોર કેટલાં?

૨. સાંઢ કઈ જાતના અને કેટલા?

૩. કઈ જાતનાં ઢોર છે?

૪. વસૂકેલાં જાનવરને ક્યાં લઈ જાઓ છો?

૫. દૂધ દેતી ગાયો કેટલી?

(ઇ) ઓલાદ સુધારણા.

૧. એક ગાય આખા વર્ષમાં સરાસરી કેટલું દૂધ આપે છે?

૨. વિયાયેલી ગાયોમાં ૧ ગાયનું આખા વર્ષનું સરાસરી દૂધ કેટલું?

૩. બે વેતર વચ્ચે કેટલા દિવસનું અંતર રહે છે?

૪. એક વેતરમાં વધારેમાં વધારે દૂધ કેટલું?

૫. પહેલા વિયાણ વખતે સરાસરી ઉંમર.

(ઈ) રોગ અને સંરક્ષણ.

૧. તંદુરસ્ત ઢોર કેટલાં?

૨. ઢોરને વધુ બીમારી કઈ થાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. ઢોરને ચેપી રોગની રસી મુકાવી છે?
મુકાવી હોય તો શાની શાની?
૪. જનવરોનો ટી. બી. ટેસ્ટ કરાવાયો છે?
કઈ સાલમાં અને પરિણામ.
૫. સંસ્થામાં "કેટલ ડીપ" છે?
૬. ઢોરને નંબર પડાય છે?
૭. વાછડાને ખસી કઈ પદ્ધતિએ કરાય છે?
૮. પશુચિકિત્સાની શી વ્યવસ્થા છે?
૯. સંસ્થાનું પોતાનું દવાખાનું છે કે ઢોરને બીજે લઈ જવાં પડે છે?

(ઉ) દૂધનું ઉત્પાદન અને નિકાલ.
૧. રોજ દૂધ કેટલું થાય છે?
૨. દોહવાનો સમય કયો છે?
૩. દૂધ વેચી દેવાય છે કે મલાઈ ઉતારાય છે?
૪. મલાઈમાંથી ઘી બનાવાય છે કે માખણ?
૫. દૂધ વેચાણની વાર્ષિક ઊપજ.
૬. ઘી ,, ,, ,,
૭. દૂધ ઘીનો સ્થાનિક અને બહારનો ભાવ કેટલો?
૮. ઘી કરવું પરવડે છે?

(ઊ) ખાણ બાબત.
૧. ખાણની વાર્ષિક વપરાશ કેટલી?
૨. રોજની વપરાશ કેટલી?
૩. દૂધ દેતા ઢોરને કેટલું ખાણ અપાય છે?
૪. વસૂકેલા ,, ,, ,, ,, ?

(એ) ખાતર.
૧. છાણ મૂતરનું ખાતર થાય છે કે કેમ?
૨. થતું હોય તો કેટલું અને વાર્ષિક ઊપજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. મૂતરનો કેવી રીતે ઉપયોગ થાય છે?
૪. નોકરો છાણાં થાપે છે?

(ઐ) જમીન અને ઘાસચારો.

૧. ઘાસચારાની વાર્ષિક વપરાશ.
૨. સાયલેજ બનાવાય છે કે કેમ?
૩. ગૌશાળા પાસે જમીન કેટલી?
૪. ખેડાણ જમીન કેટલી અને તેમાં શું વવાય છે?
૫. ગૌચર કેટલાં વીઘાંનું?
૬. ખેતી માટે બળદ કેટલા?
૭. ગાયોને કયું કયું ઘાસ ખવડાવાય છે?
૮. કયું ઘાસ સારું પડે?
૯. ગાય દીઠ ઘાસની કેટલી જમીન છે?
૧૦. સામાન્ય રીતે કેટલી જોઈએ?
૧૧. લીલું ખડ ખવડાવવા માટે ઉગાડાય છે કે કેમ?
૧૨. ઉગાડાતું હોય તો કેટલાં વીઘાંમાં?
૧૩. પાણીની શી સગવડ છે?

(ઓ) મરેલાં ઢોર બાબત.

૧. ઢોરનું મરણપ્રમાણ કેટલું?
૨. મરેલા ઢોરની શી વ્યવસ્થા છે?
૩. મૃતદેહમાંથી સંસ્થા કંઈ ઉત્પન્ન લે છે?
૪. ઉત્પન્ન થતું હોય તો તેના આંકડા.

(ઔ) સંસ્થાની આર્થિક સ્થિતિ.

૧. સંસ્થાનું ભંડોળ કેટલું?
૨. સંસ્થાની સ્થાવર જંગમ મિલકત કેટલી?
૩. વાર્ષિક આવક કેટલી અને ક્યાં ક્યાંથી?
૪. વાર્ષિક ખર્ચ કેટલો?
૫. આવક ખર્ચના દશ વર્ષના આંકડા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. સંસ્થાને કાર્યકરો કેટલા રોકવા પડ્યા છે?
૭. તેમનું પગારનું સામાન્ય ધોરણ.
૮. પરચૂરણ નોકરો કેટલા અને કઈ કોમના?
૯. તેમનું પગારનું ધોરણ શું?
૧૦. તેમને મળતી બીજી રાહતો.

(અં) ગૌશાળાના મકાન સંબંધી.

૧. ગાયોને બાંધવાનું મકાન પાકું કે કાચું?
૨. મકાનનું છાપરું શાનું?
૩. ગમાણની કેવી વ્યવસ્થા છે?
૪. ગૌશાળાની સફાઈ કેવી?
૫. દૂધ દોહવાની પદ્ધતિ ને તેમાં વપરાતાં સાધનો.
૬. સફાઈ રાખવા પાણીની શી વ્યવસ્થા છે?
૭. મૂતર ભેગું કરવા ચણેલી કૂંડી છે?

(અ:) મુશ્કેલીઓ – ભવિષ્ય – યોજના – વિશેષતા.

તપાસ કર્યા. તા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગમાં લીધેલાં પુસ્તકોની યાદી

પુસ્તકનું નામ	ગ્રંથકર્તા અગર પ્રકાશક
૧. The cow in India. Vol. I & II	Satish Chandra Das Gupta.
૨. Cattle Development in the Utter Pradesh.	R. L. Kaura. D. V. M., M. R. C. V. S. Director of Animal Husbandary (U.P.).
૩. संतुलित गोपालन	राणी चन्द्रावती, पीलीभीत (U. P.)
૪. A Brief Survey of Some Important Breeds of Cattle in India.	Indian Agri. Research Council, New Delhi.
૫. The Role of Livestock in the Economy of India.	All India Cattle Show Society
૬. Definition and Characteristics of Seven Breeds of Cattle of All-India Importance.	The Indian Council of Agri – Research Bulletin No. 27.
૭. A Village Enquiry Regarding Cattle and the Production of Milk in Seven Breeding Tracts of India.	The Indian Council of Agri. - Research New Delhi.
૮. The Feeding of Farm Animals of India.	P. E. Lander.
૯. Report on the Development of the Cattle and Dairy Industries of India.	Norman C. Wright. M. A., D. Sc., Ph. D. (Director, Hannah Dairy Research Institute, Ayrshire, Scotland.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. The Care of Farm Animals.	F. Fraser Darling (Ox. Uni. Pre.).
૧૧. Livestock Raising in the U. S. S. R.	Y. Liskun.
૧૨. गो-अंक (कल्याण).	गीता प्रेस-गोरखपुर (U. P.).
૧૩. ગોપાલન	વડોદરા રાજ્ય ખેતીવાડી ખાતું.
૧૪. ઢોરઉછેર અને પશુરોગનિવારણ સંબંધી સાદી સૂચના.	વડોદરા રાજ્ય પશુરોગ નિવારણ અને સંવર્ધન શાળા.
૧૫. ગોસેવા	ગાંધીજી.
૧૬. ખેડૂતપોથી	શ્રી. વિ. કોઠારી અને ન. શેઠ.
૧૭. ઢોરનાં દર્દો, તેના સુલભ ઉપાયો તથા ઘાસચારો અને ખાણખોરાકી	શ્રી. નટુભાઈ સોલંકી.
૧૮. ઢોરના રોગ	શ્રી. મહાશંકર છગનલાલ જોષી.
૧૯. મુંબઈ ઇલાકામાં ઢોરની ઉછેર, તેનાં ઘારાધોરણ અને પ્રગતિ	શ્રી. ઈ. જે. બુઈન.
૨૦. મુંબઈ ઇલાકાની ઢોરની જાતો. પત્રિકા નં. ૯-૧૦	ખેતીવાડી ખાતું મુંબઈ.
૨૧. सायलेज–અર્થાત્ જમીનમેં गाडकर उभाया हुआ चारा.	गोसेवा संघ, गोपुरी, वर्धा.
૨૨. સર્વાંગી ગાય.	,, ,, ,,
૨૩. કૃષિગોવિદ્યાભવનના ૧૯૪૧ થી ૧૯૪૭ સુધીના રિપોર્ટ્સ.	કૃષિગોવિદ્યાભવન આણંદ.
૨૪. गाय ही क्यों?	पं. हरदेव सहाय.
૨૫. गाय या भैंस.	,, ,, ,,
૨૬. The Bombay Milk Plan.	Government of Bombay, Civil Supplies Department.
૨૭. The Pictured Encyclopedia.	John Hamilton.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મહાદેવભાઈ સ્મારકમાળાનાં બીજાં પ્રકાશનો

ગાંધીજી—એક અધ્યયન

શાંતિલાલ મગનલાલ દેસાઈ

ગાંધીજીના જીવનનાં વિવિધ પાસાંઓની તલસ્પર્શી છણાવટ કરતો મહાનિબંધ. શ્રી મગનભાઈ દેસાઈની પ્રસ્તાવના સાથે.

કિં. રૂ. ૪–૦–૦ ટપાલરવાનગી ૦–૧૨–૦

મજૂર કલ્યાણ પ્રવૃત્તિ

હીરાલાલ ભગવાનદાસ જરીવાલા

માલિકો, મજૂર સંઘો અને સરકાર તરફથી મજૂરોની ઉન્નતિ માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની આ નિબંધમાં તપાસ કરવામાં આવી છે. (છપાય છે)

બીજાં પ્રકાશનો

સત્યાગ્રહની મીમાંસા

(સુધારેલી વધારેલી બીજી આવૃત્તિ)

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

સત્યાગ્રહના મૂળ સિદ્ધાંતની સમજ, સમાજવાદ, સામ્યવાદ વગેરે બીજા સામાજિક સિદ્ધાંતોની દૃષ્ટિએ તેનું પરીક્ષણ, તેની પાછળ રહેલી સામાજિક ફિલસૂફી વગેરે બાબતોની શાસ્ત્રીય રીતે ચર્ચા કરતું પુસ્તક. શ્રી કાકાસાહેબ કાલેલકરની પ્રસ્તાવના સાથે.

કિં. રૂ. ૩–૦–૦ ટપાલરવાનગી ૦–૧૧–૦

ગ્રામવિદ્યાપીઠ

આર્થર ઈ. મૉર્ગન

અનુ૦ ગોપાળદાસ પટેલ અને મુકુલભાઈ કલાથી

આમાંથી આપણા રાષ્ટ્રમાં ગ્રામવિદ્યાપીઠની કેટલી આવશ્યકતા છે, તે કેમ યોજી શકાય, તે વિષે મહત્ત્વનાં સૂચનો અને માર્ગદર્શન મળશે. શ્રી નાનાભાઈ ભટ્ટની પ્રસ્તાવના સાથે.

કિં. રૂ. ૧–૧૨–૦ ટપાલરવાનગી ૦–૫–૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય,

અમદાવાદ–૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar